
ભાગ ૨



# સમાધિ શતક

આચાર્ય યશોવિજયસૂરિ

આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ - ૬૨

# સમાધિ શતક

ભાગ-૨

આચાર્ય યશોવિજયસૂરિ

• સૌજન્ય •

ગુરુભક્તો તરફથી...

**સમાધિ શતક (ભાગ-૨)**

**મૂલ્ય : ૮૦-૦૦ રૂ.**

**પ્રથમ આવૃત્તિ : જૂન, ૨૦૧૨**

**પ્રાપ્તિસ્થાન**


- **સેવંતીલાલ એ. મહેતા**
  ૪-ડી, સિદ્ધગિરિ એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ, સુરત
  ફોન : ૨૬૬૭૫૧૧ (મો.) ૯૮૨૪૧ ૫૨૭૨૭
  E-mail : omkarsuri@rediffmail.com
  mehta_sevantilal@yahoo.co.in

- **સરસ્વતી પુસ્તક ભંડાર**
  હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

- **ધીરૂભાઈ વડેચા**
  ૧૦૧, શ્રી ભુવન, પહેલે માળે, ૨૮૯, એસ.વી.પી. રોડ, મુંબઈ-૦૪
  ફોન : ૨૩૮૭૬૩૧૫ (મો.) ૯૩૨૩૧ ૭૬૩૧૫

- **આચાર્યશ્રી ૐકારસૂરિ આરાધના ભવન**
  વાવ પંથક વાડી, દશાપોરવાડ સોસાયટી,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
  સુરેશભાઈ કે. મહેતા ફોન : ૨૬૫૮૦૦૫૩ (મો.) ૯૪૨૯૩ ૫૫૯૫૩

- **વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ**
  હાઈવે, ભીલડીયાજી (બ.કાં.)-ગુજરાત
  ફોન : ૨૭૪૪-૨૩૩૧૨૯


મુદ્રક : **કિરીટ ગ્રાફિક્સ**
૪૧૬, વૃંદાવન શોપીંગ સેન્ટર, પાનકોરનાકા, અમદાવાદ-૧ (મો.) ૯૮૯૮૪૯૦૦૯૧

## તારક છાયા

**શ્રી વડોદરા શમારોડ મંડન પરમ તારક**
**શ્રી આદિનાથ ભગવાન**
**શ્રી સીમંધરસ્વામી ભગવાન**

## દિવ્ય આશિષ

પૂજ્યપાદ, વચનસિદ્ધ યુગપુરુષ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, નિઃસ્પૃહ શિરોમણિ
મુનિપ્રવરશ્રી **વિનયવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, ભક્તિયોગાચાર્ય, સંયમૈકદષ્ટિ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **ભદ્રસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, વિદ્વદ્વર્ય મુનિપ્રવર શ્રી **જનકવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, સંયમૈકનિષ્ઠ મુનિપ્રવરશ્રી **હ્રીંકારવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, તપસ્વિરત્ન મુનિપ્રવરશ્રી **વિલાસવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, શાસનધુરીણ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **ૐકારસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, વર્ધમાનતપોનિધિ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **ભદ્રંકરસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ, આગમપ્રજ્ઞ શ્રુતસ્થવિર
પ્રવર્તક મુનિપ્રવરશ્રી **જંબૂવિજયજી** મહારાજા
પૂજ્યપાદ, આરાધનારત મુનિરાજશ્રી **જિનચન્દ્રવિજયજી** મહારાજા સાહેબ

## આશિષ

પૂજ્યપાદ, પ્રશાન્તમૂર્તિ આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **અરવિન્દસૂરીશ્વરજી** મહારાજા
પૂ. સાધ્વીજી **કલ્પલતાશ્રીજી** મહારાજ (માતુશ્રી મહારાજ)

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ નં. |
| --- | --- | --- |
| ૨૧ | ભીતર ઝળાંહળાં | ૨ |
| ૨૨ | આત્માનુભૂતિ : શબ્દોને પેલે પાર | ૧૧ |
| ૨૩ | ‘સો હિ આનંદઘન પિછાણે…’ | ૧૮ |
| ૨૪ | ‘ગૂંગે કેરી સરકરા…’ | ૨૫ |
| ૨૫ | ઉપયોગિતાવાદ અને અનુકૂલતાવાદ | ૩૨ |
| ૨૬ | અન્તરાત્મ દશાનાં સ્તરો | ૩૮ |
| ૨૭ | ઈલિકા-ભ્રમરી ન્યાય | ૪૫ |
| ૨૮ | ‘આસનસું મત ડોલ!’ | ૫૧ |
| ૨૯ | પરમ રસ અને અપરમ રસ | ૫૯ |
| ૩૦ | ભાવના : મોક્ષપથની દીવી | ૬૬ |
| ૩૧ | ભેદજ્ઞાનનો અભ્યાસ | ૭૨ |
| ૩૨ | અકંપન, સહિષ્ણુતા, અભય | ૮૦ |
| ૩૩ | પ્રભુનો સ્પર્શ | ૮૬ |
| ૩૪ | પર્યાયોની રાસલીલા | ૯૩ |
| ૩૫ | મોક્ષ : તમારું તમારામાં હોવું તે | ૧૦૦ |
| ૩૬ | અનુભૂતિની સુગન્ધ | ૧૦૬ |
| ૩૭ | ચિદાનન્દનો દિવ્ય અનુભવ | ૧૧૨ |
| ૩૮ | મોક્ષ : અકુંઠિત ભક્તિ | ૧૧૭ |
| ૩૯ | રેતનાં આ ઘર ! | ૧૨૨ |
| ૪૦ | ‘મા’ને જે ગમે તે… | ૧૨૭ |
| ૪૧ | અદ્‌ભુત રસાસ્વાદ | ૧૩૨ |
| ૪૨ | હું કોણ છું ? | ૧૩૮ |
| ૪૩ | ‘કહન સુનનકો કછુ નહિ, પ્યારે ! | ૧૪૪ |
| ૪૪ | નિર્વિકલ્પ અનુભવ | ૧૫૧ |
| ૪૫ | પ્રશંસાના વર્તુળની બહાર | ૧૫૫ |
| ૪૬ | ‘આપ હિ આપ બુઝાય’ | ૧૬૨ |
| ૪૭ | સિદ્ધિ ભણી ઝૂકતી સાધના | ૧૭૦ |


● ● ●

## ૨૧
## આધાર સૂત્ર

*ફિરે અબોધે કંઠગતં[1],*
*ચામીકરકે ન્યાય;*
*જ્ઞાન-પ્રકાશે મુગતિ તુજ,*
*સહજ સિદ્ધ[2] નિરુપાય...(૨૧)*

'કાખમાં છોકરું ને ઘેર ઘેર ગોતે'ના ન્યાયે પોતાના જ કંઠમાં સોનાનો હાર હોય અને માણસ બીજે શોધતો ફરે. પણ ખ્યાલ આવે ત્યારે...?

એ જ રીતે, અજ્ઞાની પુરુષ દેહાદિ પર વસ્તુમાં આત્મતત્ત્વ શોધે છે; પરંતુ જ્ઞાનયોગ વડે તેને પોતાનામાં આત્મસ્વરૂપ ભાસે છે. ને ત્યારે તે ત્યાં સ્થિર થાય છે.

(ચામીકર = સોનું)

૧. કંઠગતિ, B - F  ૨. સુદ્ધિ, C  સિદ્ધિ, D

# ૨૧

## ભીતર ઝળાંહળાં

મુલ્લાજી રાત્રે સૂતા છે. ચોર ઘરમાં પેઠો. ખાંખાંખોળા કરે. ખડભડાટથી મુલ્લાજી જાગી ગયા. ચોરને કહે : કંઈક મળે તો મને કહેજો. પછી ઉમેર્યું : દિવસે આ ઘરમાંથી મને કંઈ મળતું નથી, રાત્રે તમને શું મળશે ?

અને, આને સામે છેડેની એક ઘટના : સંન્યાસીના આશ્રમમાં ચોર આવ્યો. કશું જ નથી; જે ચોરી શકાય. સંન્યાસી જાગી ગયા. ચોરને નિરાશા સાથે બહાર જતો જોઈને તેમણે વિચાર્યું : કેવો સરસ મઝાનો ચન્દ્ર ઊગ્યો છે. કાશ ! હું આ ચાંદો એને ભેટ આપી શકતો હોત તો ! કેવું સારું હતું ?

આત્મધન જેની પાસે છે, તેને બાહ્ય પદાર્થોની ભરમાર ગમતી નથી. આનન્દનું ઝરણું તો પોતાની ભીતરથી સ્વતઃસ્ફૂર્ત રીતે ઝરી રહ્યું છે. પદાર્થો શું કરી શકે ? પદાર્થો એ ઝરણાના પ્રવેશ દ્વાર પાસે માટીના કણ જેવા બની શકે; જે ઝરણાના પ્રવેશને રોકે. આ કણોને ઝડપથી હટાવી લેવા જોઈએ.

ત્યાગનો ને વૈરાગ્યનો અગ્નિ, અસારતાના બોધનો અગ્નિ તીવ્રતયા જળી ઊઠવો જોઈએ. ધૂપસળીની જ્યોત નહિ, ભડકો જોઈશે.

'હૃદય-પ્રદીપ ષટ્ત્રિંશિકા' ભીતર જવાના માર્ગને ચીંધતાં સમ્યક્ વિરક્તિની વાત કરે છે. પ્રબળ વૈરાગ્ય. ધધકતો વૈરાગ્ય.(૧)

એ વૈરાગ્ય બહિર્ભાવની અનાસ્થા ભણી વળશે.

વિરક્તિનો અર્થ વિશેષ અનુરક્તિ - પરમાત્મા પરની - એવો પણ થશે. સાંડિલ્ય ઋષિ ભક્તિની વ્યાખ્યા કરતાં કહે છે : 'सा पराऽनुरक्तिरीश्वरे...' પરમાત્મા પરની પરમ અનુરક્તિ તે છે ભક્તિ.

• • •

વૈરાગ્યનો અગ્નિ...

---

(१) सम्यग्विरक्तिर्ननु यस्य चित्ते, सम्यग्-गुरुर्यस्य च तत्त्ववेत्ता । सदाऽनुभूत्या दृढनिश्चयो यस्तस्यैव सिद्धि-र्नहि चापरस्य ॥

રાગનો કચરો એમાં બળી જાય.

જંગલમાં એક ઝૂંપડી. એક ફકીર ત્યાં રહે. રોજ અગરબત્તી સળગાવી પ્રભુને પ્રાર્થના કરે. 'શમ્મા જલા કે દિલ મેં, તેરા ઈન્તજાર હૈ.' ભીતર ધૂપસળી જલાવીને તારી પ્રતીક્ષા કરું છું, પ્રભુ !.

પ્રાર્થના સરસ હતી. પણ રોજની આ પ્રાર્થના માત્ર શબ્દરૂપ બની ગઈ હતી. શરૂઆતમાં પ્રભુની પ્રતીક્ષા તીવ્રરૂપે થઈ પણ હશે. પણ હવે... ?

એકવાર એક મસ્ત ફકીર ત્યાં ફરતાં ફરતાં આવ્યા. ફકીરની ઝૂંપડી પાસે એક વૃક્ષ નીચે તેમણે ડેરા નાખ્યા. બે-ચાર દિવસ તેમણે ફકીરની પ્રાર્થના સાંભળી. પ્રાર્થના સરસ, પણ એને અનુરૂપ આગળનાં કોઈ ચરણો નહિ.

ફકીરે મસ્ત ફકીરને કહ્યું : બાબાજી, બે શબ્દ મને પણ આપો. તમે મોટા જોગંદર છો. મસ્ત ફકીર કંઈ બોલ્યા નહિ. બીજી સવારે ફકીરે પ્રાર્થના શરૂ કરી : 'શમ્મા જલા કે દિલ મેં, તેરા ઈન્તજાર હૈ...' મસ્ત ફકીરે બાજુની ધૂણીમાંથી સળગતું લાકડું ઉઠાવ્યું અને કહ્યું : હવે પ્રાર્થનાના શબ્દો બદલ ! હવે કહે કે, 'શોલા (ભડકો) જલા કે દિલ મેં, તેરા ઈન્તજાર હૈ...' ભડકો જોઈશે વૈરાગ્યાગ્નિનો. તે વિના પ્રભુ ક્યાંથી મળશે ?

• • •

તીવ્રતા જોઈશે સાધનાની, ભક્તિની... થોડી થોડી નહિ, ખૂબ સાધના. બાકી, થોડી સાધના, થોડી ભક્તિ અને ઘણો બહિર્ભાવ. શું થશે એનાથી ? ઝરણું જ્યારે માટીના લોંદાથી પૂરાઈ ગયું છે ત્યારે એકાદ કણ હટાવવાથી શું થશે ?

સાધનાની તીવ્રતા : સાધનામાં આવેલ વેગ. નાનકડું અનુષ્ઠાન પણ જ્યારે તીવ્ર અહોભાવની પૃષ્ઠભૂ પર થયેલું હોય ત્યારે તે વેગવાળું બને છે.

પૌષધમાં એક રૂમાલનું પ્રતિલેખન કરતો સાધક એ ક્રિયા કરતી વખતે પ્રભુના પ્રેમમાં ડૂબી જાય છે ત્યારે એનું એ નાનકડું અનુષ્ઠાન પ્રભુપ્રેમના રંગમાં રંગાયેલું બને છે. 'મારા પ્રભુએ આ કહ્યું છે... અને એ હું કરું છું...' આ વિચારધારા એના અનુષ્ઠાનને પ્રીતિ અનુષ્ઠાનમાં બદલે છે.

અને ત્યારે સાધકનું મન પ્રભુને કહેતું હોય છે કે પ્રભુ ! આ અનુષ્ઠાનમાં ઓતપ્રોત બનેલા મારા મનને એવું રંગી દો કે એના પર બીજો રંગ ક્યારેય ન ચડે.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ : 'ફિરે અબોધે કંઠગત, ચામીકરકે ન્યાય...' ગળામાં સોનાનો હાર પહેરેલ હોય અને વિસ્મૃતિ થવાથી માણસ તેને તિજોરીમાં ફંફોસતો રહે તો શું મળે ? જે જ્યાં છે તે ત્યાં શોધાય તો જ મળે ને !

આનંદ ક્યાં છે ? તમારી ભીતર. તમે જ છો આનંદઘન. પદાર્થોમાં તમે એને શોધો તો એ ક્યાંથી મળે ? ઘટનાઓમાં તમે રતિ કે અરતિ મેળવી શકો : આનંદ ક્યાંથી મળે ?

• • •

આનંદઘનજી મહારાજના જીવનની એક પ્રસિદ્ધ ઘટના : તેઓ બેઠા છે ઉપાશ્રયમાં. અને એક રાજરાણી ત્યાં આવે છે. વીનવે છે : મારે પુત્ર જોઈએ. મને દીકરો આપો !

આનંદઘનજી. સ્થિતપ્રજ્ઞ પુરુષ. પૂજ્ય મહોપાધ્યાયજી યશોવિજય મહારાજ આનંદઘન અષ્ટપદીમાં તેમને માટે કહે છે : 'તાકો સરૂપ ભૂપ, ત્રિહું લોગથેં ન્યારો; વરસત મુખપર નૂર...' કેવા હતા એ સાધનાના શિખર પુરુષ ? 'ત્રિહું લોગથેં ન્યારો.' ત્રણે લોકથી પર. દુન્યવી કોઈ આકર્ષણ જેમને સ્પર્શી શકતું નથી એવી એ વિરલ વિભૂતિ.

અને એથી જ, રાજરાણી પ્રસન્ન થાય, અને પોતાની કીર્તિ પ્રસરે... આવી ક્ષુદ્ર લૌકિક વાર્તાનો એમના આભામંડળમાં પ્રવેશ જ શક્ય નહોતો.

એમણે એક ચિઠ્ઠીમાં લખ્યું : 'રાજરાણી કો બેટા હો તો ભી આનંદઘન કો ક્યા, ન હો તો ભી આનંદઘન કો ક્યા ?' ચિઠ્ઠી રાણીએ શ્રદ્ધાથી લીધી. માદળિયામાં રાખી.

રાજરાણીને પુત્ર થયો હોય તો એમાં એણીની શ્રદ્ધાનો ચમત્કાર માની શકાય. તીવ્ર શ્રદ્ધા. કાર્ય સાકાર.

બીજી વિભાવના આ પણ કરી શકાય : પરમ સાક્ષીભાવના સ્તર પર બેઠેલ સાધકની નાનકડી પણ ચેષ્ટા પરિણામમાં પલટાઈ શકે છે. ચિઠ્ઠી ઉછાળવાની - આપવાની ક્રિયા પરમ સાક્ષીભાવના સ્તર પરથી થયેલી. ચિઠ્ઠીમાં લખ્યું હતું તેમ રાજરાણીને પુત્ર થાય, ન થાય એની જોડે આ સાધનાના શિખર-પુરુષને કોઈ જ સંબંધ નહોતો. અને એથી એ બે-પાંચ સેકન્ડની ક્રિયા સામી બાજુ પરિણામમાં પલટાઈ.

હા, સામી બાજુ. આ બાજુ તો કોઈ સ્પૃહા જ નહોતી, પરિણામની કોઈ ઝંખના જ નહોતી...

• • •

કડી આપણી સામે છે : 'ફિરે અબોધે કંઠગત, ચામીકરકે ન્યાય...' 'કાખમાં છોકરું ને ઘેર ઘેર ગોતે' એવી ગુજરાતીમાં કહેવત છે.

આનંદ તમારી જ ભીતર છે. તમે એને ક્યાં ક્યાં શોધતા ફરો છો ? બહાર - પદાર્થોમાં કે વ્યક્તિઓમાં - જે છે જ નહિ, તે તમને ત્યાં શી રીતે મળશે ?

એક પ્રવાસી પંદરેક દિવસની પદયાત્રાએ. અધવચ્ચે એક માણસ મળ્યો. તે પ્રવાસીની સાથે થઈ ગયો. 'મારે પણ એ બાજુ જ જવું છે. ચાલો, એકથી બે ભલા...'

પ્રવાસીને પેલાની વર્તણૂક બરોબર લાગતી નથી. રસ્તામાં કોઈ વૃક્ષ નીચે પોતે સૂતેલ હોય અને પેલો પોતાનું જોખમ ઉઠાવી 'ગચ્છન્તિ' કરી જાય તો... ?

એણે એક આબાદ યુક્તિ કરી. પેલો બહાર ગયો ત્યારે તેના સામાનમાં એક જગ્યાએ પોતાનું જોખમ પ્રવાસીએ મૂકી દીધું.

હવે પ્રવાસી નિરાંતે ઊંઘી ગયો... પેલાએ પ્રવાસીનો સામાન ફંફોસ્યો. પણ કાંઈ મળ્યું નહિ. બે-ત્રણ વાર તેણે આમ કર્યું, પણ પરિણામ શૂન્ય.

છેલ્લો દિવસ પ્રવાસનો.

આજે નગર આવી જવાનું હતું.

પરોઢિયે પ્રવાસીએ જોખમ પેલાના સામાનમાંથી પોતાના સામાનમાં લઈ લીધું.

પેલાએ સવારે છેલ્લી પદયાત્રામાં ચાલતાં પૂછ્યું : તમે જોખમ બિલકુલ લીધા વગર જ નીકળ્યા લાગો છો... જેથી જંગલમાંય આરામથી સૂઈ જતા હતા.

પ્રવાસીએ નગરમાં પ્રવેશ્યા પછી તેને કહેલું : જોખમ તો ઘણું હતું, પણ એ તમારા સામાનમાં મૂકેલું. અને એથી હું નિશ્ચિન્ત હતો...

આપણી પણ આ જ વાત છે ને ! ભીતર અપૂર્વ આનંદ છે; પણ એના ભણી આપણી નજર નથી જતી. અને બહાર ફાંફાં માર્યાં કરીએ છીએ.

• • •

આનન્દ આપણું સ્વરૂપ છે. આપણે આપણા સ્વરૂપથી અળગા કેમ હોઈ શકીએ ? 'જ્ઞાન-પ્રકાશે મુગતિ તુજ, સહજ સિદ્ધ નિરુપાય.' અજ્ઞાન છે ત્યાં સુધી જ કર્મોનું બંધન, પીડાઓનો ઘેરાવો છે; જ્ઞાનનો પ્રકાશ રેલાયો કે સુખ જ સુખ... રાગ, દ્વેષ, અહંકાર શિથિલ બન્યા; આનંદ જ આનંદ. સહજ સિદ્ધ છે આ તમારું આનંદમય સ્વરૂપ. નિરુપાય છે આ આનંદમય સ્વરૂપ.

મુક્તિ - આનંદમય, જ્ઞાનમય સ્વરૂપ - ને નિરુપાય કયા સન્દર્ભમાં કહેવાય છે ? ઉપાયો કરવાના છે, સાધનાને તીવ્રતાથી કરવાની છે; છતાં નિરુપાયતા કયા સન્દર્ભમાં ?

હીરો છે ઝગમગતો. અંધારાને ઝળાંહળાં પ્રકાશમાં બદલી દેનારો. પણ એ હીરો પેટીમાં હોય તો શું થાય ? પેટી શોધવી પડે. ખોલવી પડે. હીરા પર ધૂળ લાગી હોય તો એને ઝાપટવો પડે. ઉપાય છે, પ્રયાસ છે પણ એ પેટીને ખોલવાનો છે. પેટીને મેળવવાનો છે. હીરો તો હીરો જ છે. એને ચમકાવવાનો નથી કે એને નવો બનાવવાનો નથી.

આ જ રીતે, સહજ સિદ્ધ મુક્તિ આપણી ભીતર છે. માત્ર કર્મોનાં વાદળાંએ આત્મસૂર્યના તેજ પર કવચ ચડાવેલ છે, એ કવચને દૂર કરવાનું છે. ઉપાય છે, પણ એ વાદળોને હટાવવાનો છે. સૂર્યને ચમકાવવાનો નહિ.

'જ્ઞાન-પ્રકાશે મુગતિ તુજ, સહજ સિદ્ધ નિરુપાય...'

■

## ૨૨
## આધાર સૂત્ર

*યા બિન તું સૂતો સદા,*
*યોગે ભોગે જેણ;*
*રૂપ અતીન્દ્રિય તુજ તે,*
*કહી શકે કહો કેણ ... ? (૨૨)*

જે આત્માનુભૂતિ વિના તું યોગમાં ને ભોગમાં સૂતો હતો, તે તારા અતીન્દ્રિય રૂપને કોણ કહી શકે ? આત્મ તત્ત્વને અનુભવી શકાય. કહી કેમ શકાય ?

[કેણ = કોણ]

# ૨૨

## આત્માનુભૂતિ : શબ્દોને પેલે પાર

સાધનામાર્ગમાં આવતા અવરોધોની
ચર્ચા સાધનામનીષી પૂજ્યપાદ દેવચન્દ્રજી
મહારાજે આ રીતે કહી છે :

સમાધિ શતક | ૧ ૧

'આદર્યું આચરણ લોક ઉપચારથી,
શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;
શુદ્ધ શ્રદ્ધાન વળી આત્મ અવલંબન વિણ,
તેહવો કાર્ય તેણે કો ન સીધો...'

અનુષ્ઠાનો પ્રભુએ બતાવેલાં કર્યાં; પણ તે લોકોને રીઝવવા માટે કર્યાં; શુદ્ધ શ્રદ્ધા અને આત્મગુણોનું અવલંબન ન થયું, અનુષ્ઠાન દ્વારા, તો કાર્યસિદ્ધિ ન થઈ.

શાસ્ત્રોનો અભ્યાસ કર્યો; પણ ત્યાંય શ્રદ્ધા અને આત્મગુણાવલંબન ન થયું તો એ એટલો કાર્યસાધક નહિ નીવડે.

પ્રભુનાં પ્યારાં અનુષ્ઠાનો એ જો મઝાની લંબાઈ છે, તો પ્રભુના પ્યારા શબ્દોનું, અહોભાવપૂર્વકનું, શ્રવણ કે વાંચન એ છે મઝાની પહોળાઈ; ઊંડાણ છે સ્વાનુભૂતિ.

શ્રદ્ધાપૂર્વકનું આત્મગુણાવલંબન એ છે ઊંડાણ.

લાગે કે આપણી સાધનાને લંબાઈ અને પહોળાઈ તો છે; ઊંડાણ નથી...

જોકે, ઊંડાણ અઘરું નથી એટલું, માત્ર આપણી દૃષ્ટિ એ ભણી ગઈ નથી.

ચાલો, એ દિશામાં ડગ માંડીએ.

• • •

શ્રદ્ધા : પ્રતીતિ. તમે કોઈ ગ્રન્થ વાંચતા હો ને ઝબકારો થાય કે આ તો બધું પરિચિત છે. અચ્છા, ક્યારે વાંચેલું ? કદાચ આ જન્મમાં પહેલી જ વાર આ ગ્રન્થ હાથમાં લીધો છે, પણ ગયા જન્મમાં વાંચેલો ને !

સંત કબીરજી આ પ્રતીતિની વાત સરસ શબ્દોમાં કરે છે : 'મૈં કહતા અંખિયન દેખી, તૂ કહતા કાગદ કી લેખી.'

શ્રદ્ધા. પ્રતીતિ : સ્વરૂપાનુસન્ધાનની. પ્રભુનું નિર્મળ રૂપ જોતા હો અને લાગલું જ લાગે કે આવું તો મારી ભીતર પણ છે !

• • •

આ પ્રતીતિ ધારદાર રીતે અનુભવાય છે ત્યારે સ્વગુણોનો અનુભવ થાય છે.

તમે કંઈક જાણી રહ્યા છો, પણ એ જાણવાનું રાગ, દ્વેષ કે અહંકાર તરફ તમને ન લઈ જાય તો તેને જ્ઞાન ગુણ કહેવાય. સાધકના સન્દર્ભે એ છે જ્ઞાતાભાવ.

આવી જ રીતે તમે કોઈ દૃશ્ય જોઈ રહ્યા છો. પણ ત્યાં માત્ર જોવાનું થાય છે; રાગ-દ્વેષની અનુભૂતિ નથી થતી; તો એ છે દ્રષ્ટાભાવ.

સ્વગુણાનુભૂતિ સ્વરૂપાનુભૂતિમાં ફેરવાય છે.

તમે છો અમલ, અખંડ, અલિપ્ત.

• • •

મઝાનાં અનુષ્ઠાનો તે સાધનાની લંબાઈ. પ્રભુના પ્યારા શબ્દોનું શ્રવણ, વાંચન તે પહોળાઈ. અનુભૂતિ છે ઊંડાઈ.

યાદ આવે સાધકશ્રેષ્ઠ ઋષભદાસજી. સાધનાના આનંદની કેફિયત આપતાં તેમણે કહેલું : એક ખમાસમણ આપું છું અને એટલો તો આનંદ ભીતર છલકાય છે કે નાનકડું હૃદયનું તન્ત્ર એ આનંદને ઝીલી શકશે કે કેમ એની વિમાસણ થાય છે.

અનુષ્ઠાનો કરતાં અને પ્રભુના પ્યારા શબ્દોને સાંભળતાં કે વાંચતાં હૃદયમાં જે સ્પન્દનો સ્પન્દિત થાય છે અને આંખોમાં જે ઝળઝળિયાં આવે છે, તે અનુભૂતિ ભણી સાધકને લઈ જાય છે.

પ્રભુના પ્યારા શબ્દો છે : તું તારી ભીતર જા ! તારી ભીતર આનંદનો નિરવધિ સમંદર જે રહેલ છે, તેને તું અનુભવ... ! પ્રતિક્રમણ આદિ અનુષ્ઠાનો પણ પરથી સાધકને છુટ્ટો પાડી સ્વના જગત ભણી મૂકશે.

• • •

સ્વાનુભૂતિની મઝાની વાત પૂજ્ય ચિદાનન્દજી મહારાજે આ રીતે કહી છે :

એક બુંદ જળથી એ પ્રગટ્યા,
 શ્રુતસાગર વિસ્તારા;
ધન્ય જિન્હોંને ઉલટ ઉદધિ કો,
 એક બુંદ મેં ડારા...

ત્રિપદીરૂપ જળબિન્દુથી શ્રુતસાગર સર્જાયો; એ શ્રુતસાગરને એક બિન્દુમાં - આત્માનુભૂતિમાં - જેમણે સમાવ્યો, તે મહાપુરુષોને નમસ્કાર.

પ્રભુ ગણધર ભગવંતોને ત્રિપદી આપે છે : उप्पन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा. દ્રવ્ય દ્રવ્યરૂપે શાશ્વત છે, પર્યાયરૂપે તેની ઉત્પત્તિ અને નાશ છે. આ ત્રિપદીને પામીને ગણધર ભગવંતો શ્રુતસાગર - દ્વાદશાંગીને રચે છે.

પર્યાયોની ઉત્પત્તિ અને વિલય વચ્ચે પણ એવું એક દ્રવ્ય છે, જે શાશ્વતી જોડેના લયને ચૂકતું નથી. આ જળબિન્દુથી શ્રુતસાગર બન્યો. અને આત્માનુભૂતિવાળા સાધકે એ આખા શ્રુતસાગરનું અગસ્તિ ઋષિની પેઠે પાન

કરી લીધું ! આત્માનુભૂતિ થઈ એટલે શ્રુતસાગરનો સાર પૂરો પમાઈ ગયો ને !

• • •

આ પૃષ્ઠભૂ પર પંક્તિને ખોલીએ : 'યા બિન તું સૂતો સદા, યોગે ભોગે જેણ; રૂપ અતીન્દ્રિય તુજ તે, કહી શકે કહો કેણ...?'

જે આત્માનુભૂતિની દશા પામ્યા વગરનો મનુષ્ય ભોગદશામાં સૂતેલો તો હોય જ છે, પણ તથાકથિત સાધક યોગદશામાં પણ સૂતેલો જ છે.

એ યોગ માત્ર બહારની કસરત જેવો બની જાય. બહુ બહુ તો શરીર-સ્વાસ્થ્ય એ આપી શકે. યા તો માનસિક શાન્તિ આપી શકે. આત્મિક નિર્મલતા એ ન જ આપી શકે.

પ્રાણાયામને પણ ભીતરી શુદ્ધિ સાથે સાંકળતાં મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજે આઠ દૃષ્ટિની સજ્ઝાયમાં કહ્યું : 'બાહ્યભાવ રેચન ઈહાં જી, પૂરણ આન્તરભાવ.'

શ્વાસ બહાર કાઢીએ ત્યારે, રેચન સમયે ક્રોધને કાઢી રહ્યો છું એવો ભાવ આવે. શ્વાસ લેતી વખતે ક્ષમા ભાવને હું લઈ રહ્યો છું આવો વિચાર કરવાનો. શ્વાસને ભીતર સ્થિર કરીએ ત્યારે - આન્તર કુંભકના સમયે - એ ક્ષમાભાવને ભીતર સ્થિર કરવાનો.

કુંભકના બે પ્રકાર છે : આન્તર કુંભક અને બાહ્ય કુંભક.

આન્તર કુંભકમાં શ્વાસને ભરીને ભીતર સ્થિર કરવાનો છે. શ્વાસ એટલો જ સમય શરૂઆતમાં રોકી રાખવો; જેથી રેચન ઝડપથી ન કરવું પડે. એક લય બરોબર સચવાવો જોઈએ.

બાહ્ય કુંભક ત્યારે થાય છે, જ્યારે શ્વાસને ફેફસાંમાંથી બહાર કાઢી લીધો. નવો શ્વાસ લેતા નથી. બહાર શ્વાસ કાઢ્યા પછી, નવો શ્વાસ ન લઈએ એ વચગાળાનો સમય બાહ્ય કુંભકનો છે.

ક્રોધને રેચન વખતે બહાર કાઢ્યો... બાહ્ય કુંભક એ વાતને દૃઢ કરશે. અને એ પૃષ્ઠભૂ પર શ્વાસ લેતી વખતે ક્ષમાભાવ ભીતર લેવાશે.

● ● ●

મન્ત્રજાપ માટે આન્તર કુંભક મહત્ત્વનું લેખાય છે. શ્વાસ સમ હોવાથી ચિત્તવૃત્તિઓ સમ હોય... એ પૃષ્ઠભૂ પર મન્ત્ર જાપ ખૂબ જ ઊંડે ઊતરે છે.

● ● ●

જાપમાંથી ધ્યાનની દુનિયામાં જવાશે... આત્માનુભૂતિની દુનિયા.

'રૂપ અતીન્દ્રિય તુજ તે, કહી શકે કહો કેણ ?' કોણ તારા એ સહજ રૂપને કહી શકે ? હા, તું જેમ યોગમાર્ગમાં આગળ વધીશ, તેમ તું અનુભવી શકીશ.

■

## ૨૩
## આધાર સૂત્ર

*દેખે ભાખે ઓર કરે,*
*જ્ઞાની સબ હિ અચંભ;*
*વ્યવહારે વ્યવહારસ્યું,*
*નિશ્ચયમેં થિર થંભ ... (૨૩)*

નિશ્ચયમાં સ્થિર દૃષ્ટિવાળો જ્ઞાનિપુરુષ વ્યવહારથી જુએ છે, બોલે છે, ભોજનાદિ ક્રિયાઓ કરે છે; પરંતુ આશ્ચર્યભાવ સાથે કરે છે.

શિષ્ટાચાર વશ એ કોઈની સાથે વાર્તાલાપ કરતો હોય અને આશ્ચર્યથી જોતો હોય : શું આ હું બોલું છું ?

# ૨૩

## 'સો હિ આનંદઘન પિછાણે...'

પૂજ્યપાદ આનંદઘનજી મહારાજ જેવા યોગીવર્યનું રૂપચિત્ર આપણી પાસે નથી. પણ હા, એમનું શબ્દચિત્ર આપણી પાસે છે. અને તે પણ તેમના સમકાલીન મહોપાધ્યાયશ્રી યશોવિજય મહારાજે લીધેલું.

આનન્દઘનને કોણ ઓળખી શકે ? 'સો હિ આનંદઘન પિછાણે...' કોણ ? કોણ આનંદઘનને પિછાણી શકે ? સરસ વાત થઈ છે આનંદઘન અષ્ટપદીમાં : 'સુજસ વિલાસ જબ પ્રગટે આનંદ રસ, આનંદ અક્ષય ખજાને; ઐસી દશા જબ પ્રગટે ચિત્ત અંતર, સો હિ આનંદઘન પિછાણે...'

'સુજસ વિલાસ' શબ્દ અહીં આત્મક્રીડાના પર્યાયરૂપે આવ્યો છે. સારા યશવાળો આત્મા. તેનો વિલાસ એટલે ક્રીડા.

'આત્મક્રીડાથી, ભીતરી રમણતાને કારણે આનંદરસ પ્રગટ્યો હોય; અજસ્ર, સતત પ્રવહમાન... ત્યારે આનન્દઘનને કોઈ પિછાણી શકે.

ગાડીના કાચ પર વર્ષા બિન્દુઓ જામ્યાં હોય તો બહારનું દશ્ય કેમ દેખી શકાય ? વાઈપર ફરી રહે, કાચ સ્વચ્છ થઈ ઊઠે; દશ્ય જોઈ શકાય.

આનન્દઘનના દર્શન માટેની સજ્જતા છે આત્મરમણતા.

• • •

અને એ આનન્દઘનને જોતાં ભીતર કેવી ખલબલાટી મચે છે ! 'એરી ! આજ આનન્દ ભયો મેરે, તેરો મુખ નીરખ નીરખ; રોમ રોમ શીતલ ભયો અંગોઅંગ...' આનન્દઘનને જોતાં જ આનંદ વ્યાપી રહે છે ભીતર. ભીતરની એ આનંદશીતલતા બહાર શીતલતારૂપે સંવેદાય છે. 'શીતલ ભયો અંગોઅંગ...' મનમાંથી જ ગરમી જતી રહી - ઈચ્છાઓથી ઊઠતી - અંગોમાં ક્યાંથી હવે આવે ?

'તેરો મુખ નીરખ નીરખ...' આનન્દઘનનું મુખદર્શન અને આનન્દની અનરાધાર વર્ષા. 'આનન્દઘન ભયો અનન્ત રંગ...' આનન્દની સઘનતાના અનન્ત રંગો. આ તો ભીતરની દિવાળી જ કે !

અનન્ત રંગો... સ્વાધ્યાય કરતા હો અને હૃદય આનન્દમાં ડૂબી રહે. સ્વાધ્યાયાનન્દ. ક્રિયા કરતા હો અને આનન્દથી નાચી ઉઠાય. એક ખમાસમણ દેતાં હૈયું આનન્દથી ઉદ્વેલિત થઈ ઊઠે. ક્રિયાનન્દ. આનન્દ જ આનન્દ. વૈવિધ્ય આનન્દનું, ને તેમાં ઉમેરાય તીવ્રતા આદિને કારણે અપાર આયામો.

આવા એક આયામની વાત પૂ. દેવચન્દ્રજી મહારાજે પરમતારક શ્રી કુન્થુનાથ પ્રભુની સ્તવનામાં કહી છે :

અસ્તિત્વ સ્વભાવ જે આપણો રે,<br>
  રુચિ વૈરાગ્ય સમેત;<br>
પ્રભુ સન્મુખ વન્દન કરીને,<br>
  માંગીશ આતમ હેત...

પ્રભુની પાસે માગવું છે અસ્તિત્વ... Being. સ્વરૂપમાં હોવાપણું.

એ માટેનો માર્ગ કયો ? રુચિ-વૈરાગ્ય. વૈરાગ્ય-રુચિ એ પણ માર્ગ બનશે.

ભક્ત પ્રભુગુણના દર્શન દ્વારા સ્વગુણમાં રુચિવાળો થશે. અને એ રુચિ વૈરાગ્યમાં - પર પ્રત્યેની અનાસ્થામાં પરિણમશે.

તો એક વર્તુળ ચાલશે : રુચિ-વૈરાગ્ય, રુચિ-વૈરાગ્ય, રુચિ-વૈરાગ્ય... સામાન્ય રુચિ - સ્વગુણો પ્રત્યેની - સામાન્ય એવી પરની અનાસ્થા તરફ સાધકને દોરી જશે... એ ભૂમિકા પર રુચિ થોડી બળુકી બનશે. અને વૈરાગ્ય પણ... ફરી એ ભૂમિકા પર રુચિ ખૂબ તીવ્ર બનશે. અને વૈરાગ્ય પણ.

સાધક માટેનો ક્રમ થશે : વૈરાગ્ય - રુચિ, વૈરાગ્ય - રુચિ, વૈરાગ્ય - રુચિ... ત્યાગના સંસ્કારને કારણે વિરાગ જન્મશે, જે પરની અનાસ્થામાં પરિણમશે. એનાથી સ્વગુણો પરની રુચિ પનપશે... ફરી એ ભૂમિકા પર વૈરાગ્ય દૃઢ બનશે. એથી રુચિની દૃઢતા... આવો ક્રમ ચાલશે.

• • •

મહોપાધ્યાય યશોવિજયજી પૂજ્યપાદ આનન્દઘનજી મહારાજને મળવા માટે ચાલ્યા : કંઈ કેટલીય ગૂથ્થી હતી સાધનામાર્ગની; અનુભૂતિવાન મહાપુરુષના સમાગમ વિના એ શી રીતે સૂલઝે ?

ઉપાધ્યાયજી ચાલ્યા. ને સામેથી પૂ. આનન્દઘનજી જાણે કે એમને મળવા ન આવતા હોય તેમ સામે આવે. પણ કેવા આનન્દઘન ? ‘મારગ ચલત ચલત ગાત, આનન્દઘન પ્યારે... રહત આનન્દ ભરપૂર...’ આનન્દઘનજીનું આ પ્રથમ દર્શન જ કેવું તો અભિભૂત કરી દે તેવું હતું ! માર્ગમાં ચાલવાનું પણ ચાલુ હતું અને ભીતરનું ગાન પણ ચાલુ હતું. ને ભીતરના એ ગાનનું બહાર આવેલું સ્વરૂપ હતું દિવ્ય પ્રસન્નતા... મુખ પરની એક અજબ કાન્તિ. જોતાં જ લાગે કે ‘ત્રિહું લોગથેં ન્યારો’ આ શિખર-પુરુષ છે. ત્રણે લોકમાં જેની જોડ ન મળી શકે તેવું વ્યક્તિત્વ.

‘તાકો સરૂપ ભૂપ, ત્રિહું લોગથેં ન્યારો, વરસત મુખપર નૂર; સુમતિ સખીકે સંગ, નિતનિત દોરત, કબહું ન હોતહી દૂર...’ સુમતિ એટલે શુદ્ધ જ્ઞાન. અનુભવ દશા. આનંદઘનજી ચાલતા હોય અને લાગ્યા કરે કે એક અનુભવ દશા ચાલી રહી છે. સાક્ષાત્ અનુભૂતિ ચાલી રહી છે. વ્યક્તિબોધનો ભાવ નથી ઉપસતો એ ક્ષણે. માત્ર અનુભૂતિ બોધનો ભાવ ઝલકે છે.

મહોપાધ્યાયજી શું કહે હવે ? ધન્ય બની ગયા આ પ્રથમ દર્શને જ તેઓ. 'જસવિજય કહે સુનો હો આનંદઘન ! હમ તુમ મિલે હજૂર...' હજૂર શબ્દ અહીં નિકટતાનો, એકાકારતાનો ભાવ લઈને આવે છે.

• • •

યશોવિજયજી મળ્યા આનંદઘનજીને. નિશ્ચયમાં / પોતાના અતલ ઊંડાણમાં મસ્ત આનંદઘનજીને. વ્યવહારમાં, લોકોની તરફ ખૂલતા પોતાના બાહ્ય જીવનમાં વ્યવહારને પૂરો ન્યાય આપતા આનન્દઘનજીને.

પણ નિશ્ચયમાં સ્થિર થયેલા આવા સાધક પુરુષનો વ્યવહાર પણ અભ્યાસ કરવા જેવો હોય છે. 'દેખે ભાખે ઓર કરે, જ્ઞાની સબ હિ અચંભ; વ્યવહારે વ્યવહારસ્યું, નિશ્ચયમેં થિર થંભ...' તેમનું જોવાનું, તેમનું બોલવાનું, શારીરિક ક્રિયાઓ - ભોજન આદિ કરવાનું આપણને - સામાન્ય દર્શકને આભા બનાવે તેવું હોય છે. તેઓ કંઈક જોતા પણ હોય, કંઈક કરતા પણ હોય, કોઈની સામે બોલતા પણ હોય; પણ આ બધી ક્રિયાઓને સમાન્તર બોધ દશા પણ ચાલ્યા કરતી હોય છે.

મેં એક સાધકને જોયેલ. ભીતરમાં ડૂબેલ... કો'કે કહ્યું કે લોકો તમારા દર્શને આવે ત્યારે શિષ્ટાચાર પૂરતી વાતચીત - થોડી પણ - તમારે કરવી જોઈએ. મૌનની દશામાં સ્થિત એ મહાપુરુષ કહેતા : અચ્છા, આવું હોય ! લોકોની જોડે આ રીતે બોલવું પડે ? 'હા.' 'તો ચાલો, થોડુંક બોલી દઈશું.' બોલે પણ ખરા તેઓ.

• • •

આજના યુગમાં એવા પરમહંસો છે, જેમનો શરીરબોધ ચુકાયેલો હોય. કો'ક ભક્ત દિવસમાં આઠ વાર જમવાનું આપે તો તેઓ જમી લે. અને એક અઠવાડિયા સુધી કોઈ ભોજન ન આપે તો તેમને જમવાનું યાદ ન આવે.

હું એક ગામમાં ગયેલો. જ્યાં એક બાઈ દુકાનોના ઓટલા પર પડી રહેતી. એક પાત્રમાં માત્ર હોટેલોવાળા આપે તે ચા લેતી. બીજું કંઈ જ તેને અપાય તે લેતી નહિ. માત્ર ચા. લોકો એને પાગલ સમજતા.

પાછળથી, એક પહોંચેલા સંતે કહેલું કે તે પરમહંસ કક્ષાની સાધિકા હતી.

■

## ૨૪

## આધાર સૂત્ર

*જગ જાણે ઉન્મત્ત ઓ,*
*ઓ જાણે જગ અંધઃ*
*જ્ઞાનીકું જગમેં રહ્યો,*
*યું નહિ કોઈ સંબંધ... (૨૪)*

જગતને જ્ઞાનિપુરુષ ઉન્મત્ત/પાગલ લાગે છે. જ્ઞાનીને જગત દૃષ્ટિહીન લાગે છે. આ રીતે જ્ઞાનીનો જગત સાથે કોઈ સંબંધ નથી.

[ઓ = આ]
[યું = આ રીતે]

# ૨૪

‘ગૂંગે કેરી
સરકરા...’

પૂજ્ય આનન્દઘનજી જેવા સાધનાના શિખરપુરુષોનો સમાગમ શું કરે એવું પૂછવા કરતાં એમ પૂછવું જોઈએ કે એ શું ન કરે ?

મઝાના શબ્દો છે આનન્દઘન અષ્ટપદીના : 'આનંદઘનકે સંગ સુજસ હિ મિલે જબ, તબ આનંદ સમ ભયો સુજસ...' બોલો, શું બાકી રહ્યું ? યશોવિજય હવે યશોવિજય ન રહ્યા. આનન્દઘન બની ગયા. (અને, 'સમાધિશતક' ગ્રન્થ દ્વારા યશોવિજયજીને પામીને આપણે હવે કેવા હોઈશું ?)

કેવું અદ્વૈત આનન્દઘનજી ને યશોવિજયજીનું ? 'ખીર નીર જો મિલ રહે આનંદ જસ, સુમતિ સખીકે સંગ ભયો હૈ એકરસ.'

બહુ જ મઝાની ઘટના તરફ આ ઈશારો છે. આનંદઘનજીને મળ્યા પહેલાં મહોપાધ્યાય યશોવિજયજી યશોવિજયજી હતા : વિદ્વાન, નિર્ભીક, હાજર જવાબી.

આનંદઘનજીને મળ્યા પછી ? પોતાના નિર્મળ ચિત્તમાં આનન્દઘનજીને યશોવિજયજીએ એવા પ્રતિબિમ્બિત કર્યા છે કે બેઉ સામસામે બેઠા છે, પણ દર્શકને ખબર ન પડે કે આમાં યશોવિજયજી કોણ અને આનંદઘન કોણ ?

આ એકરસતા હતી અનુભવ દશાની. સુમતિની. આનન્દઘનજીની અનુભવ દશાને યશોવિજયજીએ ઝીલી લીધી. 'શુદ્ધ સમજણ સમતારસ ઝીલત, આનંદઘન ભયો...'

• • •

આ તો મહોપાધ્યાયજી માટેનો ટૂંકો માર્ગ હતો આનન્દઘન બનવાનો. આપણા માટે કયો માર્ગ હોઈ શકે ? 'આનન્દઘન અષ્ટપદી'માં એ માટે ઈશારો થયો છે : 'સહજ સંતોષ આનન્દ ગુણ પ્રગટત, સબ દુવિધા મિટ જાવે; 'જસ' કહે સો હિ આનન્દઘન પાવત, અંતર જ્યોત જગાવે...'

સહજ સન્તોષ. આન્તરિક પરિતોષ. ભીતરી તૃપ્તિની, આનન્દ પ્રાપ્તિ દ્વારા થયેલ તૃપ્તિની એક લહેર ઊપડે અને જે અનિર્વચનીય સુખ મળે... જેમાં બધી દુવિધાઓ ડૂબી ગઈ હોય.

નારદ ઋષિ યાદ આવે : 'अनिर्वचनीयं प्रेमस्वरुपम् । मूकास्वादनवत् । કહે છે પ્રભુપ્રેમમાં ડૂબેલા એ મહર્ષિ : પ્રભુના પ્રેમમાં ઓતપ્રોત થયેલી ક્ષણોને તમે માણી શકો. કહી શી રીતે શકો ? એ અનુભૂતિને અભિવ્યક્તિની દુનિયામાં લાવી શકાય તેમ નથી. મઝાનું ઉદાહરણ એ વાતને સમર્પિત કરતાં તેઓ આપે છે : मूकास्वादनवत्. કબીરજીને ટાંકીએ તો, 'ગૂંગે કેરી સરકરા.' મૂંગો માણસ સાકર ખાય; તમે એને પૂછો કે સાકર કેવી લાગી ? તો એ શું કહેશે ? ઈશારા દ્વારા, મુખના હાવભાવ દ્વારા સમજાવવાની કોશિશ એ કરશે. પરંતુ એની પાસે શબ્દો તો છે જ નહિ.

આ જ હાલત પ્રભુપ્રેમને અનુભવેલ ભક્તની છે... અનિર્વચનીય છે એ આનન્દ. શબ્દોને પેલે પારનો.

• • •

'સબ દુવિધા મિટ જાવે'... ભીતરી પરિતોષ અને બધી જ દ્વિધાઓનો અન્ત. મહામહિમ શ્રી શાન્તિનાથ પ્રભુની સ્તવનામાં મહોપાધ્યાયજી યશોવિજય મહારાજ કહે છે : 'બિસર ગઈ દુવિધા તન-મનકી, અચિરાસુત ગુનગાનમેં...'

મઝાનો પ્રશ્ન અહીં થઈ શકે : મનની દ્વિધાઓનો અન્ત તો આવે ભક્તિથી, ભક્તિ દ્વારા ઊપજેલ આનન્દથી; પણ તનની દ્વિધાઓનો અંત શી રીતે ?

તનની દુવિધાઓનું મટી જવું... આપણે એને કહીશું સાધકના ચહેરા પર ઊભરી આવેલી પ્રભુમાર્ગ પર ચાલવાની નિશ્ચયાત્મકતા, સાધનામાર્ગ પર ચાલવાનો અપ્રતીમ ઉત્સાહ.

મનનું સમર્પણ.

તનનો થનગનાટ.

ઉત્તરાધ્યયન સૂત્રમાં આ વાતને ભાવઋજુતા અને કાયઋજુતા જેવા મઝાના શબ્દોથી કહેવાઈ છે. ભાવોના આર્જવને સંબંધ છે શરીર પર ઊઠી આવતી, ચહેરા પર ઊભરી આવતી મૃદુ રેખાઓ સાથે.

એટલે જ, સામે ઊભેલ વ્યક્તિની ઋજુતાનો પડઘો એનું શરીર, અજાણપણે પણ, પાડતું હોય છે. મર્મી સાધકો એ ઋજુતાને 'વાંચી' શકે છે.

આ દુવિધાઓનું મટી જવું, ભીતરી જ્યોતિનું પ્રકટી જવું અને આનન્દઘનનું મળી જવું.

હા, તમે આનન્દઘન જ છો ને !

તમારી એ આનન્દઘનતાનું પ્રકટીકરણ હાથવહેંતમાં જ છે.

• • •

આ પૃષ્ઠભૂ પર કડી ખોલીએ : 'જગ જાણે ઉન્મત્ત ઓ, ઓ જાણે જગ અંધ; જ્ઞાનીકું જગમેં રહ્યો, યું નહિ કોઈ સંબંધ....'

બહાર જ જેની દૃષ્ટિ સ્થિર છે એવા વ્યક્તિત્વને જ્ઞાનિપુરુષ કેવા લાગે ? ઉન્મત્ત જેવા. કારણ કે જ્ઞાનિપુરુષને જેના દ્વારા જોઈ શકાય એ દૃષ્ટિ જ એની પાસે નથી ને !

ભીતરમાં ડૂબેલ એ જ્ઞાનિપુરુષ... નથી એને પોતાનાં વસ્ત્રોનું ભાન, (જોકે, 'પોતાનાં' શબ્દ અહીં ખટકે એવો છે. એવા શિખરપુરુષ માટે પોતાનું એટલે આત્મગુણો... એ સિવાયનું બધું તો પરાયાના ખાનામાં જશે.) ન દેહનું ભાન. ન બહારની દુનિયાના શિષ્ટાચારોનો ખ્યાલ...

અને, તમે આ બધાથી બેપરવા બનો નહિ, ત્યાં સુધી ભીતર ઊતરી પણ કેમ શકો ? તમારી દુન્યવી ચતુરાઈ જ તો તમારી સાધનાધારામાં અવરોધ પેદા કરે છે ને !

'જગ જાણે ઉન્મત્ત ઓ.' કોઈ ભક્તપુરુષ પ્રભુનાં દર્શન માટે વલખતો હોય, વિલપતો હોય, આક્રન્દતો હોય; સામાન્ય જનને આ વાત કઈ રીતે સમજાય ? એને તો એ પાગલ જ લાગશે.

ફૂટપટ્ટી જ ખોટી છે; પછી જે માપ નીકળશે તે ખોટું જ હોવાનું. અને એથી જ્ઞાનિપુરુષ આ ફૂટપટ્ટી પર ક્યારેય આધાર રાખતા નથી. 'ઓ જાણે જગ અંધ...'

અને એટલે –

'જ્ઞાનીકું જગમેં રહ્યો, યું નહિ કોઈ સંબંધ...'

● ● ●

પ્રભુ સાથે સંબંધ જોડાયો, દુનિયા સાથેનો સંબંધ તૂટ્યો...

આપણા માટે સૂત્ર આમ ખૂલે : દુનિયા જોડે સંબંધ તોડીએ, પ્રભુ સાથે સંબંધ બંધાશે.

સાધક સમર્થ ગુરુ પાસે ગયો. વિહ્‌વળ છે એ. પૂછે છે ગુરુને : 'એ' શી રીતે મળે ? ગુરુ કહે છે : અહીંથી - દુનિયાથી નાતો તોડી નાખ. ભીતરનો તાર સંધાઈ જશે.

આ ગીતની કડીઓ મમળાવવી ગમશે :

'રોમે રોમે હું તારો થતો જાઉં છું,
તારા પ્રેમમાં પ્રભુજી ! હું ભીંજાવું છું...

હવે પરવડે નહિ રહેવું તારાથી દૂર,
તારે રહેવાનું હૈયામાં હાજરાહજૂર,
તારા સ્મરણોમાં ખોવાતો જાઉં છું ... ૧

હવે જોડું ના જગમાં, હું નાતો કોઈથી,
મને તું વ્હાલો તું વ્હાલો, તું વ્હાલો સૌથી,
તારી નજરોથી ભીંજાતો જાઉં છું ... ૨

હવે શરણું લીધું છે તો લાજ રાખજે,
મારી ભક્તિથી ભીની તું વાત માનજે,
દાદા ! તારા થકી સોહાવું છું' ... ૩

■

## ૨૫
## આધાર સૂત્ર

*યા પરછાંહી જ્ઞાનકી,*
*વ્યવહારે જ્યું કહાઈ;*
*નિર્વિકલ્પ તુજ રૂપમેં,*
*દ્વિધાભાવ ન સુહાઈ ... (૨૫)*

વ્યવહાર નયથી એમ કહેવાય કે જ્ઞાનનું પ્રતિબિમ્બ પડે છે વિચારોરૂપે. કંઈક વાંચો, જાણો અને વિકલ્પોની હારમાળા શરૂ થાય.

નિશ્ચય નયથી જોઈએ તો આત્મા નિર્વિકલ્પ છે. તેમાં કોઈ દ્વૈત - શુભ, અશુભ આદિનું - હોતું નથી. શુદ્ધ જ અદ્વૈતરૂપે ત્યાં વિલસે છે.

[જ્યું = જેવી રીતે]

# ૨૫

## ઉપયોગિતાવાદ અને અનુકૂલતાવાદ

ચાંદની સોળે કળાએ ખીલેલી હતી. ગુરુનું ધ્યાન પૂરું થયું. ચન્દ્રનાં કિરણો બારી દ્વારા ખંડમાં રેલાઈ રહ્યાં હતાં. ચન્દ્રને તેમણે જોયો : નિર્મળ આત્મસ્વરૂપ જેવો. શાસ્ત્રની પંક્તિ 'વાદળાં વગરના શરદ ઋતુના ચન્દ્ર જેવું નિર્મળ આત્મરૂપ'નું જીવન્ત દૃષ્ટાન્ત.

ચન્દ્રને જોઈને ઘણાને ઘણું યાદ આવ્યું હશે. કો'ક ક્ષુધિતને તેમાં ગોળ રોટલો દેખાયો હશે. કવિઓને ચન્દ્રમાં છલાંગતું મૃગ દેખાયું છે. પ્રાકૃત જનોને રેંટિયો કાંતતાં માજી દેખાયાં છે.

ગુરુને ચન્દ્ર જોઈ પોતાનું નિર્મળ સ્વરૂપ યાદ આવ્યું. આવો મઝાનો અનુભવ. ગુરુને થયું : શિષ્યને આ અનુભવમાં ભાગીદાર બનાવું. ગુરુ એકલપેટા તો ન જ હોય ને !

ગુરુએ શિષ્યને જગાડ્યો. પોતાની આંગળી ચન્દ્ર તરફ ચીંધી ગુરુએ કહ્યું : જો ! શિષ્ય ગુરુદેવની આંગળીઓને જુએ છે અને કહે છે : વાહ ! કેવી સરસ આ આંગળીઓ ચમકે છે !

ગુરુ કહે છે : આંગળીને નહિ; આંગળીઓ જે દિશા તરફ તકાઈ છે, ત્યાં જો.

શિષ્ય ચન્દ્રને જોઈને રાજી થયો. 'કેવો સરસ, ખીલેલો ચાંદો !' ગુરુ સ્મિત સાથે બોલ્યા : માત્ર પ્રાકૃતિક શોભા જોવા માટે આ મધરાતે, નીરવ શાન્તિમાં, તને જગાડ્યો નથી. ચન્દ્રને જોતાં તને તારા નિર્મળ સ્વરૂપનું ભાન થાય છે ?

• • •

પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે ભીતરની આ નિર્મલતાને અસંગ દશા જોડે સાંકળી છે. 'શુદ્ધ સ્વરૂપ સનાતનો, નિર્મલ જેહ નિ:સંગ હો મિત્ત; આત્મવિભૂતે પરિણમ્યો, ન કરે તે પરસંગ હો મિત્ત...'(૧)

શુદ્ધ સ્વરૂપ નિર્મલ છે અને અસંગ છે. નિર્મલતા સાધ્ય છે, અસંગ દશા સાધન છે.

---

(૧) શ્રી અભિનન્દન જિન સ્તવન.

પરનો સંગ, વિચારોનો કે વ્યક્તિઓનો, સાધકને રાગ-દ્વેષની ધારામાં લાવી શકે છે. અને પરિણામે કર્મનો મેલ ચોંટ્યા કરે છે.

નિર્મલતા ગમી ગઈ; અસંગ દશા આવી જ જશે. વળી, બીજી વાત એ છે કે પરનો સંગ કરવાનું મન કેમ થાય છે ? તમે તમારી જાતને અધૂરી માનો છો, અને બીજાના સંગ દ્વારા એને પરિપૂર્ણ કરવાનાં ઝાવાં નાખો છો. જાણે કે પાંચ-દસ જણા કહે કે તમે બહુ જ પ્રબુદ્ધ છો, અને તમને કંઈક સારું લાગે છે. પણ, મિત્ર મારા ! આ તો અહંકારની આવેલી ભરતી છે. તમારું સ્વરૂપ તો નિશ્ચલ સમુદ્ર જેવું છે. રતિભાવની ભરતી કે અરતિભાવની ઓટ એ તમારા આત્મદ્રવ્યનું સ્વરૂપ નથી જ.

• • •

રાબિયાને ત્યાં સાધક આવ્યો. સવારના પહોરમાં પક્ષીઓના ચહચહાટના પૃષ્ઠગાન વચ્ચે જ્યારે પૂરા જંગલે સૂર્યોદયને વધાવ્યો ને કૂકડાએ છડી પોકારી ત્યારે શહેરમાં રહેનાર સાધક અવાક્ બની ગયો. તેણે કહ્યું : રાબિયા ! જુઓ તો, કેટલું સરસ આ દૃશ્ય છે !

રાબિયાએ કહ્યું : પણ, આપણી ભીતર તો આથીય વધુ સુન્દર સૂર્યનો ઉદય થઈ ગયો છે, નહિ ?

ને એ જ્ઞાનસૂર્યનો ઉદય શું કરે ? પરમપાવન દશવૈકાલિક સૂત્ર કહે છે : 'नाणमेगग्गचित्तो य ठिओ...' જ્ઞાન એકાગ્રતામાં પલટાય, અને એકાગ્રતા સ્વરૂપ-સ્થિતિમાં પરિણમે.

અહીં જ, સામાન્ય જાણકારી કરતાં જ્ઞાન જુદું પડે છે. સામાન્ય જાણકારી ગમા અને અણગમાના વિકલ્પોની હારમાળા શરૂ કરે છે. જ્ઞાન અનુપ્રેક્ષાની ધારાને લઈને પોતાની દિશા તરફ વહે છે.

આમ, એકાગ્ર શબ્દનો અર્થ કોઈ પણ એકાદ જપનું પદ કે સ્વાધ્યાયની પંક્તિ આદિમાં સ્થિર બનવું એવો થાય છે. 'એક' પદથી એકાદ પદ પકડેલું. જરા આગળ જઈએ ત્યારે 'એક' એટલે આત્મા; અને તેમાં - તેના એકાદ ગુણમાં સ્થિર થવું તે એકાગ્ર બનવું છે.

આ આત્મગુણોની સ્થિરતા આત્મસ્વરૂપની સ્થિરતામાં પલટાય છે. તમે તમારામાં હો છો. Being.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીનો સ્વાધ્યાય કરીએ : 'યા પરછાંહી જ્ઞાનકી, વ્યવહારે જ્યું કહાઈ; નિર્વિકલ્પ તુજ રૂપમેં, દ્વિધાભાવ ન સુહાઈ.'

જ્ઞાન અને તેનો વિકલ્પાત્મક પડછાયો; આ વ્યવહારુ જ્ઞાન - માહિતી જ્ઞાનની વાત છે. કંઈક જાણો અને તે પછી તે સંબંધી વિકલ્પોની હારમાળા ચાલ્યા કરે.

ક્યાંક ગયા : ગરમીનો સમય છે. માટીનો ઘડો મળ્યો પણ રીઢો છે, નવો નથી; તો... ? વિકલ્પો થશે : ગરમીમાં તો આ ઘડામાં પાણી ગરમ થઈ જશે.

આ વિકલ્પ આવ્યો કેમ ?

અનુકૂલતાવાદને કારણે. પણ જો ઉપયોગિતાવાદ જ હોય તો ? પાણી ભરવું છે. માત્ર પાત્ર જોઈએ. આપણા પૂર્વજો લાકડાના પાત્રમાં જ પાણી રાખતા હતા ને !

ઉપયોગિતાવાદ વિકલ્પનો છેદ ઉડાડે. અનુકૂલતાવાદ વિકલ્પોને જન્માવે.

ઠંડીનો સમય હોય ને ખુલ્લું મકાન મળે ત્યારે સાધક કહેશે : કંઈ વાંધો નહિ. રાત્રે આ મકાનમાં અપ્રમાદ રહેશે. ઠંડીને કારણે અધરાતે ઊંઘ ઊડી જશે, ને કાયોત્સર્ગધ્યાનમાં બેસી જઈશું.

• • •

એટલે, જાણકારી બે જાતની થઈ : એક જાણકારીમાં વિકલ્પોનો પડછાયો પડે છે; બીજી જાણકારીમાં તેવો પડછાયો નથી પડતો.

ગમો, અણગમો આદિ છે ત્યાં વિકલ્પો ચાલુ રહેશે. ગમા, અણગમાને પાર ગયેલ સાધકના જ્ઞાનમાં વિકલ્પો નહિ હોય.

કેવા પ્યારા શબ્દો વહ્યા છે ! : 'નિર્વિકલ્પ તુજ રૂપમેં, દ્વિધાભાવ ન સુહાઈ...' ભાઈ ! તારું સ્વરૂપ તો નિર્વિકલ્પ છે, એમાં દ્વૈત ક્યાંથી પ્રગટશે; રતિ-અરતિ આદિનું ?

વિકલ્પો તમને ખંડિત કરે છે. ગમાનો ભાવ છલકાયો ભીતર; રતિભાવ ઊભરાયો. અણગમાનો ભાવ આવ્યો, અરતિભાવ આવ્યો. પણ, ભાઈ ! તારા સ્વરૂપમાં જ આ દ્વૈત - રતિ, અરતિ આદિનું - નથી. તું સઘળાંય દ્વન્દ્વોને પેલે પાર છે.

દ્વન્દ્વો વિકલ્પોથી થાય છે. તું છે નિર્વિકલ્પ.

■

## ૨૬

## આધાર સૂત્ર

*યું બહિરાતમ છાંડિકે,*
*અંતર-આતમ હોઈ;*
*[1]પરમાતમ મતિ ભાવીએ,*
*જિહાં વિકલ્પ ન કોઈ... (૨૬)*

આ રીતે, બહિરાત્મ દશાને છોડીને અન્તરાત્મ દશામાં સાધકે આવવું જોઈએ. જે દશામાં નિર્વિકલ્પ પરમાત્મ દશાનું ભાવન કરી શકાય.

૧. પરમાતમ ગતિ ચાહિઈ
જિહાં કલ્પનાં ન દોઈ, F

# ૨૬

## અન્તરાત્મ દશાનાં સ્તરો

બહિરાત્મ દશા શી રીતે છૂટે ? પુદ્ગલોની - પરની દુનિયામાં રહેવા છતાં, પરનો અનુભવ ન રહે એ માટે શું કરી શકાય ? અન્તરાત્મ દશાનો અલપ-ઝલપ અનુભવ : અને પરની દુનિયા છૂ !

બે વાતો વિચારવાની રહી : પરમાં કેમ જવાય છે અને અન્તરાત્મ દશાનો અનુભવ શી રીતે થાય ?

પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ પહેલી વાતને સમજાવતાં કહે છે : 'પર-પારિણામિકતા અછે, જે તુજ પુદ્ગલ-યોગ હો મિત્ત...'(૧)

પરમાં જ્યારે ચેતના પળોટાય છે, ઓતપ્રોત થાય છે, ત્યારે પુદ્ગલ-યોગ થાય છે. એટલે કે પુદ્ગલાનુભવ.

પદાર્થો જોડે સંયોગ સંબંધ હોઈ શકે. તાદાત્મ્ય સંબંધ તો આપણો સ્વગુણો સાથે જ હોય.

સંયોગ સંબંધમાં પરિણમન નથી એટલે પુદ્ગલાનુભવ નહિ થાય. વળી, સંયોગ સંબંધ પણ કોની જોડે ? શરીર સાથે વસ્ત્રનો કે શરીર સાથે ખાદ્યપદાર્થોનો. એટલે કે પુદ્ગલ પુદ્ગલનો સંયોગ કરશે ત્યારેય આત્મા તો હશે માત્ર દ્રષ્ટા.

અચ્છા, વ્યક્તિઓ જોડેનો સંબંધ સાધકનો કેવો હશે ? પ્રારંભિક સાધકનો વ્યક્તિઓ જોડેનો સંબંધ દર્પણ જેવો હશે. દર્પણ સામે સ્ફટિક મુકાયું તો એ પ્રતિબિમ્બિત થશે, લઈ લેવાય ત્યારે દર્પણ કોરું હશે. કોલસો મુકાશે ત્યારે કોલસાને એ પ્રતિબિમ્બિત કરશે, પણ એની કાળાશ દર્પણમાં લાગશે નહિ; કોલસો લેવાતાં જ દર્પણ સ્વચ્છ !

પ્રારંભિક સાધક આવો હોય છે. લોકો આવ્યા. પ્રતિબિમ્બ પડ્યું. લોકો ગયા. પ્રતિબિમ્બ ગયું. પણ અસરની કાળાશ કે પીળાશ એની ભીતર નહિ હોય.

---

(૧) શ્રી અભિનન્દન જિન સ્તવન.

ઊંચકાયેલ સાધક જાદુઈ દર્પણ જેવો છે. જેની સામે કોઈ પણ વસ્તુ મૂકો, તે વસ્તુને પ્રતિબિમ્બિત નહિ કરે.

ઊંચકાયેલ સાધકની સામે હજાર શ્રોતાઓ હોય. તે પ્રભુની વાતો એમની સમક્ષ રજૂ કરી રહ્યો હોય, શ્રોતાઓ તેની અભિવ્યક્તિ વડે કદાચ ડોલતા હોય; પણ તેના હૃદયમાં આ કોઈ જ વાત પ્રતિબિમ્બિત થતી નથી. તેના હૃદયમાં છે પ્રભુ... અને એ પ્રભુના પ્યારા શબ્દોનો સ્વાધ્યાય કરી રહ્યો છે. આ સિવાયની કોઈ વાત એની ભીતર પ્રતિબિમ્બિત થતી નથી.

• • •

આના પરથી ફલિત એ થયું કે અન્તરાત્મ દશાના અનુભવ માટે પર તરફની અસંગ દશા જરૂરી છે.

અસંગ દશા ગમી, મળી; હવે પરનો સંગ ક્યાં છે ?

અસંગ દશાનાં સાધનો છે : એકાન્ત, મૌન, પત્રાચાર (મોબાઈલ ફોન)નો અભાવ, અસાધક વ્યક્તિઓ જોડે મિલન નહિ.

આવી પરિસ્થિતિમાં લાંબો સમય રહેવાય ત્યારે ભીતર અસંગ દશા ઊપજે છે; જે આપણું સાધ્ય છે.

એ અસંગ દશા ગમી રહે છે. કારણ કે કોઈની પણ જોડે સંગ કરવો એ સ્વ-ભાવ નથી ને !

• • •

આ પૃષ્ઠભૂ પર કડી ખોલીએ : 'યું બહિરાતમ છાંડિકે, અંતર-આતમ હોઈ; પરમાતમ મતિ ભાવીએ, જિહાં વિકલ્પ ન કોઈ.' બહિરાત્મ દશા આ રીતે છૂટી જાય, અને અન્તરાત્મ દશા મળી પણ જાય... એ પછી

અન્તરાત્મ દશાના વધુ ને વધુ ઊંડાણને પામવા માટે સાધક પરમાત્મ દશાનું ભાવન કરશે; એ નિર્મળ દશાનું; જ્યાં વિકલ્પો બિલકુલ નથી.

જ્યારે આખરી ધ્યેય તરીકેની પરમાત્મ દશાનું - પોતાની નિર્મળ સ્વરૂપ દશાનું - અનુપ્રેક્ષણ, ભાવન ચાલુ થયું; અન્તરાત્મદશા સતત ઊંચકાયા કરશે.

• • •

અન્તરાત્મ દશાના પ્રારંભિક સમય ગાળામાં સાક્ષીભાવની આછી સી ઝલક મળશે. એ સમયે, આવું કંઈક હોઈ શકે : સાધકના વ્યક્તિત્વનો એક હિસ્સો, અનાદિકાલીન અભ્યાસને કારણે, બહિર્ભાવમાં જતો હશે; બીજો હિસ્સો એને જોતો હશે.

આ સ્થિતિએ, ક્રોધને કરવાનું અને જોવાનું બેઉ ચાલુ રહેશે.

સ્વામી રામ બહારથી આશ્રમે આવ્યા. ચહેરો હસું-હસું હતો. કહે : આજે તો મઝા આવી. એક વ્યક્તિએ રામને (પોતાના શરીર માટે તેઓ 'હું' શબ્દનો ઉપયોગ નહિ કરતા; ત્રીજા પુરુષ તરીકે 'રામ' શબ્દનો ઉપયોગ તેઓ કરતા.) ગાળો આપી. રામે ગાળ ખાધી. હું એ ઘટનાને જોતો હતો. એક ત્રિકોણ તેમણે ખડો કર્યો : એક ગાળને આપનાર, એક ગાળને ખાનાર; એક ગાળને જોનાર.

આપણે બે કોણ ઊભા કરીએ : ક્રોધને કરનાર અને જોનાર.

કોઈપણ વ્યક્તિ એક્શન / ક્રિયા આપે ત્યારે રિએક્શન - તેનો પ્રતિભાવ આપવાની એક આદત આપણા મનના તન્ત્રમાં છે. એ આદત પ્રમાણે, કોઈપણ વ્યક્તિ કંઈક અણગમતું કહેશે તો ક્રોધ આવી જશે. એક્શનની સામે રિએક્શન.

પણ, રિએક્શન તમે ન આપો તો... ? નાનાં બાળકો જૂનાં ટાયરો ફેરવતાં હોય છે, ગમ્મત માટે; પણ ટાયર ફરે ક્યારે ? આખું હોય ત્યારે. અર્ધું જ હોય તો... ? એ નહિ ફરે ને !

એમ, એક્શન અને રિએક્શન ભેગા થશે તો ચક્ર આખું થશે, અને એ ફરવા લાગશે. પણ એક્શન હોય અને તમે રિએક્શન ન આપો તો ?

કદાચ, ધારો કે રિએક્શન અપાઈ ગયું. મનમાં ક્રોધ આવી પણ ગયો. તમે થોડાક ઉપર ઊઠીને, મનના આ ક્રોધને જોઈ ન શકો ?

તમે તો માત્ર જોનાર જ છો ને ! વિભાવના - ક્રોધના કર્તા તમે ક્યાં છો ?

• • •

અન્તરાત્મ દશાના ઉચ્ચતમ સમયગાળામાં સાધક હોય છે સ્વપ્રતિષ્ઠિત. બીજાઓની વચ્ચે રહેવા છતાં બધાથી ન્યારા હશો તમે.

સ્વપ્રતિષ્ઠિતતા. તમારું તમારામાં હોવાપણું.

સંત કબીરજી પાસે ગામના લોકોનું પ્રતિનિધિમંડળ આવ્યું. કો'કે સંત વિષે ખોટી વાત ફેલાવેલી. લોકો સંતને ઠપકો આપવા આવેલ. સંત તો પોતામાં ડૂબેલ હતા. લોકો આવ્યા. કંઈક બોલીને ગયા. ઠીક છે, શબ્દો બધા યાદ ન રહે; પણ લોકો ક્રોધાવેશમાં હતા એ તો ખબર પડે ને ! એટલો પણ તેમને ખ્યાલ નથી.

લોકો પોતપોતાને ઘરે ગયા. પણ જૂઠનું વાજું તરત ખુલ્લું પડી ગયું. જે લોકો કબીરજીને ઠપકો આપવા આવેલા, તેમના પગ ભારે થઈ ગયા. છતાં તેઓ સંતની માફી માગવા આવ્યા. 'ગઈ કાલે અમો તમારા માટે અણછાજતું બોલી ગયેલા. તેની અમો માફી માગીએ છીએ.'

કબીરજીએ આ શબ્દો સાંભળ્યા. કહે : 'અરે, મને તો કંઈ ખબર જ નથી. અચ્છા, કાલે તમે મારે ઘરે આવેલા, નહિ ? તમે કંઈક બોલતા પણ હતા. મેં તો માનેલું કે તમે રામ-નામનું સ્મરણ કરતા હશો. અને સંત હસી પડ્યા : હું તો ખિસ્સાખાલી માણસ. મારે ત્યાં કોઈ આવે તોય શું કરવા આવે ? અહીં તો 'એ'ના નામ સિવાય કંઈ જ નથી !'

• • •

સાધકનું આ લક્ષ્યાંક છે : 'જિહાં વિકલ્પ ન કોઈ.' જ્યાં સંપૂર્ણ નિર્વિકલ્પતા છે એ પરમાત્મ દશાને - સ્વરૂપ દશાને પામવી છે. અન્તરાત્મ દશાને, એ માટે, એટલી તો ગાઢ બનાવવી છે કે વિકલ્પોની આવન-જાવન બહુ જ ઓછી થયેલી હોય.

કવિ શ્રી સુરેશ દલાલે પોતાના ધ્યાનની સ્થિતિને વર્ણવતાં કહેલું કે મોટા શહેરમાં સંચારબંધી - કર્ફ્યુ લાગેલ હોય અને ત્યારે રાજમાર્ગ પર કર્ફ્યુ-પાસવાળો કોઈ એક્કો-દુક્કો માણસ નીકળે એવી અત્યારે મારી અંદરની સ્થિતિ છે. કો'ક કો'ક વિચાર ક્યારેક ઊપસી જતો હોય છે. બાકી બધું સૂમસામ.

■

## ૨૭
## આધાર સૂત્ર

*સોમેં યા દૃઢ વાસના,*
*પરમાતમ પદ હેત;*
*ઈલિકા ભ્રમરી ધ્યાન ગતિ,*
*જિનમતિ જિનપદ દેત ... (૨૭)*

તે પરમાત્મ દશાની દૃઢ ભાવના / વાસના જ પરમાત્મપદને અપાવનાર બને છે. જે રીતે ઈયળ ભમરીના ધ્યાનમાં રહી ભમરી બને છે, તેમ સાધક પ્રભુનાં ધ્યાનમાં રહી પ્રભુ બને છે.

[સોમેં = તેમાં]

# ૨૭

## ઈલિકા-ભ્રમરી ન્યાય

ઈલિકા-ભ્રમરી ન્યાય બહુ જ પ્રસિદ્ધ કિંવદન્તીની આસપાસ ગૂંથાયેલ ન્યાય છે. કિંવદન્તી - દન્તકથા એવી છે કે ઈયળ ભ્રમરીનું ધ્યાન કરતાં કરતાં મરીને ભ્રમરી બને છે. આ જ રીતે ભક્ત ભગવાનનું ધ્યાન કરતાં ભગવાન બની જાય છે.

કિંવદન્તી... જેને અંગ્રેજીમાં Myth (મિથ) કહેવાય છે, તે પ્રાચીન સભ્યતાનું એક અનોખું અંગ છે. તત્ત્વજ્ઞ નિત્સેએ કહ્યું છે કે મિથ્સ પુરાણકથાઓ વિનાનો સમાજ એ મૂળિયાં-વિહોણો સમાજ છે.

રહસ્યના ધુમ્મસમાં વીંટળાયેલી પુરાણકથા / પરંપરામાં ચાલી આવતી માન્યતા એવી તો મોહક લાગતી હોય છે !

● ● ●

ઈલિકાભ્રમરી ન્યાયનો પરંપરિત અર્થ પણ મઝાનો છે, બીજો પણ એક અર્થ સૂઝે છે. પરંપરિત અર્થનો ઈશારો ઉપર જોયો. પરંપરિત અર્થના રહસ્યને વૈજ્ઞાનિકોએ આ રીતે ખોલ્યું છે : ભ્રમરી ઈંડાં મૂકવા માટે ઈયળને પોતાના ઘરમાં લઈ આવે છે. તેના મૃત દેહ પર ઈંડાં મૂકી પોતે બહાર નીકળે છે.ઈંડાં મોટાં થાય છે અને માટીના ઘરમાં રખાયેલ છિદ્રો વાટે બહાર નીકળે છે. ઈયળને માટીના ઘરમાં જોઈ હોય. બીજું કંઈ જ ત્યાં હોય નહિ, અને ભમરાં બહાર આવે ત્યારે, ઈયળ જ ભ્રમર બનેલ આવી દંતકથા પ્રચલિત બની.

● ● ●

ઈલિકા-ભ્રમરી ન્યાય.

સાધનાની બે ગતિઓ વર્ણવાઈ છે : પિપીલિકા ગતિ, વિહંગમ ગતિ. પિપીલિકા એટલે કીડી. શરૂઆતમાં, કીડીની જેમ સાધના ધીરે ધીરે ચાલે. પછી વિહંગમ / પક્ષીની ગતિએ સાધના માર્ગ પર ઝડપથી દોડાય, ઉડાય તે વિહંગમ ગતિ.

ઈલિકા (ઇયળ) ગતિવાળો સાધક પોતાની સાધનાને ભ્રમર જેવી ઝડપી બનાવે તે ઈલિકા-ભ્રમરી ન્યાય આવો ઈશારો અહીં મળી શકે.

સાધનામાં પ્રાપ્ત થતા વેગની વાત પૂ. આનન્દઘનજી મહારાજે પરમ તારક શ્રી ધર્મનાથ પ્રભુના સ્તવનમાં કહી : 'દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ...' સાધનાના માર્ગે મનની દોડે - મનના વેગથી દોડવાનું છે.

વેગ શું કરી શકે ?

બંદૂકની ગોળી કોઈના હાથમાં હોય અને એ ભીંતને અડાડે તો ભીંતનું પ્લાસ્ટર પણ ન ખરે, પણ એ જ ગોળીને બંદૂકમાં ભરીને ફેંકવામાં આવે તો... ? તો એ ભીંતની આરપાર નીકળી જાય.

• • •

મનના વેગે સાધના-માર્ગે દોડવું એટલે શું ?

વેગ એટલે તન્મયતા.

તમે જે સમયે જે સાધના કરતા હો, તે વખતે તેમાં પૂરેપૂરા ડૂબી જાવ. તમારો પૂરેપૂરો ઉપયોગ એ ક્રિયામાં અનુસન્ધિત થવો જોઈએ.

આ તન્મયતા આવે છે રસવૃત્તિથી. વિભાવોની દુનિયામાં જ્યારે જવાય છે ત્યારે ખ્યાલ છે કે એમાં કેટલી તન્મયતા આવી જાય છે. એની પાછળનું કારણ તેમાં રહેલી રસવૃત્તિ છે.

તો, રસવૃત્તિને પલટવી રહી. રસવૃત્તિ સાધનાને પક્ષે. તન્મયતા સાધનામાં આવશે જ.

• • •

ઈલિકાભ્રમરી ન્યાય.

ઈયળને તમે ચાલતાં જોઈ હશે. શરીરના આગળના ભાગને પા-અર્ધો ઈંચ આગળ સરકાવી, સ્થિર કરી, પાછળના ભાગને તે આગળ સરકાવે છે. ફરી આગળના સ્થાન પર સ્થિરતા, પાછળના ભાગને આગળ લાવી દેવો.

પ્રારંભિક સાધકની સાધના આ રીતની હશે. જે ગુણસ્થાનનો અભ્યાસ ચાલી રહ્યો છે; - ક્ષમાનો યા આસક્તિવિજયનો - તેમાં સહેજ આગળ વધી, ત્યાં સ્થિરતા પ્રાપ્ત કરી લે. ફરી સહેજ આગળ વધે.

ભ્રમર-ગતિ સાવ જુદી પડી જશે. ભમરો જેમ ઝડપથી ઊડી શકે તેમ સાધક તે તે ગુણો પ્રતિ ઊડી શકશે / દોડી શકશે. ભ્રમર અલગ અલગ ફૂલો પર રસ ચૂસવા અહીંથી તહીં દોડે છે; આ પ્રતીક અહીં કેવું હૂબહૂ બેસી શકે. ચાર-પાંચ ગુણોનો અભ્યાસ ચાલુ છે, હમણાં એને દોહરાવવો છે.

સ્વાધ્યાય ચાલુ હશે અને જ્ઞાનરસ પીવાતો હશે. દહેરાસરે જવાયું; દર્શનરસની ભરમાર. ક્રિયાઓ કરતી વખતે, સામાચારીપાલન કરતી વખતે ચારિત્રાનન્દ.

સાધનાની ઈલિકાગતિ ભ્રમરગતિમાં ફેરવાય અને સ્વગુણોનો અભ્યાસ ઝડપથી થાય, તેમ સ્વસત્તા ભણી ઝડપથી જવાય. પ્રશમરતિ પ્રકરણ યાદ આવે : 'स्वगुणाभ्यासरतमतेः, परवृत्तान्तान्धमूकबधिरस्य...' સ્વગુણોના અભ્યાસમાં જેની બુદ્ધિ ઓતપ્રોત થઈ છે એવો સાધક બીજાઓની વાતો જોવા માટે અંધ, કહેવા માટે મૂંગો અને સાંભળવા માટે બહેરો હોય છે.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ :

સોમેં યા દઢ વાસના,
　　　　પરમાતમ પદ હેત;
ઈલિકા ભ્રમરી ધ્યાન ગતિ,
　　　　જિનમતિ જિનપદ દેત ...

પરમાત્મ દશાની દઢ ભાવના જ પરમાત્મ પદ અપાવે છે. ઈલિકા ભ્રમરીના ધ્યાનમાં ભ્રમરી બને છે; તેમ પ્રભુનું ધ્યાન ભક્તને જિનપદ આપે છે.

■

## ૨૮

## આધાર સૂત્ર

*ભાંરે[1] ભયપદ સો હિ હૈ,*
*જિહાં જડકો વિશ્વાસ;*
*જિંનસું[2] ઓ ડરતો ફિરે,*
*સો હિ અભયપદ તાસ ... (૨૮)*

જડ પર વિશ્વાસ તે જ ભય. અને જ્ઞાન આદિ પોતાના ગુણોથી અત્યાર સુધી પોતે જે દૂર રહેલ છે, ડરીને / ભાગીને રહેલ છે; તે ગુણોની ધારામાં જવું તે છે નિર્ભયતા.

પુદ્‌ગલાનુભવની ધારા : પ્રકંપન, ભય.
સ્વગુણની ધારા : અકંપ દશા, અભય.

[જિનસું = જેનાથી]
[સો હિ = તે જ]
[તાસ = તેનું]

૧. ભારી, B  ૨. જિહાંસૌ ઉ, B - D - F

# ૨૮

## 'આસનસું મત ડોલ !'

ન્યૂયોર્કના એક મોટા સભાગૃહમાં પ્રસિદ્ધ બૌદ્ધ ગુરુનું પ્રવચન હતું. સભાગૃહ ખીચોખીચ ભરાયેલું હતું. પ્રવચન શરૂ થયાને અર્ધો કલાક થયો હશે ને ધરતીકંપના એક-બે આંચકા આવ્યા. મિનિટ, બે મિનિટમાં સભાગૃહ ખાલી.

લોકો બહાર નીકળી ટીવી પર સમાચાર લઈ રહ્યા છે. ઉદ્‌ઘોષકે જ્યારે કહ્યું કે હવે નવા આંચકા - આફ્ટર શૉક્સ - આવવાની સંભાવના નથી, ત્યારે શ્રવણાતુર લોકો ફરી સભાગૃહમાં પ્રવેશ્યા.

ગુરુ શાન્ત ચિત્તે ત્યાં જ બેઠેલ હતા. તેઓએ સ્થાન છોડ્યું જ નહોતું. લોકો સ્થાન પર બેસી જતાં ગુરુએ પ્રવચન આગળ ધપાવ્યું. પ્રવચન પૂરું થયા પછી પત્રકારોએ ગુરુને પૂછ્યું : ભૂકંપના આંચકા આવ્યા. અમે બધા બહાર નીકળી ગયા. આપ વ્યાસપીઠ પર બેઠા જ રહ્યા. કઈ રીતે બન્યું આ ?

ગુરુએ હસતાં, હસતાં છાતી પર હાથ ફેરવતાં કહ્યું : 'અહીં ક્યાંય કંપ નહોતો...' ગુરુ અકંપ રહ્યા, કારણ કે તેઓ અભય હતા.

ભય એટલે પ્રકંપનોનું ચાલવું. અભય એટલે નિષ્પ્રકંપતા. પૂજ્ય આનન્દઘનજીએ આપેલ ભયની વ્યાખ્યા યાદ આવે : 'ભય ચંચળતા હો જે પરિણામની...'

ચંચળતા એટલે પ્રકંપન. મનગમતો પદાર્થ સામે આવે છે ત્યારે શરીર અને મન રતિનાં / ગમાનાં પ્રકંપનો છોડે છે. એથી વિરુદ્ધ. અણગમતો પદાર્થ સામે આવે ત્યારે શરીર અને મન અરતિનાં / અણગમાનાં પ્રકંપનો છોડે છે.

હકીકતમાં, અહીં સાધકની ગેરહાજરી હોય છે અને તેથી જૂના કાર્યક્રમ પ્રમાણે શરીર અને મન પ્રતિભાવ આપ્યા કરે છે.

• • •

શ્રી ગુણવન્ત શાહે લખ્યું છે કે તેમને ઈજિપ્તમાં એક સંતને મળવાનું થયું. સંતે એક સરસ સૂત્ર તેમને આપ્યું : A prayer without presence is no prayer. ઉપસ્થિતિ વિનાની પ્રાર્થના એ પ્રાર્થના નથી.

ઘણી ક્રિયાઓમાં માણસ ગેરહાજર રહેતો હોય છે. ભયનું મૂળ કારણ તેની ગેરહાજરી છે. એક સંતે કહેલું : Extreme fear means extreme absence. અત્યંત ભય બરોબર અત્યંત ગેરહાજરી.

ફલિતાર્થ એ થયો કે સાધકની સાધક તરીકેની ગેરહાજરીમાં તેનું શરીર કે મન નરી યાન્ત્રિકતાથી જે જવાબ આપે છે, તે ભય છે.

એટલે જ, ભય એટલે પ્રકંપનોની જાળ. અભય એટલે નિષ્પ્રકંપતા. જ્ઞાનસાર પ્રકરણ સરસ રીતે મુનિની અભય દશાની વાત કરે છે : 'क्व भयेन मुनेः स्थेयं, ज्ञेयं ज्ञानेन पश्यतः'... જ્ઞેયોને - પદાર્થો કે વ્યક્તિઓને - જ્ઞાન વડે જોતાં મુનિને ભય ક્યાંથી ? માત્ર ત્યાં જોવાનું છે. જાણવાનું છે.

માત્ર જોવાનું. માત્ર જાણવાનું.

પદાર્થને પદાર્થ રૂપે જોયો. સારો છે એ કે ખરાબ છે, એ ભાવ જ જો નથી તો રતિ-અરતિનાં પ્રકંપનો ક્યાંથી થવાનાં ?

પણ ઘડા પ્રત્યે મૂર્ચ્છા, આકર્ષણ જાગ્યું તો... ? તો કોઈના હાથે ઘડો ફૂટશે ત્યારે તેની તિરાડ તમારા દિલમાં હશે.

બર્ટ્રાન્ડ રસેલે કહ્યું છે : The less I have, the more I am. શ્રી

કાકા કાલેલકરે આનો અનુવાદ આ રીતે કર્યો : મારી મત્તા ઓછી, તેમ મારી સત્તા વધું.

• • •

પ્રસિદ્ધ હાસ્યલેખક શ્રી જ્યોતીન્દ્ર દવેનો સન્માન સમારોહ : ભારતીય વિદ્યાભવન, મુંબઈમાં.

પોતાની પ્રશંસાનો ઉત્તર આપતાં તેમણે કહેલું : તમે મારે માથે પ્રશંસાનાં એટલાં પુષ્પો મૂક્યાં છે કે હું હકારમાં માથું હલાવીને સૂચવું કે હું આને લાયક છું, તો પણ પુષ્પો ખરી પડશે; અને નકારમાં ડોક ધુણાવીને સૂચવું કે હું આને લાયક નથી, તોય પુષ્પો ખરી પડશે. આવી સ્થિતિમાં એક જ પ્રાર્થના કરું છું : 'આસનસું મત ડોલ !'

• • •

સંત કબીરે આ વાત કહી છે : 'આસનસું મત ડોલ...' સ્થિરતા મનની, સ્થિરતા વચનની, સ્થિરતા કાયાની. ક્યાંય પ્રકંપનો નહિ. આ જ આપણી મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ.

ગુપ્તિના બે પ્રવાહો આપણે ત્યાં છે : શુભરૂપ પ્રવાહ અને શુદ્ધરૂપ પ્રવાહ. મન, વચન, કાયાને શુભમાં પ્રવર્તાવવા તે છે શુભ ગુપ્તિ. ઉન્મના બનવું, સંપૂર્ણ મૌનમાં જવું અને કાયા વડે બિલકુલ અપ્રકંપ રહેવું તે છે શુદ્ધરૂપ ગુપ્તિ.

મનોગુપ્તિના પાછળના પ્રવાહને પૂ. દેવચન્દ્રજી મહારાજે તેમની અષ્ટપ્રવચન માતાની સજ્ઝાયમાં સરસ રીતે ગૂંથેલ છે.

શુદ્ધ મનોગુપ્તિની વાત કરતાં તેમણે કહ્યું : 'પર સહાય ગુણવર્તના રે, વસ્તુધર્મ ન કહાય; સાધ્યરસી તે કિમ ગ્રહે રે, સાધુ ચિત્ત સહાય...' ગુજરાતી ભાષામાં આવેલું આ એક બહુમૂલ્ય સાધનાસૂત્ર છે.

સાધકે પોતાના ગુણોમાં જવું હોય ત્યારે (આલંબન ધ્યાનના સન્દર્ભમાં) તે પોતાના ક્ષમા આદિ ગુણોની ઊંડી અનુપ્રેક્ષા કરે છે, એ અનુપ્રેક્ષા અહોભાવમાં પરિણમે છે. અને પછી સ્વગુણપ્રવેશ સાધકને મળે છે. આ વાતના સન્દર્ભમાં તેઓશ્રી કહે છે કે પર (વિચાર)ની સહાયથી પોતાના ગુણોમાં જવું તે બરોબર ન કહેવાય. તેથી મુનિ પોતાની ભીતર જવા માટે ચિત્તની મદદ કેમ લે ?

સામાન્યતયા ક્રમ એવો છે કે પ્રભુના પ્યારા શબ્દોને ગુનગુનાવીને અને તે પર અનુપ્રેક્ષા કરીને સાધક સ્વગુણપ્રવેશ કરે; જેને આલંબનધ્યાન કહેવાય છે... પછી, આલંબનધ્યાન બહુ જ ઘૂંટાઈ જાય છે ત્યારે, સાધકને વિશેષ શબ્દો કે વિશેષ અનુપ્રેક્ષાની જરૂરત નથી રહેતી. એ બેસે છે, શબ્દાદિના આલંબન વગર જ એની ભીતરના ક્ષમાદિ ગુણોમાં એનો પ્રવેશ થઈ જાય છે. જેને અનાલંબન ધ્યાન કહેવાય છે.

• • •

શુદ્ધ વચનગુપ્તિની વાત કરતાં પૂ. દેવચન્દ્રજી મહારાજે સરસ કડી આપી :

અનુભવરસ આસ્વાદતાં, કરતાં આતમધ્યાન સલુણા;
વચન તે બાધકભાવ છે, ન વદે મુનિ અનિદાન...

આત્માનુભૂતિમાં ડૂબેલ સાધક એવો તો ભીતર ઊતરી ગયો છે કે એ ક્ષણોમાં એને શબ્દો - બોલવાની પ્રક્રિયા - અવરોધક લાગશે.

ક્યાં ભીતરી, નિર્વિચાર મૌનની દુનિયા; ક્યાં આ વૈખરીની - શબ્દાળુતાની દુનિયા ?

• • •

ગુપ્તિ એટલે અકંપદશા. અને આ જ અકંપદશાની વાત પૂ. આનંદઘન મહારાજે અભય શબ્દ દ્વારા કહી. ભય એટલે પરિણામોની ચંચળતા. અભય એટલે પરિણામોની સ્થિરતા.

આ જ વાત મહોપાધ્યાયજી આ કડીમાં ગૂંથી લાવ્યા છે : 'ભારે ભય પદ સો હિ હૈ, જિહાં જડકો વિશ્વાસ...' ભય એટલે મનમાં થતાં રતિ-અરતિનાં પ્રકંપનો. પણ એ પ્રકંપનો થાય છે કેમ ? પુદ્‍ગલસૃષ્ટિ પર વિશ્વાસ છે માટે.

રોટલી-શાક સાધકના દેહને જોઈશે. સાધક એ લેશે પણ ખરો. પણ એ રોટલી-શાક ખાવાથી સુખ મળે આવો કોઈ વિશ્વાસ એને નથી. શરીર-રૂપી પુદ્‍ગલને આહારરૂપી પુદ્‍ગલ વગર નથી ચાલતું તો આપી પણ દેવાય. પણ એ પદાર્થો પર સાધકને કોઈ વિશ્વાસ, આસ્થા નથી.

આ જ પદાર્થો જોઈએ એવું પણ નથી. રોટલીને બદલે રોટલો હોય, ખીચડી હોય; ગમે તે હોય...

પણ, મને તો આ જ વસ્તુ જોઈએ. સવારે ચા જોઈએ જ... અને એ ન મળે તો... ? શરીરમાં પણ પ્રકંપનો. મનમાં પણ અરતિભાવનાં/અણગમાનાં પ્રકંપનો.

આવું જ ઘર વગેરે માટે. પહોંચેલ સાધકને ગમેતેવું છાપરું કે વૃક્ષ હશે તોય ચાલશે. મઝાથી એ પોતાની સાધનાને આગળ ધપાવશે.

પણ, આવું જ ઘર જોઈએ એવું કન્ડિશનિંગ - અભિસંધાન થઈ ગયું તો... ? મનના એ ખ્યાલો એવા તો વિસ્તરે છે કે તેમાં નાનકડો ફ્લેટ કે નાનકડો બંગલો પણ ચાલતા નથી.

ભક્તદંપતીના સમુદ્રકિનારે આવેલ બંગલામાં ગુરુ ગયેલા.લગભગ એકસો રૂમોવાળો બંગલો. ગુરુએ એક વાર પૂછ્યું : રહેનાર તમે બે. બંગલો આવડો મોટો ! એના કરતાં, નાનો ૫-૭ રૂમનો બંગલો હોય તો... ?

ભક્તદંપતી કહે : અમે અબજોપતિ માણસો. નાના બંગલામાં કેમ રહી શકીએ ?

ગુરુએ પાછળથી કો'કને કહેલું : એમને બેઉને રહેવા તો નાનો બંગલો ચાલે; પણ એમના અહમ્‌ને રાખવા માટે મોટો બંગલો એમણે રાખેલો !

• • •

'ભારે ભય-પદ સો હિ હૈ, જિહાં જડકો વિશ્વાસ; જિનસું ઓ ડરતો ફિરે, સો હિ અભય-પદ તાસ...' જડ પર વિશ્વાસ તે ભય. અને જ્ઞાન આદિ જે સ્વગુણોથી પોતે અત્યાર સુધી ભયભીત રહ્યો હતો, તે ગુણો જ તેનું અભય માટેનું સ્થાન છે.

પુદ્‌ગલાનુભવની ધારા : પ્રકંપન.

સ્વગુણની ધારા : અપ્રકંપન.

■

## ૨૯

# આધાર સૂત્ર

*ઈન્દ્રિયવૃત્તિ નિરોધ કરી,*
*જો ખિનુ ગલિત વિભાવ;*
*દેખે અંતર-આતમા,*
*સો પરમાતમ ભાવ ... (૨૯)*

ઈન્દ્રિયવૃત્તિઓનો નિરોધ કરી જે સાધક ગલિતવિભાવ બને છે, તે પોતાની ભીતર આત્મદશાને જુએ છે... આ પરમાત્મભાવ છે.

[ખિનુ = ખરેખર]

# ૨૯

## પરમ રસ અને
## અપરમ રસ

સાધક માટે અગણિત વિશેષણો અપાયેલાં છે ગ્રન્થોમાં, પણ એમાંથી એકાદ સશક્ત વિશેષણ શોધવું હોય તો તે છે ગલિત-વિભાવ. જેના વિભાવો/બહિર્ભાવો ઝરી ગયા છે, ખરી ગયા છે તે સાધક.

આ ઝરવાના એક આયામની વાત ભગવદ્‌ગીતાએ કરી : 'रसोप्यस्य परं दृष्ट्वा निवर्तते ।' પરમરસ જોવાય/મણાય અને અપરમ રસ છૂટી જાય.

આછી સી ઝલક મળે પરમ રસની. ને બીજું બધું છૂટી જાય. ભીતરમાં રહેવાનો/ઠરવાનો દિવ્ય આનંદ મળ્યો; બહિર્ભાવ રહે ક્યાં ?

વિભાવો રહી કેમ શક્યા ? કારણ એક જ હતું (અને છે) કે ભીતરનો આનંદ નથી મળ્યો. એ ન મળે ત્યાં સુધી બહિર્ભાવનાં સાધનો બદલાયાં કરશે. બહિર્ભાવ નહિ જાય.

આખરે, વિકલ્પ (ઓપ્શન) તો મળવો જોઈએને ? એ વિકલ્પ એટલે ભીતરી રસનો આસ્વાદ.

સામાન્ય મનુષ્યની જીવનયાત્રા આપણે જોઈએ ત્યારે સમજાય કે કેવો ગોટાળો સર્જાય છે ! એ રોટલીથી થાકે તો ભાખરી પર જાય અને ભાખરીથી કંટાળે તો પરોઠા પર જાય.

ડોળીવાળો મજૂર આમ જ તો કરે છે ને ! જમણો ખભો તપી જાય એટલે ડોળીના લાકડાને તે ડાબા ખભા પર લઈ જાય. અને એ વખતે એને સુખનો આભાસ થાય. ફરી ડાબો ખભો તપે એટલે લાકડાને જમણા ખભા પર તે ફેરવે.

બંગલાથી થાકેલો માણસ જંગલમાં કે હિલસ્ટેશનની કૉટેજમાં જાય. આરામ કરીને થાકેલો માણસ હિમાલયનું આરોહણ કરવા જાય.

પ્રશમરતિ પ્રકરણમાં આ સન્દર્ભે એક સરસ કેફિયત સાધકની આવે છે. સાધકને પોતાની જન્મોની આ બદલાબદલીની રમત પર આશ્ચર્ય થાય

છે. જેમાં કંઈ રસ છે જ નહિ, એવા આ બહિર્ભાવના ખેલમાં પોતે કેટલા લાંબા સમય સુધી રમ્યો !

કેમ બન્યું આવું ?

બહિર્ભાવમાં એવું કોઈ જ આકર્ષણ નહોતું, જે બૌદ્ધિક મનુષ્યને ખેંચી શકે. માત્ર વિકલ્પ ન હોવાના કારણે પોતે એમાં રહ્યો.

હવે વિકલ્પ મળ્યો છે સ્વના આનંદનો... હવે આનંદ જ આનંદ...

• • •

તૈત્તિરિય ઉપનિષદ્ નવો આયામ આપે છે : એ કહે છે કે પરમ રસ અને અપરમ રસ જેવું કંઈ છે જ નહિ. રસ એક જ છે અને એ છે 'તે' - પરમાત્મા. નિર્મલ આત્મસ્વરૂપ. 'રસો વૈ સઃ'.

રસ એટલે 'તે'. (રસો વૈ સઃ...) અને 'તે' એટલે હું. (સોહમ્.) પરમાત્માનું જેવું નિર્મળ સ્વરૂપ છે, તેવું જ સ્વરૂપ મારું છે.

શ્વેતકેતુ ગુરુકુળમાં વર્ષો સુધી ભણી ઘરે આવ્યો. પિતા ઉદ્દાલકનાં ચરણોમાં પડ્યો. પિતાએ એને પૂછ્યું : જે એક જણાઈ જાય તો બધું જ જાણેલું સાર્થક છે. અને જે એક ન જણાય તો બધું જ જાણેલું નિરર્થક છે એવા એકને તેં જાણ્યો ?

શ્વેતકેતુ તો વ્યાકરણ, સાહિત્ય, અલંકાર, જ્યોતિષ, દર્શનશાસ્ત્ર આદિ ભણીને આવેલો. પિતા કહે છે એવું તો એણે કંઈ જાણ્યું જ નથી. એણે નમ્રતાથી પિતાજીને કહ્યું : ના, પિતાજી, એ એકનો મને કોઈ જ અનુભવ નથી. પિતાએ કહ્યું : તો, ફરીથી ગુરુકુળમાં જા. અને ગુરુ પાસેથી એ ભણી આવ.

શ્વેતકેતુ ગુરુકુળમાં આવ્યો. ઋષિને નવાઈ લાગી. હમણાં તો ઘરે ગયો છે ને, પાછો આવી ગયો ! પૂછ્યું : કેમ ?

શ્વેતકેતુ કહે : જે એકને જાણીએ તો જ બધું જાણેલું સાર્થક કહેવાય એ એકને જાણવાનું પિતાજીએ કહ્યું છે.

ઋષિ પ્રસન્ન થયા. ચાલો, આ એક તો આત્મવિદ્યાને પામવાની ઝંખનાવાળો થયો ! તેમણે કહ્યું : આશ્રમનાં ઘેટાં-બકરાંને લઈને તું આપણી આ નદીને કાંઠે, કાંઠે એના મૂળ તરફ જા. એનું મૂળ એક પર્વત છે. તું ત્યાં જા. ત્યાં ઘેટાં-બકરાંને ચરાવજે. તું પણ ફળ-ફળાદિ ખાજે. ત્યાં કોઈ માણસ તને નહિ મળે. બે-ચાર મહિના તારે ત્યાં રહેવાનું છે. જૂનું જે તું ભણેલ છે એનું પુનરાવર્તન પણ કરવાનું નથી. આ રીતે તું રહેજે. યોગ્ય સમયે તને મારી પાસે બોલાવી, તને આત્મવિદ્યાના પાઠો હું આપીશ.

છ મહિના પછી ગુરુ શ્વેતકેતુને બોલાવે છે. એ આવે છે ત્યારે પરમાત્મદશાનું વર્ણન એની આગળ કરે છે : પરમતત્ત્વ આનંદ, જ્ઞાન વગેરેથી કેવી રીતે પરિપૂર્ણ છે.

પરમતત્ત્વની વાતો કર્યા પછી ઋષિ શ્વેતકેતુને કહે છે : तत् त्वमसि श्वेतकेतो ! હે શ્વેતકેતુ ! તે પરમતત્ત્વ તે જ તું છે.

અને શ્વેતકેતુ આત્મવિદ્યાને પામી ગયો.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીનો સ્વાધ્યાય કરીએ : 'ઈન્દ્રિયવૃત્તિ નિરોધ કરી, જો ખિનુ ગલિત-વિભાવ; દેખે અંતર-આતમા, સો પરમાતમભાવ.'

ઈન્દ્રિયોની અને મનની જે બાહ્ય પદાર્થો આદિમાંથી રસ લેવાની વૃત્તિ છે, તે જ્યારે દૂર થાય છે ત્યારે સાધક ગલિતવિભાવ બને છે. હવે બહિર્ભાવમાં જવાનું થતું નથી અને જૂનાં બહિર્ભાવનાં જે વળગણો લાગ્યાં હતાં તે છૂટી ગયાં.

આ બહિર્ભાવ છૂટ્યો અને અન્તર્ભાવ મળ્યો. 'દેખે અંતર-આતમા.' હવે અંદર દેખાશે માત્ર સ્વભાવનું ખળખળ વહી રહેલું ઝરણું...

• • •

'ઈન્દ્રિયવૃત્તિ નિરોધ કરી...' ઈન્દ્રિયોને તેમની અનાદિની અભ્યસ્ત ધારામાંથી ભિન્ન ધારા પર મૂકવાની છે.

ઈન્દ્રિયો પાસે કોઈ કાર્યક્રમ નહોતો, અને તેથી એ 'પર'માં ડૂબ્યા કરતી હતી. સ્ટિલ/સ્થિર કૅમેરા. એક જ બાજુનાં દશ્ય એમાં ઝડપાયાં કરતાં હતાં. એ કૅમેરાને બીજી બાજુ ફેરવીએ તો...

કરુણ વિરોધાભાસ તો એ હતો કે જે બાજુ મઝાની ગિરિમાળા અને હર્યાભર્યાં ઉપવનો હતાં, એ બાજુને બદલે બાવળિયાનાં ઝૂંડ ભણી કૅમેરા તકાયેલો હતો. 'અધ્યાત્મ બિન્દુ' ગ્રન્થમાં સાધકે પોતાના ઉપયોગના કૅમેરાને ફેરવી ભીતરની ગુણસૃષ્ટિ જોઈ, તે ક્ષણોનું મઝાનું ચિત્ર છે. પહેલાં તો સાધક બને છે અવાક્, સ્તબ્ધ. 'શું આવું દશ્ય હોઈ શકે ? અને તેય પોતાની ભીતર !' ગહન ચુપ્પી જ્યારે શબ્દોમાં ફેરવાય છે ત્યારે આવો પ્રતિભાવ હોય છે : આનાથી ચઢિયાતું દશ્ય બીજું કયું હોઈ શકે ? જોવા જેવો તો માત્ર આ જ છે : આન્તરવૈભવ.

'દેખે અંતર-આતમા...' પોતાનું જ દર્શન પોતાના દ્વારા. અને ત્યારે, ભૂતકાળનું સ્મરણ થતાં ધીરા ભગતની પંક્તિ હોઠ પર રમી રહે : 'તરણાં ઓથે ડુંગર, ડુંગર કોઈ દેખે નહિ.' રિંઝાઈએ જ્ઞાનપ્રાપ્તિ પછી કરેલ ટિપ્પણી યાદ આવે : આ શું આટલું સરળ હતું ? હા, તરણાંની ઓથે, યુગો જૂની અવધારણા/ભ્રમણાનાં તરણાંની પાછળ અનુભવનો પર્વત અદશ્ય બનેલ !

ગલિત-વિભાવતાએ એને દેખાડી આપ્યો.

■

## 30
## આધાર સૂત્ર

*દેહાદિકથેં[1] ભિન્ન મૈં,*
*મોથેં ન્યારે તેહુ;*
*પરમાતમ-પથ દીપિકા,*
*શુદ્ધ ભાવના એહુ ... (30)*

હું દેહાદિકથી ભિન્ન છું અને તે મારાથી ભિન્ન છે; આવી શુદ્ધ ભાવના પરમાત્મ પથની દીવી છે.

[દેહાદિકથેં = દેહાદિકથી]
[મોથેં = મારાથી]
[મૈં = હું]
[તેહુ = તે]

૧. દેહાદિકતેં, D

# ૩૦

## ભાવના :
## મોક્ષપથની દીવી

એક ગુરુએ પોતાના શિષ્યને બ્રહ્મવિદ્યાના આગળના પાઠો શીખવા માટે જનક-વિદેહીને ત્યાં જવાનું કહ્યું. શિષ્યને થયું કે જનક-વિદેહી કોઈ યોગીપુરુષ હશે. જ્યારે ખબર પડી કે જનક તો સમ્રાટ છે, અને એણે જનક રાજાને જોયા ત્યારે તો એ રાજસભામાં બેસી રાજ્યકાર્યની વાતો કરતા હતા; એ નવાઈમાં ડૂબી ગયો.

'આ માણસ ! અને એ મને બ્રહ્મવિદ્યાના આગળના પાઠો આપશે !'

જનક રાજાની નજર પડી. પૂછ્યું : કેમ આવ્યા છો ? 'મારા ગુરુએ મને આપની પાસે ભણવા મોકલ્યો છે.' 'સારું. અતિથિગૃહમાં વિશ્રામ કરો. પછી હું તમને બોલાવું છું.'

પેલાને તો થયું કે આ તો 'આઈ ભરાણા' જેવું થયું ! એ દિવસ તો પૂરો થયો. બીજી સવારે એ શિષ્ય રાજમહેલની પાછળ આવેલ તળાવમાં નાહી રહ્યો છે; યોગાનુયોગ, એ સમયે રાજા જનક પણ નાહી રહ્યા છે.

અચાનક રાજમહેલના એક ભાગમાં આગ લાગી. આગ વિસ્તરવા લાગી. જનક રાજા એને માત્ર જોવા લાગ્યા. પેલા શિષ્યને થયું કે આ શું ? આનો આખો રાજમહેલ સળગી રહ્યો છે અને આ માણસ મસ્તીથી સ્નાન કરે છે.

એણે નજીક આવીને કહ્યું : 'મહારાજ ! તમારો રાજમહેલ સળગી રહ્યો છે અને તમે...' વચ્ચે જ જનક રાજાએ કહ્યું : 'મારું જે છે, તે મારી ભીતર જ છે. બહાર કશું જ નથી.'

શિષ્યને હવે ખ્યાલ આવ્યો કે જનકરાજા જનક-વિદેહી કેમ કહેવાય છે... દેહમાં રહેવા છતાં દેહાધ્યાસથી મુક્ત. દેહમાં પણ મમત્વ ન હોય, તેને મહેલમાં તો મમત્વ ક્યાંથી હોવાનું ?

શિષ્યને લાગ્યું કે તે યોગ્ય જગ્યાએ આવી ગયો છે. તેનો અભ્યાસ અહીં આગળ ચાલ્યો.

• • •

સાધક દેહથી ભિન્ન પોતાની જાતને જુએ છે. સૂક્ષ્મ હું થી પણ એ પોતાની જાતને અળગી કરી દે છે. અને એટલે જ અહંકાર તેને સ્પર્શતો નથી.

સાપેક્ષવાદને સરસ રીતે રજૂ કરનાર આઈન્સ્ટાઈન જ્યારે અમેરિકા ગયા ત્યારે તેમનું સરસ સ્વાગત થયું. વિમાની મથકથી તેમના ઉતારા સુધી, કિલોમીટરો સુધી, બધી જ ફૂટપાથો દર્શનાતુર લોકોથી ભરેલી. ગાડીમાં એમની સાથે બેઠેલા એક અધિકારીએ તેમને કહ્યું કે આવું સન્માન, મારા દેશના લોકોએ, કોઈપણ રાજપુરુષનેય ક્યારેય નથી આપ્યું.

આઈન્સ્ટાઈનનો વિનમ્ર ઉત્તર આ હતો : આ જ માર્ગ પર કોઈ જિરાફ આદિ નીકળે તો આનાથી વધુ લોકો તેને જોવા આવે !

ઈંગ્લેન્ડના તત્કાલીન વડાપ્રધાન ચર્ચિલની એક સભામાં આવેલ ચિક્કાર મેદનીને જોઈને એક મિત્રે તેમને કહ્યું : કેવો છે તમારા નામનો જાદૂ ! આટલા બધા લોકો તમને સાંભળવા આવ્યા છે.

ચર્ચિલનો જવાબ હૃદયને સ્પર્શે તેવો હતો : મિત્ર મારા ! ચર્ચિલને અહીં ફાંસીને માંચડે લટકાવવાનો હોય ને, તો આથીય વધુ મેદની એકઠી થાય ! લોકો તો કુતૂહલપ્રેમી છે જ.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ : 'દેહાદિકથેં ભિન્ન મૈં, મોથેં ન્યારે તેહુ; પરમાતમ-પથ દીપિકા, શુદ્ધ ભાવના એહુ.'

દેહ, મન આદિથી ભિન્ન હું છું, મારાથી ભિન્ન તે બધા છે; આ શુદ્ધ ભાવના પરમાત્મા બનવાના માર્ગની દીવી છે.

અંધારામાં દીવો હોય ત્યારે માર્ગ કેવી સ્પષ્ટતાથી પ્રતીત થાય ! તેમ સ્વાર્થ, અજ્ઞાન આદિના અંધકારમાં પણ આ શુદ્ધ ભાવના મોક્ષપથને સ્પષ્ટ રૂપે બતાવી આપે છે.

• • •

સંત કબીરની મઝાની ઉલટ-વાણી યાદ આવે : 'મન્દિર પેસી ચિહું દિસિ ભીંજે, બાહિર રહે તે સૂખા...' ઘરમાં પેઠો તે ભીંજાયો અને બહાર રહ્યો તે કોરો.

કયા ઘરની આ વાત છે ?

શરીર આદિના ઘરની આ વાત છે. મમત્વથી બંધાયા તો કર્મના વરસાદથી ભીંજાયા. મમત્વ નથી તો તમે કોરા...

સવાલ એ છે કે આ મમત્વને હટાવવું કેમ ? મનમાં જન્મોથી એક જે મમત્વની ગ્રન્થિ બંધાઈ ગઈ છે તેને દૂર કેમ કરવી ? કબીરજી એક કુશળ મનોવૈજ્ઞાનિકની અદાથી પ્રત્યુત્તર આપે છે : 'સિર મારે સો સદા સુખા રે, અનમારે સો દુખા.' આવા ભ્રમણાયુક્ત મનને જે ઉડાવી દે તે જ સુખી... એવા મનને ન ઉડાવી શકે તે દુઃખી.

અષ્ટાવક્ર સંહિતા યાદ આવે : 'बुद्धिपर्यन्तसंसारे, मायामात्रं विवर्तते...' બુદ્ધિથી, કલ્પનાઓથી ઊભો થયેલ આ સંસાર... એમાં માત્ર માયાનો જ વિસ્તાર હોવાનો ને !

• • •

'શુદ્ધ ભાવના એહુ.'

બુદ્ધિના આભાસી જગતની સામે શુદ્ધ ભાવનાનું મઝાનું વિશ્વ. દેહાદિકનો ભેદજ્ઞાનાભ્યાસ પલટાય છે ગુણોના અનુભવની ધારામાં...

મઝાની કડી પરમતારક શ્રી શીતલનાથજી પ્રભુની સ્તવનામાં મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજે આપી છે : 'વિષય લગન કી અગન

બૂઝાવત, તુમ ગુણ અનુભવ ધારા; ભઈ મગનતા તુમ ગુણ રસ કી, કુણ કંચન કુણ દારા...' રાગ/આસક્તિની લપેટો ભીતર લાગી. હવે શું કરવાનું ? પ્રભુની વીતરાગ દશાની અનુપ્રેક્ષા અને પ્રબળ વૈરાગ્યની અનુભૂતિ... રાગની આગને ઠંડી થયે જ છૂટકો !

એ અનુભવ-ધારામાં, ગુણાનુભવ-ધારામાં આગળ વહી જવાય છે ત્યારે કેવો તો કેફ પ્રગટે છે ! એ કેફની આગળ નથી સોનું કીમતી લાગતું. નથી કોઈ વિજાતીય રૂપ તેને આકર્ષી શકતું.

ભીતર ઊતરવાનો આ કેવો આનંદ !

■

## ૩૧
## આધાર સૂત્ર

*ક્રિયા-કષ્ટભી નહુ લહે,[1]*
*ભેદજ્ઞાનસુખવંત;*
*યા બિન બહુવિધ તપ કરે,*
*તોભી નહિ ભવઅંત ... (૩૧)*

દેહાદિકથી આત્મા ભિન્ન છે આ જ્ઞાન થતાં જ ઓછી ક્રિયાએ મોક્ષ મળી જાય છે. સામી બાજુ, ભેદજ્ઞાન ન થાય તો ઘણી તપશ્ચર્યા પણ મોક્ષ ન અપાવી શકે.

[યા = જે]
[તોભી = તો પણ]

૧. ક્રિયા કષ્ટ ભિન્ન હુ લહે, B

# ૩૧

## ભેદજ્ઞાનનો
## અભ્યાસ

શિષ્યના પ્રથમવારના કાવ્યપઠન સમયે ગેરહાજર ગુરુએ પાછળથી જાણ્યું કે બહુ મોટી માનવમેદની તેના કાવ્યપાઠને સાંભળવા ઊમટી હતી.

શિષ્ય ગુરુ પાસે આવ્યો ત્યારે ગુરુની ટિપ્પણી આટલી જ હતી : કાં તો તારાં કાવ્યોમાં ગરબડ હતી, યા તો શ્રોતાઓમાં. યા તો શ્રોતાઓ રસજ્ઞ નહોતા, યા કાવ્યમાં વધુ પડતું સરલીકરણ હતું.

ગુરુ એ સૂચવવા માગતા હતા કે શિષ્યે કાવ્ય-તત્ત્વને વફાદાર રહેવાનું હતું. જનસમૂહને ખેંચવા માટે કવિતાના મૂળ સ્વરૂપ જોડે ચેડાં કરવા એ બરોબર નહોતું.

• • •

સાધનાના સન્દર્ભમાં આ વાતને ખોલીએ તો લાગે કે સાધના-પદ્ધતિ શ્રેષ્ઠતમ મળી, પણ સાધક... ? એ કેવો છે ? ભગવદભિમુખ કે લોકાભિમુખ ?

લોકાભિમુખતાને પરમપાવન દશવૈકાલિક સૂત્રે સંસાર કહી છે. બહુ જ પ્યારું, પ્યારું ત્યાંનું સૂત્ર છે : 'अणुसोओ संसारो, पडिसोओ तस्स उत्तारो.' અનુકૂલન તે સંસાર, પ્રતિકૂલન (ઈન્દ્રિયોનું, વૃત્તિઓનું) તે સંસારને પેલે પાર જવાનો માર્ગ.

દરેક સાધકે આ સૂત્રને જીવનમંત્ર બનાવીને ચાલવું જોઈએ. એક એક પ્રવૃત્તિને, એક એક વૃત્તિને બારીકાઈથી, નિર્મમતાથી જોવી જોઈએ. અહીં જ પેલું પ્રસિદ્ધ સૂત્ર ખૂલે : 'वज्रादपि कठोराणि, मृदूनि कुसुमादपि.' સાધકનું હૃદય, આન્તર નિરીક્ષણના સન્દર્ભમાં, જોઈએ તીક્ષ્ણ, સૂક્ષ્મ. અને બીજાઓ માટે ફૂલથી પણ વધુ કોમળ હોય સાધકનું હૃદય.

પ્રવૃત્તિ / વૃત્તિને કઈ રીતે ચકાસવી ?

ધારો કે હમણાં તમે કંઈક બોલ્યા. જોવું એ જોઈએ કે એ સંભાષણ લોકોને અનુકૂળ આવે તેવું હતું કે પ્રભુ-આજ્ઞાને વરેલું એ હતું ?

• • •

લગભગ દરેક સંગોષ્ઠિઓનો અંત આવો આવતો હોય છે : દશ જણ સંગોષ્ઠિમાંથી ઊભા થાય (અને બધાએ ચર્ચામાં ભાગ લીધો હોય ત્યારે) તે સમયે દશ પૈકીના દરેકને લાગતું હોય છે કે પોતે કેવી રીતે નવને પ્રભાવિત કરી શકેલ. અને મઝાની વાત એ હોય કે એમાં દરેક વક્તા જ હોય, શ્રોતા કોઈ ન હોય; ને તેથી બીજાનું વક્તવ્ય કોઈએ સાંભળેલું ન હોય. બીજો બોલતો હોય ત્યારે એથી વધુ ધારદાર પોતે શી રીતે બોલવું એની ગડમથલ જ ભીતર ચાલતી હોય ને !

• • •

પણ, આ નવને પ્રભાવિત કરવા મથતો દશમો છે કોણ ?

પેલી મઝાની વાત આવે છે : દશ જણા નદી ઊતર્યા. નદી ઊતર્યા પછી એમાંથી એકે કહ્યું કે આ નદી દર વર્ષે એકાદ જણનો ભોગ લે છે. આપણામાંથી તો કોઈ ઓછું થયું નથી ને ? હારબંધ નવને ઊભા રાખી દશમો ગણે : એક, બે, ત્રણ... નવ, અરે, નવ જ ? તો દશમો ક્યાં ?

રડવા લાગ્યા. ત્યાં એક સજ્જન આવ્યા. રડવાનું કારણ પૂછ્યું. કારણ જાણ્યા પછી જોયું તો દશ જણ જ હતા. ગણવાની તેમની પદ્ધતિ ખોટી હતી, તે ખ્યાલ આવી ગયો... એ સજ્જને કહ્યું : મારી પાસે મન્ત્ર છે. હું તમારા દશમા સાથીને લાવી દઉં. ચાલો, તમે હારબંધ બેસી જાવ. હું મન્ત્ર ભણીને એક એકના માથા પર ટપલી મારું ત્યારે એક, બે, ત્રણ... એમ બોલવાનું. દશ થઈ ગયા. પેલાઓ ખુશ-ખુશ !

પરંતુ, આપણી ભીતર પેલો દશમો કોણ છે ? આત્મા અને દેહના ભેદજ્ઞાનના અભ્યાસ વિના માંહ્યલાને પ્રકટ ન કરી શકાય. સંગોષ્ઠિમાં નવને પ્રભાવિત કરવા મથનાર કોણ હતો ? બહિર્ભાવે સર્જેલ વ્યક્તિત્વનો એ ચહેરો હતો. આપણે મૂળસ્વરૂપ તરફ જવું જોઈએ.

ઝેન ગુરુ પાસે શિષ્ય આવે ત્યારે તેઓ એને પૂછતા હોય છે : તારો મૂળ ચહેરો કયો છે ? What's your original face ? મુખવટો નહિ, મૂળ ચહેરો. પરથી અપ્રભાવિતતા એ તમારા મૂળ ચહેરાની ઝલક કહી શકાય. પરને પ્રભાવિત કરવામાં તમને શું મળે ?

શ્રી રામકૃષ્ણ પરમહંસે વિવેકાનન્દને કહેલું : હું તને અણિમા (નાનું રૂપ કરવાની વિદ્યા) આદિ આઠ શક્તિઓ આપું. વિવેકાનન્દે પૂછ્યું : ગુરુદેવ ! આ અષ્ટસિદ્ધિ વડે પરમાત્માનું દર્શન થાય ? ગુરુ : ના. 'તો પછી શા માટે ગુરુદેવ !...' વિવેકાનન્દની આંખો સજળ બની ઊઠી. અષ્ટસિદ્ધિ પણ જો પરમાત્મસિદ્ધિ ન આપી શકે તો એનો શો મતલબ ?

એવું લાગે કે કદાચ દિશાહીનતાએ આપણને ઘેર્યા છે, તેથી આપણું જીવન-વહાણ ગમે તે દિશામાં ફર્યા કરે છે. કદાચ કુંડાળામાં જ. આ કુંડાળું : લોકાભિમુખતા. 'अणुसोओ संसारो...'

તમે બીજાને સારો કહો, એ તમને સારો કહે; ચાલ્યું ચગડોળ... અલબત્ત, ચગડોળમાં બેઠેલાને ખ્યાલ છે કે એ ક્યાંય લઈ જઈ ન શકે.

• • •

દેહથી આત્મા ભિન્ન છે. અને એક આત્મા અને બીજા આત્મામાં કેવો તો અભેદ છે ! શંકરાચાર્ય 'દ્વાદશ પંજરિકા'માં કહે છે : 'त्वयि मयि चान्यत्रैको विष्णु:, व्यर्थं कुप्यसि सर्वसहिष्णु: । सर्वत्रापि पश्यात्मानम्, सर्वत्रोत्सृज भेदज्ञानम् ।' પૂછે છે તેઓ : જેના પર તું ગુસ્સાથી લાલચોળ થઈ રહ્યો છે, તે તારું જ પ્રતિરુપ નથી ?

પરમપાવન આચારાંગ સૂત્રનો લય પણ કેવો તો હૃદયંગમ છે ! 'तुमं सि णाम तं चेव जं हंतव्वं ति मण्णसि...' તું જેને હણવાનું ઈચ્છે છે, તે કોણ છે ? તું જ તો છે !

કોઈ પણ વ્યક્તિ પર કટુતાના ભાવો જન્મે ત્યારે આચારાંગ સૂત્ર રણઝણી ઊઠશે : 'તું જ તે છે.' 'तुमं सि णाम..'

કવિ કૈસર કહે છે : 'કિસકો પથ્થર મારું 'કૈસર', કૌન પરાયા હૈ; સીસ મહલ મેં હર એક ચહેરા, અપના લગતા હૈ...'

પોતપોતાની લાગણી... ઘટનાને બિલકુલ ભિન્ન પરિમાણ મળી રહે. ઘટના એક સરખી જ હોય; પરાઈ વ્યક્તિ તરફથી મળતી એ ઘટના અણગમતી બની રહે છે; પોતીકી વ્યક્તિ તરફથી મળતું મીઠું લાગી રહે છે. તો મૂળ પ્રશ્ન ઊભો રહ્યો કે અહીં મીઠાશ કે કડવાશ ઘટનાએ આપી હતી કે ઘટના જોનારની એ દેણ હતી ?

• • •

ફરી આચારાંગ સૂત્રને સ્મરીએ : 'तुमं सि णाम तं चेव जं हंतव्वं ति मण्णसि... तुमं सि णाम तं चेव जं परितावेतव्वं ति मण्णसि...' તું જેને હણવા ઈચ્છે છે, તે તું છે. તું જેને પરિતાપ/પીડા આપવા ઈચ્છે છે, તે તું છે.

પીઠડિયાના સ્વામી નિત્યાનન્દનું નિધન થયું ત્યારે તેમના અન્તિમ ઉદ્ગારો આ હતા :

किं करोमि ? क्व गच्छामि ?

किं गृह्णामि त्यजामि किम् ? ।

आत्मना पूरितं सर्वं,

महाकल्पाम्बुना यथा ॥

શું કરું ? ક્યાં જાઉં ? શું ગ્રહણ કરું અને શું છોડું ? જ્યારે બધું જ આત્મમય હોય. જેમ યુગને અંતે વરસનાર વરસાદથી બધું જળ-બંબાકાર બની જાય છે તેમ જ્યાં જોઉં ત્યાં આત્મા જ આત્મા દેખાય છે. હું જ હું દેખાઉં છું બધે.

દેહથી હું ભિન્ન છું આવું ભેદજ્ઞાન થયું, દેહે કલ્પેલી અનેકવિધતા ગઈ એટલે આત્મસ્પર્શ - એકવિધતા આવી.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીનો સ્વાધ્યાય કરીએ :

'ક્રિયા-કષ્ટભી નહુ લહે, ભેદજ્ઞાનસુખવંત; યા બિન બહુવિધ તપ કરે, તોભી નહિ ભવઅંત...'

ભેદજ્ઞાનનું સુખ મળી ગયું તો ઘણી બધી પ્રક્રિયાઓમાંથી પસાર થવાનું મટી જશે. પ્રાથમિક પ્રક્રિયાઓ - સાધનાની - ભેદજ્ઞાનના અભ્યાસ માટે છે. એ અભ્યાસ થઈ ગયો તો પેલી પ્રક્રિયાઓમાંથી હવે પસાર થવું નથી. જેમ કે, શરીરને વધુ પડતી ઠંડી, ગરમી આદિમાંથી પસાર કરવું આ બધી

પ્રક્રિયાઓ ભેદજ્ઞાનના અભ્યાસ માટે જરૂરી છે. એ અભ્યાસ પરિપક્વ થવા લાગે તેમ આ પ્રક્રિયાઓમાંથી વારંવાર પસાર થવાનું જરૂરી નથી બનતું.

સામી બાજુ, ભેદજ્ઞાન ન મળે તો ગમે તેવાં કષ્ટો પણ સંસારના છેડા સુધી લઈ જઈ શકતા નથી.

જો કે, અહીં એક વાત નોંધવી ઘટે કે, આથી, પરિષહસહનની શાસ્ત્રકથી વાતનો છેદ નથી ઊડતો. પરિષહસહનને વ્યવહાર ચારિત્રની પ્રતિષ્ઠા આપવામાં આવી છે. નિજગુણ સ્થિરતાને નિશ્ચય ચારિત્રની.[૧]

રોગ આદિ વડે એક સાધક ટેવાયેલો છે. તો શરીરમાં ગમે ત્યારેં તાવ, શરદી કે મોટા કોઈ રોગો થશે; પણ એ રોગોની અભ્યસ્તતા હોવાને કારણે સાધનામાં વિક્ષેપ નહિ ઊભો થાય.

■

---

(૧) પરિષહ-સહનાદિક પરકારા, એ સબ હૈ વ્યવહારા હો; નિશ્ચય નિજગુણ ઠરણ ઉદારા, લહત ઉત્તમ ભવપારા હો...

— નવપદપૂજા, પં.પદ્મવિજયજી

## ૩૨

## આધારસૂત્ર

*અભિનિવેશ પુદ્ગલ વિષયં[1],*
*જ્ઞાનીકું કહાં હોત ?*
*ગુણકો ભી મદ મિટ ગયો,*
*પ્રગટત સહજ ઉદ્યોત ... (૩૨)*

જ્ઞાનીને પુદ્ગલોમાં, જડ પદાર્થોમાં અભિનિવેશ / પકડ / અહંકાર શી રીતે હોય ? ધર્મનો સહજ પ્રકાશ રેલાઈ જતાં ગુણનો પણ અહંકાર નથી હોતો.

૧. વિશે, A

# ૩૨

## અકંપન, સહિષ્ણુતા, અભય

તત્ત્વજ્ઞ કન્ફ્યુસિયસ તત્ત્વજ્ઞાની લાઓત્સેને મળવા આવ્યા. લાઓત્સે વૃદ્ધ હતા. ખુરસી પર બેઠેલા. બીજું કોઈ આસન એ ખંડમાં નહોતું. કન્ફ્યુસિયસ નીચે બેઠા. અહમ્‌ને ચોટ લાગી. લાઓત્સેએ કહ્યું : આપનું શરીર તો નીચે બેસી જ ગયું છે, હવે આપ પણ નીચે બેસો !

શરીરમાં હુંપણાની બુદ્ધિ અને પદાર્થોમાં મારાપણાની બુદ્ધિ જ્ઞાનીને નથી હોતી. શરીરને વિષે સૂક્કા પાંદડા જેવી દૃષ્ટિ હોય છે જ્ઞાનીને. ઝાડ પરથી પાંદડું ખર્યું. આમ પડ્યું તો આમ. તેમ પડ્યું તો તેમ. ને ફરીથી હવા ઉથલાવે તો આમ...

• • •

શરૂઆત થશે શરીરથી. વૈરાગ્ય માટેની શ્રેષ્ઠ પ્રયોગશાળા તો આપણું શરીર જ છે ને !

શરીર પર કામ કરવા માટે કાયોત્સર્ગ વિધિનાં કેટલાંક સૂત્રો સરસ માર્ગ ચીંધે છે : શિથિલીકરણ, સહિષ્ણુતા, અભય...

• • •

'ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ'ની પ્રતિજ્ઞામાં રત સાધક હશે અકંપ, મૌનમાં ઊતરેલો, ધ્યાનના અતલ ઊંડાણમાં સરેલો.

અકંપતા... કાયાનું શિથિલીકરણ. દેહભાવનું શિથિલીકરણ.

કાયામાંથી પ્રકંપનોનો પ્રવાહ પ્રતિક્ષણે છૂટી રહ્યો હોય છે. કંઈક સારું આવ્યું આંખોની સામે; ગમતું; ગમાનાં પ્રકંપનો ચાલુ થઈ જશે. કંઈક અણગમતું સામે આવ્યું, અણગમાનાં પ્રકંપનો વહેવા ચાલુ થઈ જશે.

જે રીતે, મનમાં રતિ અને અરતિ ભાવનાં તરંગો/પ્રકંપનો ઊછળે છે, એ જ રીતે કાયાના સ્તર પર પણ ગમા અને અણગમાનાં પ્રકંપનો વહે છે... જેમ કે, સ્વાદિષ્ટ ચીજની સોડમ નાકમાં જતાં જ લાળગ્રન્થિ સક્રિય બને છે...

કાયોત્સર્ગ આ પ્રકંપનોની દુનિયામાંથી સાધકને અકંપનની દુનિયામાં લઈ જાય છે. અકંપનતા શરીરની. શિથિલીકરણ રાગ-દ્વેષનું.

શવાસનમાં શરીરને તાણવિહોણી અવસ્થામાં મૂકી શકાય છે એ આપણને ખ્યાલ છે. કાયોત્સર્ગમાં પૂરા અસ્તિત્વને તાણવિહોણું, સ્વસ્થ બનાવી શકાય છે.

દેહ પરનું મમત્વ અહીં વિખંડિત બને છે.

સાધક આત્મદર્શી બને છે ત્યારે પરમાંથી એની ચેતના ખેંચાઈ ગયેલી હોય છે. દેહમાં કંઈ પીડા થઈ રહી હોય, પણ એનો ઉપયોગ જ ત્યાં ન હોય તો... ?

આ બહુ મઝાની વાત છે : શરીરમાં પીડા થઈ રહી છે માટે તમને પીડાનો બોધ થાય છે એવું નથી. તમારો ઉપયોગ પીડામાં જાય છે માટે તમને પીડાનો ખ્યાલ આવે છે.

તમારો ઉપયોગ તમારા આનન્દમય સ્વરૂપ ભણી ઢળેલ હોય, તો પીડા ક્યાં છે ?

• • •

જગદ્‌ગુરુ પૂજ્યપાદ હીરવિજયસૂરિ મહારાજા. સાંજે પ્રતિક્રમણ પછી એક શ્રાવક તેમનાં ચરણ દબાવે છે. ખ્યાલ ન રહ્યો અને તેમણે પહેરેલ વીંટીની ધાર પૂજ્યશ્રીની કોમળ ચામડીને લાગી ગઈ. એક ગૂમડું હતું બાજુમાં. ત્યાં વીંટીની ધાર લાગતાં ગૂમડું ફૂટી ગયું. ઘણું લોહી વહ્યું.

પૂજ્યશ્રીજી તો એવા પોતાના ઉપયોગમાં હતા કે આ ઘટનાનો એમને ખ્યાલ જ નથી. સવારે શિષ્યોએ પ્રતિલેખન માટે વસ્ત્રો જોયાં ત્યારે ખ્યાલ આવ્યો કે કેટલું બધું લોહી વહી ગયું હશે.

આત્મદર્શિતા આત્મરમણતા તરફ જ તેમને લઈ ગયેલી. દેહમાં ઉપયોગ જ નહોતો.

મૂળમાં (આચારાંગજીમાં) આત્મદર્શી માટે શબ્દ છે અનન્યદર્શી. અન્યને/પરને ન જોનાર સાધક. અગણિત જન્મોથી પરને જોતા હતા. હવે જોવું છે માત્ર પોતાનું રૂપ.

• • •

કાયોત્સર્ગનું પ્રથમ ચરણ છે અકંપન. તમે આત્મદર્શી બન્યા છો. અન્યદર્શી તમે છો નહિ. તો ઘટનાની અસર કઈ રીતે તમારા પર પડી શકે ?

• • •

કાયોત્સર્ગ દ્વારા અકંપન મળે, તેમ સહિષ્ણુતા મળે. દેહાધ્યાસ તૂટે કાયોત્સર્ગ વડે.

દેહાધ્યાસ... અધ્યાસ એટલે શું ? અવાસ્તવિકતા સુધી લંબાયેલ ખ્યાલ, તે અધ્યાસ. કલાકો સુધી કાયોત્સર્ગમાં રહેવાથી દેહ તે હું આવો અધ્યાસ / ભ્રમ તૂટે છે.

સાધક શ્રેષ્ઠ હિમ્મતભાઈ બેડાવાળાની શરીર-સહિષ્ણુતા આપણે જોયેલી છે. પૂરી રાતની રાત તેઓ ઊભા, ઊભા કાયોત્સર્ગ કરી શકતા.

• • •

અકંપન (શિથિલીકરણ) અને સહિષ્ણુતા દ્વારા મળે છે અભય. ભય જન્મે છે પરાભિમુખતાથી. સાધક સ્વાભિમુખ બન્યો છે અને પરિણામે, અભય.

• • •

શરીર તે હું આ ભ્રમ ટળે કાયોત્સર્ગ વડે. અને એ સાથે જ પદાર્થો વિષેની મારાપણાની બુદ્ધિ પણ ટળે.

આ પૃષ્ઠભૂ પર કડીને મમળાવીએ : 'અભિનિવેશ પુદ્ગલ વિષય, જ્ઞાનીકું કહાં હોત ? ગુણકો ભી મદ મિટ ગયો, પ્રગટત સહજ ઉદ્યોત...'

જ્ઞાનીને પુદ્ગલો પર / પદાર્થો પર આસ્થા (પકડ) કઈ રીતે હોય ? જે જ્ઞાનીપુરુષને પોતાની ભીતર ખીલેલા ગુણો પર પણ અહંકાર નથી હોતો, તેને પદાર્થો પર અહંકાર - મારાપણાની બુદ્ધિ શી રીતે રહેશે ?

બહુ મઝાનો સૂક્ષ્મ આયામ, સાધનાનો, અહીં પકડાયો છે. ક્ષમા ગુણ પોતાને મળે એ માટે પ્રભુને પ્રાર્થના કરી. પ્રાર્થના દ્વારા એ ગુણ મળી ગયો. હવે એ ગુણ પરની માલિકીયત કોની ? ભક્ત એ ગુણ પરની માલિકીયત પ્રભુની સ્વીકારશે અને એટલે એ ગુણ પર ભક્તને અહંકાર નહિ આવે.

સમત્વનો વિશેષ અનુભવ પોતાને શ્રીપાળરાસની રચના કરતાં થયો એ ઘટનાને મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પ્રભુના પ્રસાદ રૂપે વર્ણવી છે : 'તૂઠો તૂઠો રે મુજ સાહિબ જગતનો તૂઠો; એ શ્રીપાળનો રાસ કરતાં, જ્ઞાન અમૃત રસ વૂઠો રે...'

■

## 33

# આધાર સૂત્ર

*ધર્મક્ષમાદિક ભી મિટે,*
*પ્રગટત[1] ધર્મસંન્યાસ;*
*તો કલ્પિત ભવભાવમેં,*
*ક્યું નહિ હોત ઉદાસ ... (૩૩)*

ધર્મસંન્યાસ પ્રકટે છે ત્યારે ક્ષાયોપશમિક ભાવના ધર્મો પણ વિલીન થઈ જાય છે... તો પછી, કલ્પિત એવો સંસારભાવ, એમાં તો સાધકને આસક્તિ હોય જ ક્યાંથી ?

૧. પ્રગટૈ, B - F

# 33

## પ્રભુનો સ્પર્શ

વિદેશી તત્ત્વજ્ઞ સ્ટેન્લી જોન્સે રમણ મહર્ષિને પૂછેલું : તમે પહોંચી ગયા ?

મહર્ષિએ સામું પૂછ્યું : ક્યાં પહોંચવાનું ? કોણ પહોંચે ?

મહર્ષિનાં વચનોનાં હાર્દ સુધી જવામાં સ્ટેન્લી જોન્સને થોડો સમય લાગ્યો. મહર્ષિના કહેવાનો આશય એ

હતો કે પોતાના ઘરમાં આગમનને ક્યાંક પહોંચવાનું કેમ કહી શકાય ? હકીકતમાં તો, સાધક સ્વરૂપસ્થિતિની પહેલાં ક્યાંક પહોંચી ગયો હતો. રવાડે ચડી ગયો હતો ક્યાંક.

જોકે, સ્ટેન્લી જોન્સ પણ પ્રારંભિક સાધનાના સ્તર પર સાચા હતા. પ્રારંભિક સાધકને વિભાવાવસ્થા કોઠે પડેલી હોય છે. અને તેથી એને સ્વરૂપસ્થિતિ દૂર લાગે છે.

એ 'ઘર' કેટલે દૂર છે ? થાકી ગયેલ બાળક સતત પૂછ્યા કરશે, અને ઘણીવાર ચાલવાને કારણે અભ્યસ્ત માર્ગવાળી મા કહેશે : આ રહ્યું, બેટા ! દીવો બળે એટલું જ તો દૂર છે એ !

જ્ઞાની અને પ્રારંભિક સાધકના વાર્તાલાપમાં આ ફરક રહેવાનો જ. એકને લાગશે : તે બહુ દૂર છે. એકને લાગશે કે તે તો આ રહ્યું.

'तदु दूरे, तद्वन्तिके...'

• • •

પરમાત્મા કેટલા તો નજદીક છે એ વાત એક તત્ત્વજ્ઞે આ રીતે કરી છે : He is closer to me than myself. મારી જાત કરતાં પણ પ્રભુ મને વધુ નજદીક લાગે છે. ભક્તકવિ અખાની હૃદયસ્પર્શી પંક્તિ યાદ આવે : 'હરિને હિંડતાં લાગે હાથ...'

મહોપાધ્યાય યશોવિજય મહારાજે પંચવિંશતિકામાં કહ્યું : व्यक्त्या शिवपदस्थोऽसौ, शक्त्या जयति सर्वगः'. વ્યક્તિ રૂપે ભલે પ્રભુ સિદ્ધશિલા પર રહ્યા (અને મહાવિદેહ ક્ષેત્રમાં), શક્તિ રૂપે (આજ્ઞાશક્તિ રૂપે) પ્રભુ સર્વગામી છે.

પ્રભુનો સ્પર્શ...

કો'કે કંઈક કહ્યું. તમને ગુસ્સો આવે એવું થઈ જાય અને ત્યાં જ પ્રભુનું વચન યાદ આવી જાય તો... ? 'उवसमेण हणे कोहं...' [તું ક્ષમાથી ક્રોધનો સામનો કર...] જેવું વાક્ય સ્મૃતિપથમાં આવે. ક્રોધ છૂ થઈ જાય. આ ક્ષમાભાવનો સ્પર્શ એ પ્રભુનો જ સ્પર્શ હતો ને !

• • •

વિનોબાજી એક જગ્યાએ ગયેલા. ત્યાં એક મન્દિરમાં હરિજનોને દર્શનાર્થે લઈ જવાના હતા. વિનોબાજીએ આયોજકોને પૂછ્યું કે મન્દિરના ટ્રસ્ટીઓની આમાં સમ્મતિ છે કે કેમ. ટ્રસ્ટીઓની સમ્મતિ છે, તેમ તેમને કહેવાયું. એક-બે ટ્રસ્ટીઓ સહમત હતા પણ ખરા.

હરિજનો સમૂહમાં દર્શનાર્થે ચાલ્યા. વિનોબાજી આગળ હતા. જે ટ્રસ્ટીઓને આ ગમેલું નહિ, તેમણે ગુંડાઓને રાખેલા. તેઓ સરઘસ મંદિર નજીક આવતા લાકડીઓ લઈ તૂટી પડ્યા. વિનોબાજીના કાન પાસે જોરથી લાકડી વાગી. તમ્મર આવી ગયા. તેમને ઊંચકીને આશ્રમે લઈ જવાયા.

પાછળથી વિનોબાજીએ કહેલું કે પ્રભુની કેવી દયા ! હું જતો હતો પ્રભુના દર્શન માટે અને પ્રભુએ મને સ્પર્શ આપ્યો.

ગુંડાની લાકડી વાગી એ વખતે આવેલ ક્ષમાભાવ પ્રભુનો સ્પર્શ જ હતો ને ! અલબત્ત, ગુંડાની લાકડી એ તો આપણી ભાષાનો શબ્દ થયો. પરમની દુનિયામાં તો શેતાન કોઈ છે જ નહિ. અને લાકડી ને પ્રસાદી એક જ છે !

• • •

રાબિયાને ત્યાં મહેમાન ફકીર આવેલા. તેઓ રાબિયાની ધર્મગ્રન્થની પ્રત લઈ વાંચવા બેઠા. એક જગ્યાએ આ પંક્તિ છેકેલી હતી : 'શેતાન પ્રત્યે નફરત કરો. !'

ફકીર ગુસ્સે થયા. આ લીટી કેમ ભૂંસી શકાય ? રાબિયા કહે : પ્રભુની કૃપા ઊતરી, ને તેણે ખોલેલ આંખથી જોયું ત્યારથી મને શેતાન દેખાયો જ નથી. બધા જ સજ્જન જ દેખાય છે. દુર્જન કોઈ જ છે નહિ; - સિવાય કે હું ! શેતાન છે નહિ... અને નફરત કરી શકું એવું હૃદય મારી પાસે છે નહિ.

પરમસ્પર્શની અનુભૂતિની આ અભિવ્યક્તિ !

• • •

સાધકે ઘણીવાર અનુભવ્યો હોય છે પ્રભુસ્પર્શ. વિભાવ તરફ જવાની ક્ષણ આવી ગઈ હોય; ગયા, ગયા એમ થતું હોય; ને ત્યારે 'એ' આપણને બચાવી લે છે. ઘર ભણી પ્રસ્થાન આપણું તે કરાવી દે છે.

એક આકર્ષણ સ્વરૂપસ્થિતિનું. અને આપણે ચાલી નીકળીએ તે બાજુ. પ્રવાસલેખિકા પ્રીતિસેન ગુપ્તા લખે છે કે થોડાક દિવસ ઘરમાં રહી, ન રહી અને તુરત જ માંહ્યલો ભ્રમણયાત્રા માટે તૈયાર થઈ રહે.

આપણેય જાણીએ આપણા ઘર વિષે. અને તડપન એ માટેની વધી પડે. પહેલાં તો અનુભવીઓ દ્વારા. પછી સ્વાનુભૂતિથી.

યોગશાસ્ત્ર (૧૨/૫૧) બહુ જ મઝાનું વર્ણન એ 'ઘર'નું આપે છે : જે મળ્યા પછી બીજું બધું જ ફિક્કુંફસ લાગી રહે છે, તે છે આપણું ઘર. 'यस्मिन् निखिलसुखानि, प्रतिभासन्ते न किञ्चिदिव.'

• • •

સાધકની કક્ષાએ બે સ્તરો આપણે અનુભવી શકીએ. પહેલા સ્તરે વિભાવાવસ્થા ડંખતી હોય છે. વિભાવ કોઠે પડી ગયેલ હતો, ત્યાંથી વિભાવના ડંખવા સુધી સાધક આવ્યો. આ છે પ્રથમ સ્તર.

એ વખતે, અનુભવીઓ, સિદ્ધ યોગીઓ મળી રહે અને ભીતરના સામ્રાજ્યનો રસ્તો તેઓ દેખાડી દે. ને સાધક એ રસ્તા પર ચાલી નીકળે. આ છે બીજું સ્તર : સ્વ-ગુણ અભિમુખતાનું.

ક્ષમાદિ ગુણો પહેલાં ક્ષાયોપશમિક ભાવના મળશે. પરંતુ ક્ષપક શ્રેણિમાં ધર્મસંન્યાસ-અવસ્થામાં ક્ષાયોપશમિક ગુણોની જગ્યાએ ક્ષાયિક ગુણો આવવા લાગશે. (કર્મના ક્ષયોપશમથી મળે તે ક્ષાયોપશમિક ગુણ. કર્મના ક્ષયથી મળે તે ક્ષાયિક ગુણ... જેમકે આપણા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ ક્ષાયોપશમિક ભાવના છે. કેવળજ્ઞાન ક્ષાયિક ભાવનું છે.)

આ પૃષ્ઠભૂ પર કડી શરૂ થાય છે : 'ધર્મક્ષમાદિક ભી મિટે, પ્રગટત ધર્મ સંન્યાસ...' 'જ્ઞાનસાર'માં આ પ્રક્રિયાનું મઝાનું વર્ણન અપાયું છે : 'धर्मास्त्याज्याः सुसङ्गोत्थाः, क्षायोपशमिका अपि । प्राप्य चन्दनगन्धाभं, धर्मसंन्यासमुत्तमम् ॥' સુસંગથી ઉત્પન્ન થયેલ ક્ષાયોપશમિક ધર્મો/ગુણોને ત્યજવાની ઘડી આવી રહે છે, જ્યારે ચન્દનની સુગંધ જેવું ધર્મસંન્યાસ સ્વીકારાય છે.

'सुसङ्गोत्थाः'.... ગુણો માટેનું આ અદ્ભુત વિશેષણ છે. સુસંગથી ઉત્પન્ન થયેલ ગુણો. આપણામાં ઊઠેલી ગુણોની આ સુગંધ આપણી પોતાની નથી. સંતોના સમાગમરૂપી અત્તરનું એ ફોરી ઊઠવું છે...

તાત્ત્વિક ધર્મસંન્યાસ (આઠમાં ગુણસ્થાનકે ઘટતી ઘટના)ને ચન્દનની સુગંધની ઉપમા આપી છે. અસંગ અનુષ્ઠાનની ઝલક અહીં છે ને !

• • •

ઉત્તરાર્ધ પૂર્વાર્ધના અનુસંધાનમાં આ રીતે આગળ વધે છે : જો ક્ષયોપશમભાવના ક્ષમા વગેરે ધર્મોને પણ છોડવાના હોય છે; ને સાધક તે સમયે તે છોડે છે. તો પછી સંસારને / સંસારભાવને / વિભાવને છોડવામાં હીચકિચાહટ કેવી ? 'તો કલ્પિત ભવભાવ મેં, ક્યું નહિ હોત ઉદાસ ?'

સંસારભાવને / વિભાવને મઝાનું વિશેષણ અપાયું છે : કલ્પિત...

દોરડાને સાપ માનેલ હોય, ને એથી અંધારામાં યાત્રી ગભરાતો પણ હોય; પરંતુ પ્રકાશ આવવાને કારણે જ્યારે લાગે કે આ તો દોરડું જ છે ત્યારે... ! કેવું હસવું આવે ? આનાથી હું ગભરાયેલો ?

સંસારભાવ... રાગ, દ્વેષ, મોહ... શું છે આ બધું ? પદાર્થોમાં કે વ્યક્તિઓમાં રાગ. તેને પરિણામે નીપજતો દ્વેષ. ને તે બેઉના મૂળમાં મોહ : સ્વરૂપનું અજ્ઞાન. મૂળ વ્યક્તિની (આત્માની) તો ખબર સુદ્ધાં લીધી નહિ અને પડછાયા જોડે કરી ધમાચકડી.

■

# ૩૪

## આધાર સૂત્ર

*રજ્જુ અવિદ્યા-જનિત અહિ,*
*મિટે[1] રજ્જુકે જ્ઞાન;*
*આતમજ્ઞાને ત્યું મિટે,*
*ભાવ અબોધ નિદાન ... (૩૪)*

દોરડાને, અજ્ઞાનને કારણે, સાપ માની લીધો; પણ જ્યાં તે દોરડું છે તે ખ્યાલ આવ્યો ત્યારે ... ? તેમ આત્માના અજ્ઞાનને કારણે જે ભ્રમ-સંસાર ખડો થયો છે, તે આત્મજ્ઞાન થતાં જ સમાપ્ત થઈ જાય છે.

[ત્યું = તેવી રીતે]

૧. મિટત, B

# ૩૪

## પર્યાયોની રાસલીલા

આચાર્ય વિનોબા ભાવેને પત્રકારો પ્રશ્નો પૂછી રહ્યા હતા. ચોથો પ્રશ્ન પૂછવા જનાર પત્રકારે કહ્યું : આચાર્યજી, ત્રણ પ્રશ્નોના ઉત્તર તમે આપ્યા. ચોથો પ્રશ્ન પૂછવા હું જઈ રહ્યો છું. આ વચગાળામાં શો વિચાર તમને આવ્યો ?

વિનોબાજીએ કહ્યું : વચલા ગાળામાં ત્રણ વાર 'હરિ ૐ' મંત્ર રટાઈ ગયો છે. અને ચોથી વાર તે મન્ત્રને હું રટી રહ્યો છું.

• • •

મન્ત્રનાં બે નિરુક્તો છે. પહેલું નિરુક્ત આ છે : 'मननात् त्राणाच्च मन्त्रः...' જે અનુપ્રેક્ષામાં ડુબાડે, જે વિભાવોથી જાતને રક્ષે તે મન્ત્ર.

આ નિરુક્ત પ્રમાણે મન્ત્ર એક કિલ્લો છે. કિલ્લામાં રહેનાર નાગરિક કિલ્લાની બહાર જાય અને એને ધૂળની ડમરી દેખાય તો એ તરત સભાન બની જાય : અરે, દુશ્મન આવે છે કે શું ? પણ આવે તોય વાંધો શો ? કિલ્લામાં પેસી જવાનું. દ્વાર બંધ કરી દેવાનાં. નાગરિક થઈ ગયો સુરક્ષિત... આ જ રીતે, વિભાવોનો હુમલો આવે તેવું લાગે અને સાધક અભ્યસ્ત મન્ત્રને પકડી લે. મનન અને ત્રાણ. શુભ ભાવોની ધારા અને સુરક્ષા.

'નમો અરિહંતાણં...' પદ ગણતી વખતે મન હશે માત્ર પ્રભુની આસપાસ. ચેતના પ્રભુના ગુણોની આસપાસ ઘૂમરાયા કરશે. સાધક થઈ ગયો સુરક્ષિત.

અશુભ ભાવોનો પ્રારંભ થયો. ખ્યાલ આવ્યો. મન્ત્ર રટાય. કામ પૂરું.

• • •

મન્ત્ર શબ્દનું બીજું નિરુક્ત આ પ્રમાણે છે : 'मननात् त्रायते इति मन्त्रः..' વિચારોથી જે ઉપર તમને ઉઠાવે તે મન્ત્ર. શુદ્ધમાં, સ્વગુણાનુભૂતિમાં લઈ જાય મન્ત્ર. મન્ત્રનું એવું આવર્તન ચાલુ હોય કે વચ્ચે કોઈ વિચાર ઘૂસી જ ન શકે.

• • •

વિનોબાજીના પ્રસંગને ફરીથી જોઈએ. પૃષ્ઠભૂ છે પત્રકાર પરિષદની. પત્રકારો પ્રશ્નો પૂછી રહ્યા છે. જવાબો અપાઈ રહ્યા છે. સામાન્યતયા કુતૂહલ હોય : શું પુછાશે ? અથવા તો, હમણાં જે જવાબ આપ્યો તેથી આ બૌદ્ધિક માણસો કેવા પ્રભાવિત થયા હશે એવું આકલન કરવા માટે બુદ્ધિ જઈ શકે.

વિનોબાજીના જવાબ પરથી લાગે કે બુદ્ધિ અહીં ઢળી ચૂકી છે. ન બુદ્ધિ અહીં અતીતમાં સરવાની કોશિશમાં છે. ન ભવિષ્ય તરફ એની ગતિ છે. વર્તમાન ક્ષણોની ઉદાસીનભાવની પૃષ્ઠભૂ પર મન્ત્રજાપ થયા કરે છે. કદાચ, પ્રશ્નોનો જવાબ ઉપરનું મન આપી રહ્યું હશે ત્યારેય અંદરનું મન મન્ત્રજાપ કરી રહ્યું હશે.

• • •

સાધનાના આ સ્તર પર પહોંચવું છે, જ્યાં સ્વભાવનો લય સતત ઘૂંટાયા કરાતો હોય.

કોઈ ભક્ત મુનિરાજના દેહને ચન્દન વડે લીંપે. કોઈ મનુષ્ય એ દેહને શસ્ત્ર વડે લોહીલુહાણ કરે છે. શો પ્રતિભાવ હશે મુનિરાજનો ? કશો જ નહિ. શરીર પર કશુંક થઈ રહ્યું છે. સાધકને એની જોડે નિસબત નથી.

સીધી વાત છે ને ! સાધના જોડે સંબદ્ધ હોય એ ઘટના જોડે જ સાધકને સંબંધ છે. બીજી કોઈ ઘટનાઓ જોડે નહિ.

હા, કોઈ પણ ઘટનાને સાધનાના સહાયક પાસા તરીકે જોઈ શકાય ત્યારે તેને તે રીતે જોવામાં સાધકને વાંધો નથી.

એટલે, યા તો ઘટનાને સાધનાના સહાયક તત્ત્વ તરીકે જોઈ શકાય. અથવા તો, ઘટનાથી પર રહેવાય.

• • •

પ્લૅટફૉર્મ પરથી ગાડીઓ પસાર થઈ રહી છે. તમે માત્ર એ જોઈ રહ્યા છો. ગાડી પૂર્વમાં જાય કે પશ્ચિમમાં. તમારે શું ? કારણ કે તમે માત્ર જોનાર છો.

સાધકે ઘટનાઓને આ જ રીતે જોવાની છે. જ્ઞાનસાર યાદ આવે : 'मन्यते यो जगत्तत्त्वं, स मुनिः परिकीर्तितः ।' જગતના તત્ત્વને - ઉત્પત્તિ, લય અને ધ્રૌવ્યના ખેલને જાણે તે મુનિ.

ઉત્પત્તિ અને લયના રૂપમાં ઘટનાઓ મહોરાં પહેરી ફર્યા કરે છે. કુશળ દ્રષ્ટા એ છે, જે મહોરાંની પેલે પાર રહેલ મૂળ રૂપને જુએ છે.

• • •

એક સરકસ એક ગામમાં આવ્યું. બપોરનો સમય. એક યુવાન સરકસના મેનેજરને મળ્યો : મને કંઈ પણ કામ આપો ! હું બી.એ. પાસ છું. બેકાર છું. મેનેજર કહે : દિલગીર છું. તમારે યોગ્ય કોઈ કામ મારી પાસે નથી.

યુવાન કહે : કોઈ પણ કામ આપો.

મેનેજર કહે : સરકસનું રીંછ મરી ગયું છે. નવું રીંછ મળ્યું નથી. રીંછ જેવા પોષાકમાં તમે રીંછનો ખેલ કરવા તૈયાર હોવ તો...

ભૂખે મરતો યુવાન કહે : તૈયાર છું. સાંજ સુધીમાં તેણે અમુક પ્રયોગો શીખી લીધા. પ્રયોગો ભજવ્યા. કામ ચાલ્યું.

એક વાર સિંહનું પાંજરું ખુલ્લું રહી ગયેલું. અચાનક આ યુવાનની નજર પડી. પોતાની પાસે સિંહ આવી જાય તો... ?

સિંહ એની ગડમથલ સમજી ગયો. એ કહે : ભાઈ, તું ગભરાતો નહિ. તું બી.એ. પાસ છે, તો હું એમ.એ. પાસ છું... ! હું પણ બેકાર હતો. હું સિંહના ખેલ ભજવું છું.

મહોરાંની પાર જો જઈ શકાય... ઘણા બધા ભયોની પેલે પાર જઈ શકાય.

• • •

પર્યાયદૃષ્ટિ વૈરાગ્યની વૃદ્ધિ માટે બહુ મઝાની છે. મહોરાંની પેલે પાર જવાની વાત. શરીર રોગોથી ઘેરાયેલું હોય અને તમે આત્મગુણોમાં ખેલતા હો. એક ક્રમ પ્રમાણે બધું થઈ રહ્યું છે. પર્યાયો - રૂપાન્તરણો ખૂલી રહ્યાં છે. દ્રવ્યના નિરવધિ સમુદ્રની છાતી પર ખેલતા પર્યાયોનાં આ મોજાં. દ્રવ્યની રંગભૂમિ પર પર્યાયોની ખેલાઈ રહેલી આ રાસલીલા.

• • •

આ પૃષ્ઠભૂ પર કડી ખોલીએ : 'રજ્જુ અવિદ્યા-જનિત અહિ, મિટે રજ્જુકે જ્ઞાન; આતમજ્ઞાને ત્યું મિટે, ભાવ અબોધ નિદાન...' આત્માનું જ્ઞાન થયું; સાચા હુંનું ભાન થયું અને ખોટા હુંનાં છોતરાં ઊડી ગયાં !

'રજ્જુ અવિદ્યા-જનિત અહિ, મિટે રજ્જુ કે જ્ઞાન...' હતું દોરડું. અંધારામાં માની લીધો સાપ. 'ઓ...બાપ રે !' કહીને ગભરાયા. પણ હાથબત્તી લગાવીને જોયું તો મળ્યું દોરડું. કેવું હસવું આવે ?

આ જ રીતે, પર્યાયોમાં, શરીરમાં કે તેની યુવાની આદિ અવસ્થાઓમાં 'હું'પણાની બુદ્ધિ કરી. હવે ? વૃદ્ધાવસ્થા આવતી જશે, યુવાની કરમાતી

જશે; ને વેદનાની ટીસ ઉપડશે. જીવલેણ રોગ શરીરને ઘેરી લેતો દેખાશે અને કણસી ઉઠાશે. છાતી ભીંસાશે.

પણ -

તે સમયે, હું એટલે આ નહિ, એ અનુભૂતિ તીવ્ર બની જશે તો... ? પીડા ગઈ. તમે આનંદમાં.

■

## ૩૫

## આધાર સૂત્ર

*ધર્મ અરૂપી દ્રવ્યકે,*
*નહિ રૂપી પર હેત;*
*અપરમ ગુન રાચે નહિ,*
*યું જ્ઞાની મતિ દેત ... (૩૫)*

અરૂપી દ્રવ્ય - આત્મા - ના ગુણો રૂપી કેમ હોઈ શકે ? એમ જ એ પરહેતુક - પરને જણાવનાર યા પર તરફ ખૂલનાર શી રીતે હોઈ શકે ?

જ્ઞાની સાધક આવી અનુપ્રેક્ષા કરી અપરમ ગુણોમાં રાચતો નથી.

[યું = એ રીતે]

# ૩૫

મોક્ષ :
તમારું તમારામાં
હોવું તે

શાંડિલ્ય ઋષિ ભક્તિસૂત્રમાં ભક્તિની રસ ઝરતી વ્યાખ્યા આપે છે. કશ્યપ ઋષિ અને બાદરાયણ ઋષિએ આપેલ ભક્તિની વ્યાખ્યાઓ સાથે મઝાનો તંતુ તેમણે સાંધ્યો છે. સરસ ત્રિસૂત્રી અહીં છે:

तामैश्वर्यपदां कश्यपः परत्वात् ।

आत्मैकपरां बादरायणः ।

उभयपरां शाण्डिल्यः ।

કશ્યપ ઋષિ ભક્તિને ઐશ્વર્ય-છલકંતી માને છે. પ્રભુના બાહ્ય મહિમા જોડે સંબદ્ધ.

બાદરાયણ ઋષિ ભક્તિને આત્મપરક માને છે. ભક્તનું પ્રભુગુણમાં અને એ દ્વારા સ્વગુણમાં ડૂબવું તે ભક્તિ.

શાંડિલ્ય ઋષિ ભક્તિને ઐશ્વર્યપરા આત્મપરા માને છે. પ્રભુના ચહેરા પર રહેલી અદ્ભુત પ્રશમ રસની ધારાથી આકર્ષાયેલ ભક્ત પ્રશમ ગુણમાં ડૂબે.

• • •

ત્રણે વ્યાખ્યાઓનાં ઝરણામાં આપણી જાતને થોડીક ભીંજવીએ.

• • •

પહેલી વ્યાખ્યા : ભક્તિ ઐશ્વર્યછલકંતી છે. પૂ. પદ્મવિજય મહારાજ યાદ આવે : 'એ ઠકુરાઈ તુજ કે, બીજે નવિ ઘટે હો લાલ...'

પરમાત્માનું ઐશ્વર્ય... કેટલું તો મોહક ! પ્રભુના રૂપને આપણે જોયા જ કરીએ. ધરવ જ ન થાય.

સંત કબીરે પ્રભુના રૂપને જોવા માટે મનના સ્વચ્છ દર્પણની વાત કરી છે : 'મુકુટ મલિન અરુ નયન બિહીના, રામ રૂપ દેખહિ કિમ દીના ?' મનનું દર્પણ ઝાંખું હોય અને પ્રભુને જોઈ શકે તેવી આંખો ન હોય તો પ્રભુનું દર્શન કેમ થઈ શકે ?

દર્પણ ઝાંખું શી રીતે પડે છે, તે તમારા ખ્યાલમાં છે. વરાળથી, મોઢાની બાષ્પથી તે ઝાંખું પડે.

અનાદિની વાસના જ્યારે બહાર નીકળે છે ત્યારે મનનું દર્પણ ઝાંખું પડે છે. ગુરુ એ દર્પણને સ્વચ્છ બનાવે છે.

કેવો આ ખેલ ! : ગુરુ પોંછ્યા કરે મનના દર્પણને. ને આપણે મલિન બનાવ્યા કરીએ.

ધ્રૂજી જવાય : ગુરુચેતનાનો આપણે કેટલો અનાદર કર્યો ? ગુરુચેતના અકારણ આપણા પર વાત્સલ્ય વરસાવ્યા કરે, ને આપણે કોરાકટ રહ્યા કરીએ.

• • •

શિષ્ય ગુરુદેવના વાત્સલ્યમય નેણને અપલક રીતે જોતો હોય ત્યારે પ્રભુની ઝલકને તે પામી રહે છે.

ભક્ત અખાની વાણી યાદ આવે : 'બિંબ જોવાય પ્રતિબિંબ વડે, તિમ પ્રભુ જોવાય ગુરુ વડે; તે પ્રતિબિંબ જિહાં ઝળકે બહુ, તે માટે ગુરુને ગોવિન્દ કહ્યું...' ગુરુની આંખોમાં પ્રભુની છબી ઝલકે.

ઐશ્વર્ય તરફ ઝૂકતી ભક્તિ. ઐશ્વર્યે મઢી ભક્તિ. પ્રભુના ઐશ્વર્યમાં ખોવાઈ જવું.

રૂપ-ઐશ્વર્ય, પ્રાતિહાર્ય-ઐશ્વર્ય... એ સમવસરણ... પ્રભુનું ભુવન-વિમોહન રૂપ. તમે જોયા જ કરો, જોયા જ કરો.

• • •

ભક્તિની બીજી વ્યાખ્યા : આત્મપરા છે ભક્તિ. પ્રભુના પ્રશમ રસને જોતાં ભક્ત પોતાની ભીતર રહેલ પ્રશમ રસને આસ્વાદે છે, અનુભવે છે.

મહોપાધ્યાય યશોવિજયજીએ આપેલી ભક્તિની વ્યાખ્યા અહીં યાદ આવે : 'સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો...' સાચી ભક્તિ એટલે શું ? ભાવન રસ... પ્રભુના ગુણોને વર્ણવવાનો / કહેવાનો એક રસ હોય છે, પ્રભુના ગુણોને સાંભળવાનો પણ એક રસ હોય છે; પણ એ ગુણોને અનુભવવાનો રસ... ! એ તો અદ્‌ભુત. શબ્દોને પેલે પારની એ ઘટના.

પ્રભુના આજ્ઞા-ઐશ્વર્યમાં ડૂબવાનો પણ એક રસ છે. ડૂબવું પરમાત્માની આજ્ઞામાં. ડૂબવું પોતાની ભીતર. મોક્ષની બહુ જ મઝાની વ્યાખ્યા પૂ. હરિભદ્રસૂરિ મહારાજે યોગશતક-ટીકામાં આપી છે : 'आत्मनः आत्मनि एव अवस्थानम्.' તમારું તમારામાં હોવું, તમારા ગુણોમાં હોવું તે મોક્ષ... આજ્ઞાપાલનનું એ પરંપરિત ફળ.

ભક્તિ અહીં આત્મપરા, સ્વરૂપ ભણી જતી થઈ.

• • •

પહેલી વ્યાખ્યામાં પ્રભુના ઐશ્વર્ય પર દૃષ્ટિ ઠરી અને પછી સ્વ-રૂપ ભણી દૃષ્ટિ ભક્તની જાય છે. બીજી વ્યાખ્યામાં ઊંચકાયેલ ભક્ત - પ્રભુગુણોની અભ્યસ્તતાને કારણે - સીધો જ સ્વગુણોની ધારા ભણી જાય છે.

• • •

ત્રીજી વ્યાખ્યા પ્રમાણે ભક્તિ ઉભયપરા છે. ભક્તિને - પ્રારંભિક કક્ષાના ભક્તની - પ્રભુના રૂપ આદિથી સંબદ્ધ માનીએ તોય સરસ છે એ. અને

ઊંચકાયેલ ભક્તની ભક્તિ સીધી આત્મગુણો તરફ જતી હોય તો પણ એ સરસ છે. ભૂમિકા ભેદે ભેદ હોઈ શકે.

• • •

ઐશ્વર્યપરતા અને આત્મપરતા પ્રભુગુણોમાં આપણને ડૂબકી મરાવે છે. આ પૃષ્ઠભૂ પર કડી ખૂલે છે : 'અપરમ ગુણ રાચે નહિ, યું જ્ઞાની મતિ દેત...' જો પ્રભુગુણોમાં / પરમગુણોમાં તમે રાચેલા છો, ડૂબેલા છો, તો તમે અપરમ ગુણોમાં શી રીતે વહી શકો ?

પરમગુણોમાં વહેવાનું... અને, પરમગુણોમાં વહીને સ્વ-ગુણોની ધારામાં વહેવાનું.

કેવી છે એ આત્મગુણોની ધારા ? 'ધર્મ અરૂપી દ્રવ્યકે, નહિ રૂપી પર હેત...' અરૂપી દ્રવ્ય / આત્માના ગુણો રૂપી નથી. એટલે કે તમે એમને જોઈ ન શકો... હા, એમને અનુભવી શકો.

'ધર્મ અરૂપી દ્રવ્યકે, નહિ રૂપી...' આત્મદ્રવ્યના ધર્મ/ગુણ રૂપી નથી. અને બીજી વાત. તે ગુણો પર તરફ ખૂલતા પણ નથી. 'પર હેત.' પર માટે - પર ભણી સ્વગુણ ન ખૂલે.

અને, આવા આત્મગુણોમાં જેને સતત ડૂબકી લગાવવાની હોય છે, એ સાધક પરમગુણ / આત્મગુણ સિવાય બીજે ક્યાંય મનને લગાવી શકે ?

■

## ૩૬

# આધારસૂત્ર

*નૈગમ નયકી કલ્પના,*
*અપરમ-ભાવ વિશેષ;*
*પરમ-ભાવમેં મગનતા,*
*અતિ વિશુદ્ધ નયરેખ ... (૩૬)*

જ્ઞાનાદિ પરમ (શ્રેષ્ઠ) ગુણો સિવાયનું બીજું કંઈ પણ છે, તે અપરમ ભાવ નૈગમ નયની દૃષ્ટિએ છે.

નિશ્ચય નય તો માત્ર સ્વગુણમાં ડૂબવાની વાત કરશે. એટલે કે પરમ ભાવમાં મગ્ન થવાની વાત નિશ્ચય નય કરે છે.

# ૩૬

## અનુભૂતિની સુગન્ધ

કવિ મનોજ ખંડેરિયાની સરસ કાવ્યપંક્તિ યાદ આવે :

'મને સદ્ભાગ્ય કે
શબ્દો મળ્યા તારે મુલક જાવા;
ચરણ લઈ દોડવા બેસું,
તો વરસોનાં વરસો લાગે...'

અનુભૂતિની સુગંધથી મઘમઘતાં પુષ્પોની આ વાત છે. પરમના પ્રદેશની યાત્રા થાય માત્ર અનુભૂતિ-ભીગા શબ્દોને સથવારે.

સંત દરિયાએ એક સરસ રૂપક આપ્યું છે. પહેલાના યુગમાં નગરનો દરવાજો તોડવા માટે આ યુક્તિ વપરાતી હતી : હાથી પોતાના દંતૂસળને દરવાજા જોડે ભેરવે અને પછી પોતાનું સમગ્ર બળ લગાવે. દરવાજો હચમચી ઊઠે, તૂટી જાય.

હાથીના દાંત દરવાજાને અડે અને દ્વાર કડડભૂસ થઈને પડી જાય, પણ માણસ માત્ર હાથીદાંતને (મરેલ હાથીના દાંતને) પોતાના હાથમાં રાખી દરવાજાને અડકાડે તો શું થાય ? 'દંત ગ્રહે હસ્તિ બિના, પોલ ન તૂટે કોય...' કારણ કે દાંતની પાછળ જે હાથીની શક્તિ હતી, તે અત્યારે ક્યાં છે ?

એમ, શબ્દની પાછળ સદ્ગુરુની શક્તિ છે. એટલે જ, આપણી પરંપરામાં બહુશ્રુત શબ્દ વપરાયો છે વિદ્વાન માટે. એવો વિદ્વાન, જેણે ગુરુચરણોમાં રહીને ખૂબ સાંભળ્યું છે.

દ્વિપાઠી કે ત્રિપાઠી શબ્દની પાછળ પણ પઠ્ ધાતુ છે; જેણે ગુરુચરણોમાં બેસીને અધ્યયન કર્યું છે, તો પાઠી. બે વાર અધ્યયન - પાઠ કર્યો હોય તો દ્વિપાઠી: ત્રણ વાર કરેલ હોય તો ત્રિપાઠી.

• • •

પરમપાવન આચારાંગજીનાં મધુર સૂત્રોને કોઈ અનુભવી ગુરુ ખોલે છે ત્યારે ઓચ્છવ થઈ રહે છે.

એકવાર શંખેશ્વર મહાતીર્થમાં પૂજ્યપાદ જંબૂવિજયજી મહારાજ સાહેબને આચારાંગજી પર વાચના આપતાં સાંભળેલા. તેઓ જ્યારે બોલતા

હતા કે, આચારાંગજીનાં આ પવિત્ર સૂત્રો માટે 'વાંચો અને નાચો' એમ કહેવાનું મન થાય છે, ત્યારે તેમના શરીરમાં અહોભાવનું નૃત્ય ખરેખર દેખાતું હતું.

અહીં શબ્દો થોડા હોય છે; અનુભૂતિ ઘેરી બનેલી હોય છે. કહો કે અનુભૂતિના દ્રાવણને / રસને ભરવા માટેનાં નાનકડાં પાત્રો બને છે અહીં શબ્દો.

આ શબ્દો આપણી સાધનાને ઝડપથી ઊંચે ચઢાવે છે. કડીના શબ્દો વાપરીએ તો, 'પરમભાવમેં મગનતા' તે આપે છે. આમ જુઓ તો, એક 'મ'ને લાવવામાં કેટલા યુગ લાગ્યા ! પરભાવમાં મગ્ન તો હતા જ આપણે અનંત યુગોથી. હવે બનવું છે પરમભાવમાં મગ્ન.

• • •

જોકે, એક હકીકત તરફ ધ્યાન ખેંચાવું જોઈએ કે 'પર'માં ક્યારેય આપણે ડૂબી ન શકીએ. ડુબાડવા જેટલું ઊંડાણ જ એની પાસે ક્યાં છે ?

તો, એ શું હતું ? આપણે આ રીતે એ વાતને સરખાવી શકીએ : ભૂખ ખૂબ લાગી છે. ગરમ, સ્વાસ્થ્યવર્ધક ભોજન મળે તેમ નથી. ત્યારે જે કંઈ મળે આચરકૂચર, એનાથી પેટ ભરવું પડે. પરંતુ ત્યાં પરિતૃપ્તિ નથી થતી. અલબત્ત, આનો ખ્યાલ પણ જેણે સરસ ભોજન વારંવાર આસ્વાદ્યું છે, એને જ આવશે.

એમ, પરમનો આછો સો આસ્વાદ પણ મળેલ હશે તો તરત સમજાઈ જશે કે પરથી શું મળી શકે ? 'પર'ને આપણે ત્રિઆયામી ચિત્ર જેવું કહી શકીએ. ઘડાનું તેવું ચિત્ર હોય તો જોનારને ઘડો જ લાગશે. પણ હાથમાં

લેતાં ખ્યાલ આવે કે તે વાસ્તવિક નથી. તેની ઊંડાઈ આભાસી છે. દેખાવ પૂરતી જ.

તો, પરમાં ડૂબી ન શકાય. એટલે જ પરભાવ-મગ્નતા જેવો શબ્દ-પ્રયોગ વપરાતો નથી. તમે પરથી લપેટાયેલા, વીંટળાયેલા હોઈ શકો. અને એટલે, પરભાવ-લિપ્તતા જેવો શબ્દપ્રયોગ કરી શકાય.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને ખોલીએ : 'નૈગમ નયકી કલ્પના, અપરમ ભાવ વિશેષ; પરમ-ભાવમેં મગનતા, અતિ વિશુદ્ધ નયરેખ.'

અહીં વ્યવહાર (નૈગમ નય) અને નિશ્ચય નયનું સમતોલન સમજવા જેવું છે. નિશ્ચય દૃષ્ટિ માત્ર 'સ્વ'માં ડૂબવાની વાત કરશે.

જેમકે, ચારિત્ર એટલે નિજગુણસ્થિરતા આ નિશ્ચય નયની વ્યાખ્યા છે.[૧]

અહીં પ્રશમરતિ પ્રકરણે આપેલ સાધકનું એક પ્યારું વિશેષણ યાદ આવે : 'स्वगुणाभ्यासरतमतेः' પોતાના ગુણોના અભ્યાસમાં ઓતપ્રોત થયેલ વ્યક્તિત્વ છે સાધકનું.

શુભ દ્વારા શુદ્ધમાં જવાની આ વાત થઈ. શુભ, શુભનો વેગ અને શુદ્ધ. પ્રભુભક્તિ કે સ્વાધ્યાયની શુભની મઝાની ધારા ચાલતી હોય... એમાં પ્રભુના કોઈ ગુણ પર અનુપ્રેક્ષા થાય કે સ્વાધ્યાયની કોઈ પંક્તિ પર અનુપ્રેક્ષા થશે તો એ થશે શુભનો વેગ. અને એ વેગ પ્રભુગુણની (ને એ દ્વારા સ્વગુણની) અનુભૂતિ કે સ્વાધ્યાયમાં આવેલ પંક્તિમાં કહેલ આત્મદશાની અનુભૂતિ થાય તો તે શુદ્ધ દશા.

---

(૧) નિજગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચય શુદ્ધ પ્રકાર...

કડી કહે છે કે સ્વગુણાનુભૂતિ, પરમભાવને મેળવી અપાવનાર સાધના-ભૂમિકાને શુદ્ધનયની દૃષ્ટિએ અપરમભાવ કહેવાય છે. તો નૈગમનય અપરમભાવના વિશેષોને - શુભના ભિન્ન ભિન્ન પ્રકારોને પણ સ્વીકારશે; કારણ કે એ પરમભાવને પમાડનારી સાધના છે.

જ્યારે નિશ્ચય નય માત્ર પરમભાવમાં - સ્વગુણાનુભૂતિમાં ડૂબવાની પ્રક્રિયાને જ સાધના તરીકે લેખશે.

■

## ૩૭

# આધારસૂત્ર

*રાગાદિક જબ પરિહરી,*
*કરે સહજ ગુણખોજ;*
*ઘટમેં ભી પ્રગટે તદા,[1]*
*ચિદાનન્દકી મોજ ... (૩૭)*

રાગ, દ્વેષ આદિને દૂર કરી સાધક જ્યારે સહજ ગુણોને પામે છે, ત્યારે તેની ભીતર ચિદાનન્દનો વિલાસ પ્રગટે છે.

૧. ઘટમેં ભી પ્રગટી સદા, B - F

# ૩૭

## ચિદાનન્દનો
## દિવ્ય અનુભવ

સમ્રાટ સિકન્દરે ભારતીય યોગીને પોતાની સાથે પોતાને દેશ આવવા કહ્યું. યોગીએ નામરજી બતાવી. સિકંદર કહે છે : હું સમ્રાટોનો પણ સમ્રાટ છું. યોગીએ હસીને કહ્યું : હું અવધૂતોનોય અવધૂત છું !

દેખીતી રીતે, યોગીના પ્રત્યુત્તરમાં નિરહંકારની સુગંધ હતી. ચહેરા પરની એ મુસ્કાન, અસ્તિત્વમાંથી ઊઠતી સુગંધ. ખ્યાલ આવે કે ભીતર આનંદનો કેવો તો દરિયો ઊછળી રહ્યો હશે. કાંઠે આવતાં મોજાંને જોવામાંય જો આવો આહ્લાદ પ્રગટતો હોય તો ભીતર તો કેવું ઐશ્વર્ય હશે !

• • •

પરમ-તારક શાન્તિનાથ પ્રભુની સ્તવનામાં મહોપાધ્યાય યશોવિજય મહારાજ ભીતરની દુનિયાના ઐશ્વર્યની વાત લઈ આવ્યા છે.

હમ મગન ભયે પ્રભુધ્યાન મેં...
બિસર ગઈ દુવિધા તન મન કી,
અચિરાસુત ગુનગાનમેં...
... ચિદાનન્દકી મોજ મચી હૈ,
સમતારસકે પાનમેં ...

• • •

'હમ મગન ભયે...' અત્યાર સુધી પર પદાર્થો અને પર વ્યક્તિત્વોમાં ઓતપ્રોત વ્યક્તિત્વ હવે પ્રભુના ધ્યાનમાં, પ્રભુના ગુણોની / સ્વરૂપની અનુભૂતિમાં ડૂબવા ચાહે છે.

અને એ ડૂબવાની ક્ષણોમાં શું ઘટિત થાય છે ? 'બિસર ગઈ દુવિધા તનમનકી...' ન તો શરીરના સ્તર પર કોઈ દુવિધા / તાણ રહી, ન મનના સ્તર પર.

પ્રભુના ગુણોમાં ડૂબીને જ્યારે સાધક પોતાની ભીતર ડૂબ્યો અને પોતાના ગુણોનો રસાસ્વાદ એણે માણ્યો, ત્યાં પીડાનું અસ્તિત્વ કેવું ?

ત્યાં તો છે ચિદાનન્દની મોજ. ચિદ્ એટલે જ્ઞાન. અને આનન્દ... એટલે શું ? આનન્દની વ્યાખ્યા આ રીતે થાય : અસંગથી જન્મેલ સુખ.

પદાર્થો કે વ્યક્તિઓના સંગ વડે જન્મેલ રતિભાવને સુખ કહેવાય... સંગજન્ય સુખ... પરંતુ ગુણો પરના અનુરાગને કારણે જે સુખ જન્મે છે, તે છે અસંગજન્ય સુખ. આનન્દ.

અનુરાગને પછી અનુભૂતિમાં પલટાવી શકાશે. જ્ઞાનની અનુભૂતિ. આનન્દની અનુભૂતિ.

જ્ઞાન જ્ઞેયોમાં - પદાર્થો કે વ્યક્તિઓમાં - ડૂબશે તો રાગ, દ્વેષનો લેપ થશે. પણ માત્ર જણાય; જેને જાણો છો એમાં રાગ-દ્વેષ ન હોય તો... ? આ છે જ્ઞાતાભાવની અનુભૂતિ. સવાસો ગાથાના સ્તવનની કડી યાદ આવે : 'જ્ઞાયક-ભાવ જે એકલો, ગ્રહે તે સુખ સાધે.'

જ્ઞાયકભાવ.

માત્ર જાણનારને જ જાણવો છે, અનુભવવો છે. જ્ઞેયોને તો બહુ જાણ્યાં; જાણીને રાગ-દ્વેષ પણ કર્યો. હવે જ્ઞાતાને જાણવો છે.

• • •

આ પૃષ્ઠભૂ પર કડી શરૂ થાય છે. 'રાગાદિક જબ પરિહરી, કરે સહજ ગુણખોજ; ઘટમેં ભી પ્રગટે તદા, ચિદાનન્દકી મોજ...' રાગ-દ્વેષનું શિથિલીકરણ, સહજ ગુણોની પ્રાપ્તિ, ચિદાનન્દનો દિવ્ય અનુભવ; આ ક્રમ છે ભીતરી ગુણોની સુગંધને માણવાનો.

• • •

'રાગાદિક જબ પરિહરી...' રાગ, દ્વેષ, અહંકારનું શિથિલીકરણ. સમ-રસનું વહી ઊઠવું.

પર તરફના વિકલ્પો છે નહિ હવે. અને એટલે મન તો આનંદમય છે જ. તન પણ તણાવરહિત છે. 'બિસર ગઈ દુવિધા તન મન કી.' કદાચ રોગોથી ઘેરાયેલું શરીર હોય, પણ એની નોંધ લે તેવું મન ક્યાં છે હવે ? માત્ર છે મુસ્કાન, સ્મિત. તણાવ-રહિતતાનો વિસ્તાર મનથી તન સુધી. પવિત્ર ઉત્તરાધ્યયન સૂત્રના શબ્દોમાં ભાવાર્જવથી કાયાર્જવનો વિશાળ જળપ્રવાહ. ભાવ-ઋજુતાની અસીમ જળરાશિ કાયાને કાંઠે તરંગિત થાય જ ને !

'રાગાદિક જબ પરિહરી, કરે સહજ ગુણખોજ...' રાગ-દ્વેષનું શિથિલીકરણ. સમરસની પ્રાપ્તિ...

અને ત્યારે ....?

'ઘટમેં ભી પ્રગટે તદા, ચિદાનન્દકી મોજ.' ભીતર તો મસ્તી, કેફ હોય જ. એનું પ્રતિબિમ્બ કાયામાં - ઘટમાં પણ પ્રગટે.

એવા સાધકનો ચહેરો જોતાં લાગે કે એને કંઈક દિવ્ય તત્ત્વની પ્રાપ્તિ થઈ ગઈ છે.

■

## ૩૮
## આધારસૂત્ર

*રાગાદિક પરિણામયુત,*
*મન હિ અનન્ત સંસાર;*
*તેહિ જ રાગાદિક રહિત,*
*જાને પરમ-પદ સાર ... (૩૮)*

રાગ વગેરેના પરિણમનથી યુક્ત મન તે જ સંસાર છે અને રાગ વગેરેથી રહિત મન તે મોક્ષ છે.

# ૩૮

## મોક્ષ :
## અકુંઠિત ભક્તિ

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજ પરમતારક શ્રી વાસુપૂજ્ય ભગવાનના સ્તવનમાં સંસાર અને મોક્ષની સરળતમ વ્યાખ્યા આપતાં કહે છે : 'ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશરહિત મન તે ભવપાર...' કેટલી

તો સરળ વ્યાખ્યા ! મનમાં રાગ, દ્વેષ, ઈર્ષા આદિનું છવાઈ ઊઠવું તે સંસાર. તેમનું ન હોવું તે મોક્ષ...

પણ, આ ક્લેશ-રહિતતા તરફ જવાનો માર્ગ કયો ? ભક્ત પાસે તો ટૂંકો ને ટચ માર્ગ છે : પ્રભુ આવે મન ઘરમાં, ને ક્લેશો જાય. 'જો વિશુદ્ધ મન ઘર તુમે આયા, તો અમે નવનિધિ ઋદ્ધિ પાયા...'

સાધનાનું એક સરળ સૂત્ર અહીં ખૂલે છે : સઘન રાગ, દ્વેષ અટકે એટલે પ્રભુ વિશુદ્ધ મન-ઘરમાં પધારે. અને પ્રભુ પધારે એટલે શુદ્ધિ જ શુદ્ધિ.

• • •

જોકે, ફરી પ્રશ્ન અણસૂલઝ્યો રહ્યો. સઘન રાગ, દ્વેષ અટકાવવા શી રીતે ? ભક્ત તો છે સંપૂર્ણ અસહાય. શું કરી શકે એ ?

સ્તવનાના પ્રારંભમાં આ પ્રશ્નનો ઉત્તર અપાયો છે : 'સ્વામી ! તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું; અમે પણ તુમસું કામણ કરશું, ભક્તે ગ્રહી મનઘરમાં ધરશું...'

પરમાત્માનું દર્શન... એક સ્તબ્ધતા. ભાવવિભોરતા. એ ભાવવિભોરતાએ મનમાં ઊઠતા રાગ, દ્વેષના તોફાનને શાન્ત કરી દીધું. ને એ મનમાં પ્રભુની છબી ઊપસી. ભક્તિથી ભીના હૃદયમાં પ્રભુ ન આવે એવું બને ખરું ?

પ્રશ્ન થાય કે પ્રભુ તો મોક્ષમાં રહે... ભક્તના મનમાં શી રીતે તે આવે ? સરસ જવાબ અપાયો છે : 'મન વૈકુંઠ અકુંઠિત ભક્તે, યોગી ભાખે અનુભવ જુગતે...' અકુંઠિત ભક્તિ તે જ વૈકુંઠ, મોક્ષ.

અકુંઠિત ભક્તિ એટલે શું ?

કુંઠા એટલે અવરોધ. અવરોધ વગરની ભક્તિ તે અકુંઠિત ભક્તિ.

અકુંઠિત ભક્તિ પ્રભુના પ્રસાદને અન્તસ્તરમાં લઈ જવાની એક પદ્ધતિનું નામ છે. તમારો વિચાર / ઈચ્છા ભળે તો ભક્તિમાં અવરોધ પેદા થાય. ન જોઈએ કોઈ જ અપેક્ષા.

અહીં તો છે ભક્તિ માટે ભક્તિ. કશા માટે ભક્તિ નહિ. મહોપાધ્યાય યશોવિજયજી યાદ આવે : 'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન-વસી, જેહસું સબળ પ્રતિબંધ લાગો; ચમક પાષાણ જિમ લોહને ખિંચશે, મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો.'

• • •

સંત નાવમાં બેઠેલા. નાવમાં સહેજ કાણું પડ્યું. પાણી ધસારાબંધ અંદર આવવા લાગ્યું. સંત ચીપિયા વડે બીજું કાણું પાડવા મથે છે એ વખતે. લોકોને નવાઈ લાગી. લોકો પાણી ઉલેચે છે. સંત બહુ જ મોટા, પ્રભાવશાળી સંત હતા. એટલે એમને કોઈ કંઈ કહી શકતું નથી.

ત્યાં તો હોડી કિનારા ભણી આવવા લાગી. સંતે કાણું પાડવાની પ્રક્રિયા બંધ કરી અને તેઓ લોકોની જોડે પાણી ઉલેચવા લાગ્યા.

લોકોને નવાઈ લાગી. પૂછ્યું ત્યારે સંતે કહ્યું કે જ્યારે નાવમાં કાણું પડ્યું ત્યારે મેં માન્યું કે પ્રભુની ઈચ્છા નાવને ડુબાડવાની છે. અને જો પ્રભુની ઈચ્છા આ હોય તો આપણે એને વધાવવી જોઈએ. પણ જ્યાં નાવ કિનારા તરફ આવવા લાગી ત્યારે મને લાગ્યું કે પ્રભુ આપણને બચાવવા ચાહે છે. ત્યારે પ્રભુની એ ઈચ્છાને પણ મેં વધાવી.

• • •

પ્રભુશક્તિને અનુકૂળ વહેવું તે જ અકુંઠિત ભક્તિ. તમારી ઈચ્છા આવી એટલે ભક્તિ થઈ કુંઠિત.

• • •

'ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર...' આ પંક્તિઓની પૃષ્ઠભૂ પર કડીને સમજીએ : 'રાગાદિક પરિણામયુત, મન હિ અનન્ત સંસાર; તેહિ જ રાગાદિક રહિત, જાને પરમ પદ સાર...'

રાગ, દ્વેષ, ઈર્ષાથી છવાયેલું / ઊભરાયેલું મન તે સંસાર... રાગાદિકથી રહિત મન તે મોક્ષ...

તો, મોક્ષ માટેની સાધના થશે રાગ, દ્વેષ, અહંકારની શિથિલતા. સાધના બરોબર થઈ રહી છે કે નહિ તે જોવા/ચકાસવા માટે સાધકે એક જ પ્રશ્ન પોતાની જાતને પૂછવો જોઈએ : રાગ, દ્વેષ, અહંકાર શિથિલ બન્યા ?

જવાબ હકારમાં આવે તો જ લાગે કે સાધના બરોબર ચાલી રહી છે.

જોકે, આપણી સાધના પ્રત્યેનું આપણું અધિમૂલ્યાંકન - ઓવર એસ્ટિમેશન હોઈ શકે. અને એથી સદ્‌ગુરુ પાસે જઈને પૂછવું જોઈએ કે ગુરુદેવ ! મારી સાધના બરોબર ચાલે છે ને ?

'જાને પરમ પદ સાર...' રાગ, દ્વેષ, અહંકારની શિથિલતા તે મોક્ષપથ અને રાગ, દ્વેષ, અહંકારનો વિલય તે મોક્ષ.

મોક્ષ ક્યાં દૂર છે હવે ?

■

## ૩૯

## આધારસૂત્ર

*ભવપ્રપંચ મન-જાળકી,[1]*
*બાજી જૂઠી મૂળ;*
*ચાર પાંચ દિન ખુશ લગે,*
*અંત ધૂળકી ધૂળ[2]...(૩૯)*

ભવના વિસ્તાર રૂપ મનની આ માયાજાળ... શો અર્થ આ બધાનો ? ચાર દિવસનાં ચાંદરડાં જેવું. અંતે તો બધું વ્યર્થ, વ્યર્થ.

૧. જાળ એહિ, B  ૨. અંત ધૂલિ કી ધૂલિ, D

# ૩૯

## રેતનાં આ ઘર !

વરસાદ વરસેલો છે. પછી તડકો પડ્યો છે. ભીની ભીની રેતી, બાળકને મળેલું નિમંત્રણ. કુદરતે સ્વહસ્તે લખેલી આ નિમંત્રણ પત્રિકા. કયું બાળક આ આમંત્રણને ઠુકરાવી શકે ? રેતમાં પગ નાખીને, મઝાના આકાર આપીને ઘર બનાવવામાં આવ્યું. બીજાં

બાળકોએ એ 'ઘર' સાથે થોડાંક ચેડાં કર્યાં ત્યારે હાથોહાથની જામી પણ ગઈ. પરંતુ, મમ્મીનું જમવાનું આમંત્રણ આવ્યું ને બધાં બાળકો પાટું લગાવીને 'ઘર'ને પાડીને રવાના થઈ ગયા.

ભીતરી યાત્રાના સ્તર પર આ ઘટનાને જોઈ છે મહોપાધ્યાય યશોવિજય મહારાજે આઠદૃષ્ટિની સજ્ઝાયમાં : 'બાલ્ય ધૂલિઘર લીલા સરખી, ભવચેષ્ટા ઈહાં ભાસે રે...'

પાંચમી દૃષ્ટિમાં આવેલ સાધકને સંસારનો 'ખેલ' બાળકોના રેતના ઘર જેવો લાગે છે. 'શો અર્થ આનો ?'... એક તીવ્ર મન્થન ભીતર ચાલ્યા કરે છે.

• • •

ક્રિયાઓ ચાલી રહી હોય - બોલવાની, ચાલવાની, ખાવાની... પણ કર્તા ક્યાં છે ? કર્તા તો નિજ-ગુણમાં ખેલી રહ્યો છે.

વૈભાવિક કર્તૃત્વ કેવું હતું ? ભાષા-વર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કર્યાં, છોડ્યા; આમાં તમારું કર્તૃત્વ શું હતું ? તમે કહેશો : હું સરસ બોલ્યો ! તમારું પ્રદાન આમાં શું ?

એ માટે આ દૃષ્ટિ લાવી શકાય : તમારાં વચનોને જેમણે સંસ્કારિત કર્યાં, એ શિક્ષાવિદો અને ગ્રન્થોને હવાલે તમારા વાક્ચાતુર્યને તમે ન મૂકી શકો ? કેટલા બધા વિદ્યાગુરુઓએ આપણી બુદ્ધિને / અભિવ્યક્તિની કળાને મઠારી છે. આપણું મન તો હતું અણઘડ પથ્થરનો ટુકડો. જેને તરાસીને આ કળાસ્વામીઓએ એને અદ્ભુત શિલ્પમાં ફેરવ્યું.

માઈકલ ઍન્જલોનો હાથ ન ફર્યો હોત તો 'પિએટા'નું શિલ્પ ક્યાંથી મળત ? વેટિકન સિટીમાં સંત પિટરના દેવળમાં આવેલ આ શિલ્પ માઈકલ ઍન્જલોના અદ્ભુત સર્જનો પૈકીનું એક છે. વધસ્તંભ પરથી ઉતારાયેલ ઈસુના દેહને મા મેરીના ખોળામાં મુકાયેલ છે એ આ શિલ્પ ભાવવિન્યાસની દૃષ્ટિએ વિશ્વના શ્રેષ્ઠ શિલ્પોમાં અગ્રણી હરોળમાં આવે છે.

અણઘડ પથ્થર પર માઈકલનો હાથ ન ફર્યો હોત તો એકાદ ઘરના પગથિયાથી વધુ એ શું હોત ?

• • •

ઉપનિષદ્‌ની પરા વાણી યાદ આવે. 'यस्य भासा विभाति इदं सर्वम्'.... 'તે'ના - પરમાત્માના પ્રકાશથી બધું ઝળહળે છે.

પરમાત્માનાં વચનોનો સૂર્યપ્રકાશ. પણ આપણા હૃદયના ભોંયરાને પ્રકાશિત કરવા શું કરવું ? સદ્‌ગુરુ નાનકડા ટમટમિયાને (આપણે સમજી શકીએ તેવા સરળ શબ્દોને) ભીતર ઉતારશે. ને લ્યો, ભોંયરું પ્રકાશિત થઈ ગયું !

ગુરુમયતાની એ ક્ષણો... મીરાં યાદ આવે : 'ચરણ બિના મોહિ કછુ નહિ ભાવે...' આ શ્રીચરણો વિના હવે ક્યાંય રહી શકાય નહિ. કેવાં શીતલ આ ચરણો !

અરણિક મુનિએ અનુભવી'તી ગુરુચરણોની આ ઠંડક. એવી ઠંડક, જેને ધગધગતી શિલા પરનો નિવાસ પણ દૂર ન કરી શકી.

પવિત્ર ઉત્તરાધ્યયન સૂત્ર એટલે જ કહે છે : 'उवचिट्ठे गुरुं सया...' ગુરુની નજીક રહેવાનું. એવા નજીક કે આપણો દીવોય ઝગી ઊઠે !

પરમાત્માએ જ્ઞાન આપ્યું. એમના પ્રતિનિધિ સમા સદ્‌ગુરુઓએ જ્ઞાન આપ્યું. બધું જ્યારે એમનું જ છે, ત્યારે આપણું કૃતિત્વ - પ્રવચન આદિમાં - ક્યાં રહે છે ?

• • •

તો, આ મઝાની ક્ષણો હોય છે, જ્યારે ક્રિયા છે, કર્તા નથી. બોલાઈ રહ્યું છે. બોલનાર અદૃશ્ય છે. તમારું કૃતિત્વ નથી ને !

તમારું કૃતિત્વ ઊડ્યું, તમે દ્રષ્ટાભાવમાં આવ્યા; વૈભાવિક કાર્યો નિરર્થક નિરર્થક લાગ્યા કરશે. લાગે કે કૃતિત્વના કેટલા છીછરા પાણીમાં કેટલી ખરાબ રીતે ડૂબ્યા હતા આપણે ?

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ : 'ભવપ્રપંચ મન-જાળકી, બાજી જૂઠી મૂળ; ચાર પાંચ દિન ખુશ લગે, અંત ધૂળકી ધૂળ...'

સંસારનો વિસ્તાર જેનાથી થયો એ આ મન... શો અર્થ આ મનનો ? મન કૃતિત્વમાં રાચે : 'મેં આ કર્યું...' અને જો એનો પ્રતિવાદ થશે તો...? સામાજિક ક્રિયા-કલાપોમાં આવી ઘટનાઓ ઘટતી ઘણી વાર આપણે જોઈએ છીએ. એક વ્યક્તિને લાગે કે પોતે આ કાર્ય સરસ રીતે કર્યું છે. બીજાઓને એવું ન લાગે. એ લોકો એનો વિરોધ કરે. પેલી વ્યક્તિ હતાશ થઈ જાય.

કડી કહે છે : 'ચાર પાંચ દિન ખુશ લગે, અંત ધૂળકી ધૂળ...' શો અર્થ આ ચાર દિવસની ચાંદનીનો ?

હકીકતમાં, ચાર-પાંચ દિવસ પણ મોટો સમયગાળો છે. એક પણ વૈભાવિક કૃતિત્વમાં તમને થોડો સમય પ્રસન્નતા આપવાની પણ ક્ષમતા છે ખરી ?

■

## ૪૦

# આધાર સૂત્ર

*મોહ બાગુરી[1] જાલ મન,*
*તામેં મૃગ મત[2] હોઉ;*
*યામેં જે મુનિ નહિ પરે,*
*તાકું અસુખ ન કોઉ ... (૪૦)*

મોહરૂપી પારધી/ શિકારી મનરૂપી જાળ દ્વારા આત્મારૂપી હરણિયાને પકડવા ઈચ્છે છે.

જે મુનિ આ મોહની ચુંગાલમાં ફસાતો નથી, તેને કોઈ તકલીફ નથી.

[બાગુરી = પારધી]
[તામેં = તેમાં]
[યામેં = એમાં]
[તાકું = તેને]

૧. વાગરી, A - B - F    ૨. મતિ, B

# ૪૦

## 'મા'ને જે ગમે તે...

એકલવ્ય ગુણ દ્રોણ પાસે જાય છે અને વિનંતી કરે છે : મને ધનુર્વિદ્યા શીખવો ! ગુરુ ના પાડે છે.

એકલવ્યનું શિષ્યત્વ બને છે અહીં ગરિમામંડિત. એ ગુરુની 'ના' નો

સ્વીકાર કરે છે. એ જાણવા પણ નથી માંગતો કે ગુરુ શા માટે ના પાડે છે.

અદ્ભુત આ ઘટના.

એકલવ્ય અહીં છે માત્ર સ્વીકારની મુદ્રામાં. ગુરુ તરફથી 'હા' વરસી હોત તોય સ્વીકાર હતો; 'ના' વરસી છે, તોય સ્વીકાર છે. ગુરુ તરફથી જે વરસે તે ઝીલવું. શિષ્યત્વનો કેટલો અદ્ભુત અર્થ એકલવ્યે ખોલ્યો છે !

એકલવ્ય હતો ગુરુમય. એવી ગુરુમયતા જ્યાં એકલવ્યત્વ હતું જ નહિ ! ત્યાં તો હતું સદ્ગુરુના સમંદરનું એક મોજું. અને મોજાને તમે શી રીતે નામ આપો ?

• • •

ગુરુ દ્રોણની બાજુ શું હતું ?

એકલવ્ય ઘરે ગયો અને માટીની ગુરુ દ્રોણની મૂર્તિ બનાવી, તેની પૂજા કરી તે ભણવા લાગ્યો. પ્રખર ધનુર્ધર તે બની પણ ગયો.

ચિન્મય દ્રોણ પાસેથી અર્જુન જે ન પામી શક્યો, તે મૃણ્મય દ્રોણ પાસેથી એકલવ્ય પામી ગયો.

કદાચ, ગુરુ દ્રોણ એ પ્રસ્થાપિત કરવા માગતા હતા કે શિષ્યત્વનું પ્રગટી ઊઠવું એ જ મહત્ત્વનું હતું. એકલવ્યનું શિષ્યત્વ મુખરિત બન્યું અને તે આગળ પહોંચી ગયો.

• • •

શિષ્ય હોય પથ્થરના ટુકડા જેવો. શિષ્ય હોય બરફના ગચિયા જેવો. શિષ્ય હોય પાણી જેવો.

પહેલી ભૂમિકા છે વ્યવહારુ શિષ્યત્વની. ગુરુના જળપાત્રમાં પથ્થરનો એ ટુકડો કેમ ગળી શકે ? ને ચૂરો કરીને નાખો તોય જળપાત્રમાં પથ્થરનાં ચૂર્ણનો શો અર્થ ?

બીજી ભૂમિકા : બરફનું ગચિયું છે શિષ્ય. તોડવું પડે.

ઈચ્છાઓથી સખત બનેલ પડ હોય, પણ ગુરુના વચન-દંડથી તે તૂટી શકે. ઓગળી શકે. એક આભિજાત્ય. એક જન્મજાત કોમળતા. મોટાઓ કહે તે સ્વીકારી લેવાનો સ્વભાવ.

ત્રીજી ભૂમિકામાં શિષ્ય છે પાણી જેવો. પાણીને જે પાત્રમાં નાખો તે પાત્રમાં તે તદાકાર બની જાય. શિષ્ય અહીં છે ઈચ્છારહિત. ગુરુદેવ કહે તેમ કરવું છે. પોતે આકાર-રહિત હોવાથી ગુરુની આજ્ઞાના પાત્રમાં તે પ્રમાણેનો આકાર તે લઈ લે છે !

• • •

પોતાની જાત પરની અનાસ્થા, એ જ તો શ્રદ્ધાનું સ્વરૂપ છે ને ! આ શ્રદ્ધા અભિવ્યક્ત થાય છે પ્રભુમયતા રૂપે, ગુરુમયતારૂપે.

શ્રદ્ધા... જે સાધકના વ્યક્તિત્વને અદશ્ય કરી દે. સાધકના મનને અપાઈ જાય અલવિદા. એ મન, જે ગણતરી કર્યા કરતું હતું. એ મન, જે એક વર્તુળમાં સર્યા કરતું હતું. એ મન, જેને કોઈ જ નવી ગતિનો અનુભવ નહોતો. એ મન, જે મોહની સેનામાં ભળેલ હતું.

આ પૃષ્ઠભૂ પર કડીને લઈએ : 'મોહ બાગુરી જાલ મન, તામેં મૃગ મત હોઉ; યામેં જે મુનિ નવિ પરે, તાકું અસુખ ન કોઉ...'

મોહ રૂપી પારધી પ્રારંભિક સાધક રૂપી હરણને મનની જાળ વડે પકડવાના પ્રયત્નો કરે છે. એ મનની જાળમાં જે ફસાતા નથી, એ મુનિને ક્યારેય પીડા નથી હોતી.

મનની જાળ ક્યારે સાધકને ફસાવે ? જ્યારે એ ઈચ્છાના દર્દથી પીડાતો હોય ત્યારે... 'મને આ ગમે...' આ એવા દર્દીનું ધ્રુવ પદ હોય છે. 'મને આ ગમે...' 'મને આ ફાવે...'

આમાં એક જ કાનો ઉમેરી દેવાય તો... ? 'મને'ને બદલે 'માને'... 'મા'ને જે ગમે તે કરવું છે... પ્રભુમાને અને ગુરુમાને ગમે તે જ કરવું છે. બસ, મનની જાળમાં હવે સાધક ક્યારેય નહિ ફસાય.

■

## ૪૧

## આધાર સૂત્ર

*જબ નિજ મન સન્મુખ હુએ,*
*[1] ચિંતે ન પર ગુણ-દોષ;★*
*તબ બહુરાઈ લગાઈએ,*
*જ્ઞાનધ્યાન રસ પોષ...(૪૧)*

પોતાના મનની સન્મુખ પ્રગટ થતા ગુણ અને દોષની વિચારણા જ્યારે અટકી ગઈ હોય ત્યારે જ્ઞાન અને ધ્યાનના ઊંડાણમાં ડૂબકી લગાવીને તેના રસને પુષ્ટ કરવો જોઈએ.

[બહુરાઈ = ઊંડાણથી]

**૧. ચિતવત પરગુણ દોષ, A - C ચિતવ ન પરગુણ દોષ, B - F ચિતવિ ન પરગુણ દોષ, D**

---

★ ચિન્તવત પર ગુણદોષ... (પાઠાન્તર)

મનમાં જ્યારે બીજાના ગુણ કે દોષની વિચારણા ચાલતી હોય ત્યારે જ્ઞાન અને ધ્યાનના ઊંડાણમાં ડૂબકી લગાવીને તેના રસને પુષ્ટ કરવો જોઈએ.

# ૪૧

## અદ્‌ભુત રસાસ્વાદ

પરદોષદર્શન કેમ થાય છે ?

આપણી જોવાની ખામીને કારણે. મારા ચશ્માના કાચમાં ડાઘ છે, તો મને ફરસ પર અને ભીંત પર ડાઘ દેખાય છે. જે ક્ષણે મને આ ખ્યાલ આવે અને

હું મારા ચશ્માના કાચને લૂછી નાંખું; ફરસના ને ભીંતના ડાઘ હવે ક્યાં છે ?

• • •

જ્ઞાનસાર ગ્રન્થે પણ એક સરસ આયામ આપ્યો છે : કોઈ વ્યક્તિમાં દોષ જોવાયો, તો એ એના કર્મના ઉદયને કારણે છે. એ આત્માનું સ્વરૂપ થોડું એવું છે ? તો, કર્મોદયકૃત વિષમતાને બાજુમાં રાખી તે આત્માની અનન્ત ગુણાત્મકતા ભણી નજર ન જઈ શકે ?[૨]

કોલસાની ખાણમાંથી એક કર્મચારી સાંજે બહાર આવે. એનું પૂરું શરીર કોલસાની રજથી રજોટાયેલું હોય. ચહેરો કાળો, કાળો લાગતો હોય, પણ એને ઓળખનાર વ્યક્તિને ખ્યાલ છે કે એની આ દેખીતી કાળાશ ઉપરછલ્લી જ છે. નળ નીચે બેસતાં જ એ કાળાશ છૂ થઈ જવાની છે અને એની ચામડીનો ગૌર વર્ણ છતો થવાનો છે. આ ખ્યાલ હોય ત્યારે એની કાળાશ જોતાં અભાવ નથી થતો. એમ જ ક્રોધ, લોભ આદિ દોષો કોઈમાં જોયા; પણ એ દોષો એનું ઉપરછલ્લું જ રૂપ છે એ ખ્યાલ આવે તો...?

• • •

દોષદર્શનથી છૂટવાનો એક બીજો આયામ...

પોતાના સંબંધીને કેન્સર થયું છે એ સાંભળ્યા પછીનો સામાન્ય વ્યક્તિનો પ્રતિભાવ આવો હોય છે : અરે, એમને કેન્સર થયું ? અહીં સહાનુભૂતિનો ભાવ ભળેલો હોય છે.

તો, દોષોનું કેન્સર કોઈને છે એ સમાચાર સહાનુભૂતિ ન જગાડે ?

• • •

---

૨. अनिच्छन् कर्मवैषम्यं, ब्रह्मांशेन समं जगत् ।

પોતાનાથી ચઢિયાતી વ્યક્તિમાં થતું દોષદર્શન તો આપણા માટે બહુ જ નુકસાનકારક સાબિત થઈ શકે. સાધકને થાય કે આવા મોટા સાધકમાંય ક્રોધ છે, તો મારામાં હોય તો શો વાંધો ?

પોતાના દોષને સારો માનવા સુધી સાધક નીચે ઊતરે તે કેટલું ખોટું ?

• • •

મારા દાદાગુરુદેવે મને એકવાર કહેલું : દીકરા ! વેપારીનો દીકરો ક્યારેય ખોટનો ધંધો કરે ખરો ? મેં કહેલું : નાજી, ના કરે. તેઓશ્રીએ હળુવેથી ઉમેર્યું : બીજાના દોષને જોવા એ કેવો ધંધો કહેવાય ? ખોટનો જ ને ? એથી મળે શું ?

• • •

કડી કહે છે : 'ચિંતે ન પર ગુણ દોષ.' પરદોષદર્શન તો નથી કરવું. પરગુણદર્શન પણ, સાધનાની એક ભૂમિકાએ, કરવાનું નથી હોતું.

પરગુણદર્શન મઝાની સાધના છે. બીજાના દોષો દેખાવા શરૂ થાય એ જ ક્ષણે એ જ વ્યક્તિમાં રહેલ ગુણો દેખાઈ આવે તો...? તો, દોષદર્શન અટકી જશે.

તો, પરગુણદર્શનની સાધના થઈ સકારણ સાધના. દોષદર્શન થાય ત્યારે ગુણદર્શન કરવાનું. એ જ રીતે, પ્રમોદભાવનાના લયમાં ગુણદર્શન કરવાનું.

પણ પછી, સાધનાની એવી એક ઊંચી ભૂમિકા આવે છે, જ્યારે સાધક માત્ર પોતામાં ડૂબેલ હોય છે. સ્વરૂપમાં તન્મયતા. સ્વગુણમાં તન્મયતા. આ ક્ષણોમાં પરગુણદર્શન નથી રહેતું.

આમ જુઓ તો, ત્યાં - તે ક્ષણોમાં - સ્વગુણદર્શન પણ નથી હોતું, તો પરગુણદર્શન ક્યાંથી હોય ? ત્યાં હોય છે સ્વગુણાનુભૂતિ.

• • •

'જબ નિજ મન સન્મુખ હુએ, ચિંતે ન પર ગુણ દોષ...' મનની સમક્ષ પ્રગટ થતાં ગુણ-દોષોની ચિંતા જ્યારે નીકળી ગઈ, ત્યારે સાધક શું કરે ? ત્યારે એ જ્ઞાન અને ધ્યાનની ઊંડાઈઓમાં ખોવાઈ જાય. 'તબ બહુરાઈ લગાઈએ, જ્ઞાનધ્યાન રસ પોષ...'

એવી ડૂબકી કે જ્ઞાન અને ધ્યાનના અતલ ઊંડાણમાં પ્રવેશી સાધક જ્ઞાન અને ધ્યાનના દિવ્ય રસને અનુભવવા લાગે.

આ રસ...

પૂજ્ય માનવિજય મહારાજ કહે છે : અગણિત અતીતમાં ક્યારેય આવો રસ ચાખ્યો નથી.[3]

જ્ઞાન-ધ્યાનના રસને પુષ્ટ કરવો છે. દેખીતી રીતે, ઊંડાણની વાત અહીં છે. આપણી સાધનાને સ્વાધ્યાયની લંબાઈ છે, અનુષ્ઠાનોની પહોળાઈ છે. હવે એમાં અનુભૂતિની ઊંડાઈ ભળે તો જ્ઞાન અને ધ્યાનની ઊંચાઈ પ્રાપ્ત થાય. દિવ્ય આનંદલોકમાં સાધકનો પ્રવેશ થઈ રહે. 'તબ બહુરાઈ લગાઈએ, જ્ઞાનધ્યાન રસ પોષ.'

• • •

---

(૩) અજિત જિનેસર ચરણની સેવા, હેવાએ હું હળિયો;
કહીએ અણચાખ્યો પણ અનુભવ રસનો ટાણો મિલિયો...

પ્રશમરતિ પ્રકરણની આર્યા યાદ આવે: 'यावत्परगुणदोष-परिकीर्तने व्यापृतं मनो भवति । तावद्वरं विशुद्धे ध्याने व्यग्रं मनः कर्तुम् ॥ १८४ ॥'

આ આર્યાને સામે રાખીએ ત્યારે સમાધિશતકની પ્રસ્તુત કડી આ રીતે પણ સમજાય : 'જબ નિજ મન સન્મુખ હુએ, ચિન્તવત પર ગુણ દોષ; તબ બહુરાઈ લગાઈએ, જ્ઞાનધ્યાન રસ પોષ...'

'ચિન્તવત પર ગુણ દોષ...' પરના દોષો દેખાતા હોય ત્યારે તો જ્ઞાન-ધ્યાનના ઊંડાણમાં જતા રહેવું જોઈએ. પણ પરના ગુણો જોવામાં શો વાંધો ? મનની છલના ત્યાં પ્રવેશે તો વાંધો હોઈ શકે.

મન કઈ રીતે કામ કરે છે ? પહેલાં એ નક્કી કરે છે કે અમુક વ્યક્તિ સારી છે. પછી એના નાના પણ ગુણની એ પ્રશંસા કરે છે. અહીં પ્રશંસા તે ગુણની છે કે તે વ્યક્તિની છે ? અચ્છા, વ્યક્તિની સારપ પણ એણે કઈ રીતે નક્કી કરી ? પોતાને એ અનુકૂળ છે માટે તે વ્યક્તિ સારી છે; એવું મન નક્કી કરે છે.

તો, આમાં ગુણને જોવાની વાત ક્યાં આવી ? અહીં તો કેન્દ્રમાં અહંકાર જ છે. આવી રીતે પરના ગુણોને જોવાનો/વિચારવાનો કોઈ અર્થ નથી. માટે કહ્યું કે મન આવી રીતે પરગુણમાં જતું હોય તો પણ એને એમાંથી રોકી જ્ઞાન-ધ્યાનમાં મૂકવું.

■

## ૪૨
## આધાર સૂત્ર

*અહંકાર પરમેં ધરત,*
*ન લહે નિજ ગુણગંધ[1];*
*અહંજ્ઞાન નિજ ગુણ લગે,*
*છૂટે પરહીં[2] સંબંધ...(૪૨)*

પરમાં / શરીર, ધન આદિમાં હુંપણાની બુદ્ધિ હોય તો પોતાના ગુણોની આછીસી સુગંધ પણ મળતી નથી. હા, જો પોતાના ગુણોની સૃષ્ટિ તરફ જોવાય તો પર સાથેનો સંબંધ છૂટે.

૧. અંધ, B ૨. છૂટે પર સંબંધ, B

# ૪૨

## હું કોણ છું ?

મને પ્રાણાયામ અને યોગાસનો શીખવવા એક પ્રશિક્ષક આવતા હતા. એકવાર તેઓ વહેલાં આવી ગયેલા. મારું પ્રવચન ચાલુ હતું. પ્રવચન પત્યે હું ઉપર ગયો.

યોગ-પ્રશિક્ષકે મને કહ્યું : તમારું પ્રવચન આજે મેં સાંભળ્યું. મારે એક વાત તમને પૂછવી છે : પ્રવચન સારું અપાયું હોય તો તમને શો ભાવ ઊઠે ? અને બરોબર ન ગયું હોય તો...?

મેં કહ્યું : સારું પ્રવચન ગયું હોય તો અહંકાર ઊઠે. નહિતર,ગ્લાનિ.

એમણે મને સરસ વાત કહેલી. તેઓ કહે : તમારી સભામાં બસો-ત્રણસો શ્રોતાઓ હશે. એટલા શ્રોતાઓ ખુશ થાય કે નાખુશ; શો ફરક પડે ? બે-ચાર લાખ માણસોને પોતાની વાણી વડે ડોલાવનાર વક્તા કદાચ અહંકાર કરે, તો તેના અહંકારનું Status કહેવાય... આમાં તમારા અહંકારનું સ્ટેટસ શું ?

મને આ વાત બહુ જ ગમી ગઈ. થયું કે આટલી નાની વાતમાં અહંકાર; ખૂંચે તેવી વસ્તુ નથી ?

• • •

મિલારેપાની વાત યાદ આવે.

મિલારેપા અત્યંત વિદ્વાન. સાધનાની અદમ્ય ભૂખ જાગી. ગયા તેઓ નારોપા ગુરુ પાસે. કહ્યું : મને સાધનાદીક્ષા આપો ! ગુરુ તો ચહેરો જોઈને નક્કી કરે છે કે અહંકારમયી આ ચેતના છે. એના આ 'હું'ને કાઢી નખાય, તો સાધના આપી શકાય.

ગુરુએ કરેલો પ્રયોગ મઝાનો હતો. તેમણે મિલારેપાને કહ્યું : આશ્રમમાં એક કુટિર બનાવવાની છે. બાજુના પહાડમાંથી પથ્થરો તોડીને ગાડામાં ભરી લઈ આવ !

સાધના સદ્ગુરુની શરતે જ થઈ શકે આ વાતની મિલારેપાને જાણ હતી. એણે એ વાત સ્વીકારી. સવારે પથ્થરો તોડવા માટે તે જાય. સાંજ ઢળતાં ગાડું ભરીને પથ્થર લઈ પાછો ફરે... સાંજે પણ ગુરુ પાસે જાય. ગુરુ એના ચહેરાને જોઈને કહે : સવારે મળજે. સવારે આવે એટલે કહે : હજુ પથ્થર તોડવાના છે.

સાતમી સાંજે મિલારેપા ગાડામાં પથ્થર ભરી આશ્રમ ભણી આવી રહ્યો છે ત્યારે એને થયું કે ગુરુદેવ આ શું કરી રહ્યા છે ?

અને અચાનક પ્રકાશ સાંપડ્યો. તેને ખ્યાલ આવ્યો કે ગુરુ પથ્થરો તોડાવતા નહોતા, તેઓ પોતાને તોડી રહ્યા હતા. અને એને પોતાનો અહંકાર ખટક્યો. અહંકાર શિથિલ થયો. તે ગુરુ પાસે આવ્યો. ગુરુએ એને જોઈને કહ્યું : ચાલ, અત્યારે જ તને સાધનાદીક્ષા આપી દઉં !

મિલારેપા દીક્ષિત થઈ ગયો.

અહંકારની શિથિલતાની પૃષ્ઠભૂ પર ગુરુએ તેને દીક્ષા આપી.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને મમળાવીએ : ‘અહંકાર પરમેં ધરત, ન લહે નિજ ગુણગંધ’... પરમાં, શરીર આદિમાં હુંપણાની બુદ્ધિ છે, ત્યાં સુધી ચૈતન્યયાત્રા શરૂ જ ક્યાં થશે ? અને ભીતરી યાત્રા શરૂ જ ન થાય તો પોતાના ગુણોની સુગંધ ક્યાંથી મળવાની ?

આપણે અનામ અનુભવ - નેઈમલેસ એક્સપીરિયન્સ - છીએ અને છતાં નામમાં કેવા બંધાઈ ગયા છીએ !

નામ તો વ્યવસ્થા માટેની વસ્તુ છે. અબજો માણસોથી છલકાતી દુનિયામાં બાહ્ય વ્યવહાર ચલાવવા માટે નામ આપવું જોઈએ. (હૉસ્પિટલોમાં નામને

બદલે નંબર અપાય છે દર્દીને.) આ નામની ખીંટીનો ઉપયોગ 'હું'ને ટીંગાડવા માટે આપણે કર્યો ! 'હું'ના ભારથી નામની ખીંટી ઊખડી જ જાય ને !

એક સાધક ગુરુ પાસે ગયો. તેનો આગળનો અભ્યાસ જોઈ ગુરુએ તેના અભ્યાસને આગળ વધારતાં કહ્યું : 'તું તારું નામ નથી.' સાધક ગુરુ પાસે બેઠો. તે પોતાના આ અભ્યાસને પાક્કો કરવા લાગ્યો. એનું નામ હતું રમ્યઘોષ.

અર્ધો કલાક પછી ગુરુએ બૂમ મારી : રમ્યઘોષ ! અને તેણે કહ્યું : જી. ફરમાવો.

ગુરુ હસ્યા. કહે : શું ફરમાવું ? તું રમ્યઘોષ છે ? 'તું તારું નામ નથી' એ પાઠનું શું થયું ?

• • •

પદાર્થો પર રાગ છે. વ્યક્તિઓ પર રાગ છે. દેહ પર રાગ છે પણ સહુથી ઊંડો રાગ 'હું' પર છે.

હું...

શું છે આ હું ?

રમણ મહર્ષિ કહેતા : હું કોણ ? હું કોણ ? તમારી જાતને પૂછ્યા કરો. નામ તમે છો ? રૂપ તમે છો ? મન તમે છો ?

અમૃતવેલની સજ્ઝાયની એક કડીનો એક શબ્દ ફેરવીને જવાબ આપી શકાય : 'દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન મુજ[૧] રૂપ રે; અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે...'

---

(૧) તુજ

સાચું હું પકડમાં આવે, તો ખોટુકલો અહંબોધ વિશીર્ણ થઈ રહે. 'અહં જ્ઞાન નિજ ગુણ લગે, છૂટે પરહી સંબંધ.'

બુદ્ધિ અને અહંકારની જુગલબંધી વિદાય લેશે, અને શ્રદ્ધા અને મેધાની જુગલબંધી ભીતર ઝંકૃત થશે.

બુદ્ધિ અહંકારને છાવરશે. પોતાના મહોરા નીચે એ અહંકારને છુપાવવાની કોશિશ કરશે. એક સંસ્કૃત સુભાષિત યાદ આવે : અહંકાર બુદ્ધિને કહે છે કે તું સૂતેલ આત્માને જગાડીશ નહિ; જો એ જાગી ગયો તો ન હું રહીશ, ન તું રહેશે.[૨]

અહંકારયુક્ત વિચારસરણી તે બુદ્ધિ. શ્રદ્ધાયુક્ત વિચારસરણી તે મેધા, પ્રજ્ઞા.

સાધનામાર્ગમાં આમ પણ, બુદ્ધિનું શું પ્રયોજન ? ગમે એટલો હોંશિયાર માણસ ચાલતો હોય, કોઈ ગામ ભણી જતો હોય; બે માર્ગ આવે અને માર્ગસૂચક પટ્ટિકા ન હોય તો એની બુદ્ધિ ત્યાં શું કરી શકે ? અપરિચિત માર્ગ પર એની બુદ્ધિ શું કામમાં આવે ?

એમ જ, જ્યારે સાધનાનો માર્ગ અનભ્યસ્ત છે ત્યારે, બુદ્ધિ શું કરશે ? ત્યાં તો પ્રભુવચનો પરની શ્રદ્ધા, સદ્‌ગુરુઓ પરની શ્રદ્ધા જ કામ લાગશે. 'અહંજ્ઞાન નિજ ગુણ લગે, છૂટે પરહી સંબંધ...' બુદ્ધિ અને અહંકારની જુગલબંધી ગઈ; શ્રદ્ધા અને મેધાનું દ્વન્દ્વ ભીતર આવ્યું; હવે પરનો સંબંધ સમાપ્ત. હવે પ્રવેશ થાય છે આનન્દલોકમાં.

■

---

(૨) अहङ्कारो धियं ब्रूते, मैनं सुप्तमुत्थापय...न त्वं नाहम् ।

## ૪૩

## આધાર સૂત્ર

*અર્થ ત્રિલિંગી પદ લહે,[1]*
*સો નહિ આતમરૂપ;*
*તો પદ કરી ક્યું પાઈએ,*
*અનુભવગમ્ય સ્વરૂપ...(૪૩)*

આત્મા શબ્દનો અર્થ (તે તે પર્યાયોમાં ફરે તે આત્મા... अतति तांस्तान् पर्यायान्.) કે તેનું લિંગ જાણવાથી સાધના જગતમાં પ્રવેશ શી રીતે મળે ? અનુભવ ગમ્ય સ્વરૂપ છે આત્માનું. વ્યાકરણની દૃષ્ટિએ પૃથક્કરણ કરવાથી શું મળે ?

૧. કહે, B - D

# ૪૩

'કહન સુનનકો કછુ નહિ,
પ્યારે !

ઋષિઓને, મહામુનિઓને આપણે મન્ત્રદ્રષ્ટા કહીએ છીએ, મન્ત્રસ્રષ્ટા નહિ. મન્ત્રદર્શન પશ્યન્તી ભાષાનો વિષય છે. પૂર્વ મુનિઓએ મન્ત્ર રચેલ હોય, કો'ક કારણસર પરંપરામાં તે પ્રવાહિત ન રહેલ હોય

(અધિકારી શિષ્યો ન મળવા આદિના કારણે), અને વાતાવરણમાં તે સચવાયેલ હોય... 'પશ્યન્તી'ના લયમાં તે મન્ત્રને ઋષિ 'વાંચે' અને ફરીથી તેને પ્રવાહિત કરે.

એક ગ્રન્થ કે એક અથવા અનેક મન્ત્રો એક મહાપુરુષે ઘણા સમય લગી એક સ્થાનમાં અધિકારી શિષ્યોને આપેલ હોય ત્યારે એ ગ્રન્થ અને મન્ત્રનાં આંદોલનો એ મકાનમાં ઘૂમરાઈ રહે એવું બને. પાછળથી કોઈ અધિકૃત વ્યક્તિ ત્યાં આવે અને એને પેલાં આંદોલનો મળે.

આપણા ઘણા ગ્રન્થોમાં કર્તાએ પોતાનું નામ છોડ્યું નથી; માનવાનું મન થાય કે એમણે લુપ્ત થયેલ એવા એ ગ્રન્થને 'પશ્યન્તી'ના લયમાં વાંચ્યો હોય, કાગળ પર તેને ઉતાર્યો હોય... પણ કૃતિકાર તરીકે પોતાનું નામ તેઓ શી રીતે મૂકે ? એમણે તો કૃતિને વાંચી, લખી; સર્જી ક્યાં છે ?

પશ્યન્તી અને પરા ભાષામાં ફરક એ પડશે કે પશ્યન્તીમાં શબ્દો મૂળ સ્વરૂપે જોવાશે, ઝીલાશે... પરામાં માત્ર ભાવ મળશે, જે પછીથી તેને ઝીલનારના શબ્દોમાં ઢળાયા કરશે.

• • •

જ્ઞાનપંચમીના દેવવન્દનમાં વૈખરીથી પરા સુધીની ભાષાનો લય સમજાવવામાં આવેલ છે :

અનામીના નામનો રે, કિસ્યો વિશેષ કહેવાય;

એ તો મધ્યમા વૈખરી રે, વચન ઉલ્લેખ ઠરાય...

ધ્યાન ટાણે પ્રભુ તું હોવે રે, અલખ અગોચર રૂપ;

પરા પશ્યન્તી પામીને રે, કાંઈ પ્રમાણે મુનિ ભૂપ...

• • •

વૈખરી...

હોઠેથી વહેતી શબ્દધારા.

એ શબ્દો સાથે અર્થનું અનુસંધાન થાય ત્યારે મધ્યમા. મન સુધી આવેલી કે મનમાં ઊઠેલી વિચારધારા.

અનામી પરમાત્માનું નામ એ વૈખરી અને મધ્યમા સુધીની સંઘટના છે. 'અનામીના નામનો રે, કિસ્યો વિશેષ કહેવાય ?' પેલે પારની દુનિયામાં ડૂબેલ વ્યક્તિ બીજું કહે પણ શું ?

પરંતુ, આ પાર જોઈએ તો પ્રભુનું નામ એક અદ્ભુત પ્રાપ્તિ છે.

સામે છેડે, પશ્યન્તી અને પરાની બાજુ પહોંચેલા વ્યક્તિત્વો અશબ્દની, ધ્યાનની દુનિયામાં હોય છે. પ્રભુતાનું સાક્ષાત્ દર્શન અને અનુભવન ત્યાં હોય છે. એ દુનિયામાં નામમન્ત્રના રટણને બદલે પ્રભુનું અનુભૂતિમૂલક દર્શન હોય છે.

• • •

પશ્યન્તી અને પરાને શબ્દો (મન્ત્ર, ગ્રન્થ)ના સ્તર પર જોયા. એમને આત્મસ્વરૂપ તરફ ઢળતી વિધિ તરીકે પણ લઈ શકાય. કડી પ્યારી છે : 'ધ્યાન ટાણે પ્રભુ તું હોવે રે, અલખ અગોચર રૂપ; પરા પશ્યન્તી પામીને રે, કાંઈ પ્રમાણે મુનિભૂપ...'

પ્રભુગુણો કે આત્મગુણોના દર્શનને પશ્યન્તીના રૂપમાં લઈ શકાય.

પ્રભુસ્વરૂપ કે નિર્મળ આત્મસ્વરૂપના દર્શન ! અનુભવનને પરાના લયમાં જોઈ શકાય.

પ્રારંભિક સાધક પ્રભુગુણનું દર્શન કરી જ્ઞાન, ક્ષમા આદિ ગુણોનું અનુભવન કરશે. આગળ ગયા પછી એ સાધક અમલ, અખંડ, અલિપ્ત સ્વરૂપની અનુભૂતિ કરશે.[૧]

અમલ છે સ્વરૂપ પોતાનું. રાગ-દ્વેષના મેલ વગરનું. સાધક સાધનાની ધારામાં એ રીતે આગળ વધશે કે રાગ-દ્વેષને ઉત્પન્ન કરનારા સામાન્ય નિમિત્તો એને કશી અસર નહિ કરી શકે.

જોકે, સાધકને ખ્યાલ છે કે નિમિત્તો રાગ-દ્વેષને ઉત્પન્ન કરતા નથી. પોતાના ઉપાદાનની અશુદ્ધિ જ તે કામ કરે છે. પણ સત્તામાં પડેલ રાગ-દ્વેષ ઉદયમાં તો આવે જ. સાધકની સાવધાની એ હશે કે એ સમયે એ પોતાની ચેતનાને ઉદયાનુગત નહિ પણ સ્વસત્તાનુગત બનાવશે. ઉદય ભોગવાઈને નિર્જરી જશે. નવો કર્મબંધ એ ક્ષણોમાં થશે નહિ.

રાગ વગેરેની ઉદયની ક્ષણોમાં કે એમને એમ સાધક પોતાની સત્તાને સ્વસત્તાનુગત કરશે. અને અમલ સ્વરૂપની આંશિક અનુભૂતિ કરશે.

• • •

અખંડ છે સ્વરૂપ પોતાનું. અનંત ગુણોથી યુક્ત આ આત્મદ્રવ્ય...

સાધકના અખંડ ઉપયોગને વિકલ્પો ખંડિત કરશે. પણ જો સાધક

---

(૧) મોહાદિકની ઘૂમી અનાદિની ઊતરે હો લાલ, અમલ અખંડ અલિપ્ત સ્વભાવ જ સાંભરે હો લાલ...
— પૂ. દેવચન્દ્રજી મહારાજ
શ્રી સુવિધિજિન સ્તવન

વિકલ્પોમાં ભળશે નહિ; ઊઠતા વિકલ્પોને પણ જોયા કરશે; તો તે આંશિક અખંડ દશાની અનુભૂતિ કરશે.

• • •

અલિપ્ત સ્વરૂપ છે આત્મદ્રવ્યનું. કર્મો એ સ્વરૂપને લેપી શકતા નથી. સાધક એ ભાવદશામાં હોય, જ્યાં એને લાગે કે કર્મો જડ છે. પોતે ચૈતન્યસભર છે. કર્મો એને જકડી ન શકે. 'જ્ઞાનસાર' યાદ આવે : 'अलिप्तो निश्चयेनात्मा...'

કેટલો તો આનંદ છે ભીતર ! અઢળક, અઢળક.

• • •

આ પૃષ્ઠભૂ પર કડીને મમળાવીએ: 'અર્થ ત્રિલિંગી પદ લહે, સો નહિ આતમરૂપ; તો પદ કરી ક્યું પાઈએ, અનુભવગમ્ય સ્વરૂપ...' આત્માના રૂપને શબ્દોથી પામી શકાય ખરું ? વ્યાકરણ તો શબ્દનું લિંગ કરશે ને અર્થ આપશે; પણ એથી ભીતરની સુગંધ મળશે ?

એ પદ, એ શબ્દ અનુભવગમ્ય સ્વરૂપની ઝલક શી રીતે આપી શકે ? આત્મા શબ્દની વ્યાખ્યા આ રીતે અપાઈ છે : अतति तांस्तान् पर्यायान् इति आत्मा... તે તે પર્યાયોમાં ફરે તે આત્મા. અનુભવની દુનિયામાં તમે જાવ ત્યારે તમે અનુભવી શકો કે પર્યાયો બદલાયા કરે છે; પણ એ બદલાહટની અંદર નોંધ પણ લેવાતી નથી. આનંદની અજસ્ર ધારા ત્યાં નિરંતર રેલાયા કરે છે. પર્યાયોની દેખીતી બદલાહટને બદલે શાશ્વતી જોડેનું મિલન ત્યાં અનુભવાયા કરે.

મઝાના શબ્દો પૂ. આનન્દઘનજી મહારાજના યાદ આવે :

અનુભવ ગોચર વસ્તુનો રે, જાણવો એહિ ઈલાજ;

કહન સુનનકો કછુ નહિ પ્યારે, આનન્દઘન મહારાજ.

શું કહી શકાય એના વિષે ? માત્ર અનુભવી શકાય એને. 'તો પદ કરી ક્યું પાઈએ, અનુભવગમ્ય સ્વરૂપ...'

■

## ૪૪

## આધાર સૂત્ર

*દિશિ દાખી[1] નવિ ડગ ભરે,*
*નય પ્રમાણ પદ કોડિ;*
*સંગ ચલે શિવપુર લગે,*
*અનુભવ આતમ જોડિ...(૪૪)[2]*

નયશાસ્ત્ર અને પ્રમાણશાસ્ત્રનાં કરોડો પદો જોવા માત્રથી આત્મસ્વરૂપ તરફ એક ડગલું પણ આગળ વધી શકાતું નથી.

આત્માનુભૂતિ જ મોક્ષ સુધી સાથે આવે છે.

૧. દેખી, B
૨. તો ધામ નવિ ડગ ભરે, નય પ્રમાણ પદ કોઈ;
સંગ ચલે શિવપુર લગે, અનુભવ આતમ જોઈ. A

# ૪૪

## નિર્વિકલ્પ અનુભવ

વિકલ્પોની બાબતમાં એક સરલ સવાલ થઈ શકે : વિકલ્પો નવ્વાણું ટકા નકામા કે સોએ સો ટકા નકામા ? આત્માનુભૂતિ નથી થઈ, પણ વિકલ્પાનુભૂતિ થઈ છે ? વિકલ્પો નકામા છે એવો અનુભવ નિર્વિકલ્પ બનવા માટે આધારશિલા બની શકે.

મઝાની ઝેન કથા છે.

બે ભિક્ષુઓ જઈ રહ્યા છે. એક ભિક્ષુની નજર મંદિરની ધજા પર ગઈ. ધજા ચાલતી હતી. એણે જોયું, વિકલ્પરૂપે એ વાત એના મનમાં આવી અને હવે એ વાત શબ્દરૂપે બહાર આવે છે. સાથી ભિક્ષુને એમણે કહ્યું : ધજા ચાલે છે.

બીજા ભિક્ષુના મનમાં આ વિકલ્પ સામે બીજો વિકલ્પ ઊઠ્યો. જે એમણે શબ્દોમાં મૂક્યો : ધજા ક્યાં ચાલે છે ? હવા ચાલે છે.

કોઈ અર્થ ખરો આ વિકલ્પોનો ? ધજા ચાલે કે હવા ચાલે; શો ફરક પડે છે ?

બેઉ ભિક્ષુઓને ખ્યાલ નહોતો પણ ગુરુ તેમની પાછળ આવતા હતા. તેમણે કહ્યું : નથી તો ધજા ચાલતી, નથી તો હવા ચાલતી; ચાલે છે તમારા બેઉનું મન.

• • •

આત્માનુભૂતિ છે નિર્વિકલ્પા.

વિકલ્પોથી શું થશે ?

ઝેન કથા યાદ આવે : ભિક્ષુ નાનસેનને શિષ્યે પૂછ્યું : આકાશમાં દેદીપ્યમાન હીરો છે. શી રીતે એને પમાય ? નાનસેન કહે છે : વાંસની નિસરણી બનાવ. આકાશમાં એને માંડ. અને હીરાને પામ.

શિષ્ય પૂછે છે : આકાશમાં નિસરણી કેમ લગાવી શકાય ? ગુરુ કહે છે : તું હીરાને મેળવશે એમાં તું શંકા કેમ કરી શકે ?

ગુરુ એમ કહેવા માગતા હતા કે જો આત્માનુભૂતિ એ હીરો છે, અને એ અંદર જ છે; તો એને પામવા માટે બહિરાકાશમાં નિસરણી ક્યાં લગાવવાની છે ?

આ પૃષ્ઠભૂ પર કડીને જોઈએ :

દિશિ દાખી નવિ ડગ ભરે,<br>
નય પ્રમાણ પદ કોડિ;<br>
સંગ ચલે શિવપુર લગે,<br>
અનુભવ આતમ જોડિ...

નયને વર્ણવતાં કે પ્રમાણને વર્ણવતાં શાસ્ત્રોનાં કરોડો પદો પણ તમને આત્માનુભૂતિની દિશામાં એકાદ ડગ પણ નહિ ભરાવી શકે... હા, 'सूचनात् शास्त्रम्' એ ન્યાયે શાસ્ત્રો આત્માનુભૂતિની દિશાને સૂચવી શકે, ઈંગિત કરી શકે; પણ એ સાથે ચાલશે નહિ. મોક્ષ તરફ સાથે ચાલશે માત્ર અનુભવ.

• • •

'સંગ ચલે શિવપુર લગે...' મોક્ષ એટલે સંપૂર્ણ સ્વાનુભૂતિ. અત્યારે થશે- આંશિક આત્માનુભૂતિ. આ આત્માનુભૂતિ આગળ ને આગળ વધતી જશે...

■

## ૪૫

## આધાર સૂત્ર

*આતમગુણ અનુભવતભી,*
*દેહાદિકથેં ભિન્ન;*
*ભૂંલે[1] વિભ્રમ-વાસના,*
*જોરે [2]ફિરે ફિરે ખિન્ન...(૪૫)*

આત્માના ગુણોનો અનુભવ થાય પણ છે. દેહાદિકથી હું ન્યારો છું આવું સંવેદાય પણ છે. છતાં, પ્રારંભિક સાધક અનાદિની ભ્રમ-વાસનાની લપેટમાં આવી પણ જાય છે.

૧. ભૂલી, B - F   ૨. ફરિ ફિર, A   ફિરે ખિન્ન ખિન્ન, B - F - D

# ૪૫

## પ્રશંસાના વર્તુળની બહાર

મુઈન એહસાન નઝમીની એક ગઝલ છે:

મારી આંખોને હજુ સુધી

તેમાંથી મૈત્રી વરસતી હોવાનો વહેમ છે,

મારા હોઠોને હજુ સુધી

સચ્ચાઈનો વહેમ છે,

મારા મસ્તક પર હજુ સુધી

સમર્પિતતાનો વહેમ છે,

આવા વહેમોમાંથી જરા પોતાને કાઢું,

તો ચાલું...

• • •

ચાલવું છે, કહો કે દોડવું છે, પ્રભુના પ્યારા માર્ગ પર. ગુરુદેવના માર્ગદર્શન પૂર્વક. પણ એ માટે જોઈશે શુદ્ધ, સરળ હૃદય.

કેટલી તો અશુદ્ધિઓ ભરી છે ભીતર ! બીજાની નાની ભૂલ જોવાતાંની સાથે એ વ્યક્તિ પરના તિરસ્કારથી છલકાઈ ઊઠનારી મારી આ આંખો... પણ મને વહેમ છે કે મારી આંખોમાં મૈત્રીભાવ ભરેલો છે. કેવી આ ભ્રમણા ! કેવી આ જાત સાથેની ઠગાઈ !

પ્રભુ ! આ મારી આંખો અન્ય સામે મંડરાય જ છે કેમ ? આપના વિશ્વમોહન રૂપ તરફ મારી આંખોને સ્થિર કરી દો ને, પ્રભુ ! તમારા આ અદ્‌ભુત રૂપને જોઉં છું, હરખાઉં છું, પણ એ હર્ષાશ્રુ જે આંખોમાં પ્રગટ્યાં હોય તે જ આંખોમાં તિરસ્કારની ચિનગારી કેમ પ્રગટે ?

શું એ મારા હર્ષાશ્રુ સાચાં નહોતાં, પ્રભુ ?

• • •

મારા આ હોઠ... સ્વપ્રશંસા માટે રાતદિવસ તત્પર. શ્રોતા મળ્યો નથી કે 'હું કેવો છું'નું વાજિંત્ર શરૂ થયું નથી. મારા સદ્‌ગુણો (?)ને વર્ણવવાના

સન્દર્ભમાં અહીં રજનું ગજ થાય છે કે શૂન્યમાંથી પૂર્ણનો વૈભવ (?) પ્રગટે છે એની ખબર જ નથી પડતી. અને મારો વહેમ તો પાછો એવો કે આ હોઠોમાંથી બહાર આવે તે નકરી સચ્ચાઈ જ હોય !

પ્રભુ ! આ આપબડાઈ વર્ણવવાનો થાક મને ન આપો ? જોકે, તમે તો બધું જ આપ્યું છે; પણ મેં તે ઝીલ્યું ક્યાં છે ? પ્રભુ ! આપના વરદાનને ઝીલવાનું બળ આપો ને !

• • •

મારું આ મસ્તક... જેમાં અહંકાર ઠાંસી ઠાંસીને ભરેલો છે. ઘણીવાર હસવું આવે : કઈ મૂડી પર મારું આ અભિમાન ! જેના પર મેં 'હું'નો આખો મહેલ રચી કાઢ્યો છે. ગંદું શરીર અને ગંદકીથી - રાગ, દ્વેષ, ઈર્ષાથી - ઊભરાતું મન; આ બેના પાયા પર મેં ખ્યાલોનો મહેલ ચણી નાખ્યો...

ચણી તો નાખ્યો, પણ... હવાનો જોરદાર ઝપાટો આવે તોય ડર લાગે કે આ મહેલ ઊથલી તો નહિ પડે ને ! માન્યું હતું કે પોતે સરસ બોલેલ છે. બધા પર સરસ અસર પડી હશે. એ ખ્યાલોના મહેલમાં ઝૂલવાનું શરૂ કર્યું હોય અને એક મિત્ર આવે ને કહે : આજે તમે શું બોલી ગયા ? વિષયનું માથું, પગ કંઈ જ ન મળે. ખાલી જાણે સમય પૂરો કરવા બોલતા હો તેમ બોલી ગયા. સાવ ફિક્કું, નીરસ ભાષણ... બીજા મિત્રે પણ આ વાતને ટેકો આપ્યો. પરિણામ ? પેલો મહેલ ભોંય-ભેગો !

મસ્તકમાં છે આવું અભિમાન. તોય મને વહેમ છે કે એમાં સમર્પિતતા ભરેલી છે !

• • •

તિરસ્કારથી ઊભરાતી આંખો, આપ બડાઈમાં મશગૂલ વાણી અને અભિમાનથી ભરેલું હૃદય... પ્રભુ ! તારા માર્ગ પર હું શી રીતે આવું ? ભક્તિયોગાચાર્ય માનવિજય મહારાજ એટલે જ પૂછે છેઃ 'ક્યું કર ભક્તિ કરું પ્રભુ ! તેરી ?' પ્રભુ ! હું તારી ભક્તિ શી રીતે કરું ?

હું તો કંઈ ન કરી શકું. પ્રભુ ! તું કંઈક કરે તો થાય. હું તારે શરણે છું.

યાદ આવે છે પેલા સંત. રોજ પ્રાર્થના વખતે તેઓ કહેતા : પ્રભુ ! મારા પેલા અપરાધને તું માફ કરજે !

એકવાર પટ્ટશિષ્યે પૂછ્યું : આપ કયા અપરાધ માટે માફી માંગો છો, તે હું જાણી શકું ? સંતે કહ્યું તે પટ્ટશિષ્યના જ નહિ, આપણાય હૃદયના તાર રણઝણાવી દે તેવું છે. બનેલું એવું કે પૂર્વાશ્રમમાં સંત ગૃહસ્થ રૂપે દુકાન ચલાવતા હતા. બપોરનો સમય. એક જણે કહ્યું : તમારે ઘરે આગ લાગી છે. દોડો ! દુકાનને ખુલ્લી મૂકી, બાજુના વેપારીને ભળાવી તેઓ દોડે છે ઘર ભણી. રસ્તામાં એક માણસ મળ્યો. તે આમને દોડતાં જોઈ સમજી ગયો ને તેણે કહ્યું : તમારા ઘર સુધી આગ પહોંચે એ પહેલાં આજુબાજુવાળાઓએ આગ બુઝાવી દીધી છે. તમારા પડોશીનું ઘર સળગી ગયું છે, પણ તમારું ઘર સુરક્ષિત છે. ચિન્તા ન કરશો.

વેપારી ખુશ થાય છે. જોકે, એની ખુશી એક જ મિનિટ ટકે છે. 'અરે, મારું ઘર બચી ગયું, પણ પડોશીનું ઘર બળી ગયું... ને એમાં હું ખુશ થયો ? કેટલો મોટો પ્રભુનો અપરાધ મેં કર્યો.'

વર્ષો વીતી ગયા આ ઘટનાને. સંત એ ઘટનાને ભૂલી શક્યા નથી. આ ઘટના પછી તેઓ સંન્યાસી બન્યા. અને રોજ પ્રભુને કહેતા : પ્રભુ ! મારા એ અપરાધને માફ કરજો !

કેવું કોમળ હૈયું !

પ્રભુ ! મને પણ આવું કોમળ હૃદય આપો ને !

• • •

મારી ભક્તિ : લડખડાતી. મારી સાધના : ખોડંગાતી. પ્રારંભિક સાધનાના આ તબક્કે મને તારા સહારાની, તારી હૂંફની કેટલી બધી જરૂર છે, પ્રભુ ?

ભક્તના હૃદયની ભીનાશની આ પૃષ્ઠભૂ પર કડી શરૂ થાય છે : 'આતમ ગુણ અનુભવતભી, દેહાદિકથેં ભિન્ન; ભૂલે વિભ્રમ-વાસના, જોરે ફિરે ફિરે ખિન્ન...' દેહભાવથી ઉપર ઉઠાયું હોય, આત્મગુણોની ઝાંખી ઝાંખી અનુભૂતિ થઈ હોય...તારા માર્ગ પર દોડવા ને પછી ઊડવા મન તલસતું હોય ત્યાં જ, મનનું એ વિમાન રન-વે પર જ તૂટી પડે.

અને કારણ પણ કેટલું નાનકડું હોય ? કોઈએ કહ્યું : વાહ ! તમારું ધ્યાન તો કહેવું પડે ! તમે તો એવી રીતે ધ્યાનમાં બેસો છો, દુનિયાથી બે-ખબર... થોડાક પ્રશંસાભર્યા શબ્દો, ને મન પથભ્રષ્ટ બની જાય.

'ભૂલે વિભ્રમ-વાસના, જોરે ફિરે ફિરે ખિન્ન...'

થોડાક પ્રશંસાના શબ્દો અને અનાદિનું વર્તુળ ચાલુ ! શો અર્થ આ પ્રશંસાનો હોઈ શકે ? નિર્ભેળ પ્રશંસા - લગભગ તો સામી વ્યક્તિના સ્વાર્થની ભેળસેળવાળી જ તે હોય છે - હોય તોય એમાં હું ભળું તો મારી સાધનાનો તો ખાતમો જ બોલાઈ જાય ને ! પણ આ બૌદ્ધિક વિભાવનાઓ બહાર રહી જાય છે અને પેલા પ્રશંસાના શબ્દો અનાદિના મોહના વર્તુળને ફેરવ્યા કરે છે.

એ વર્તુળમાં હું ફર્યા પણ કરીશ અને ખિન્ન રહ્યા કરીશ. 'ફિરે ખિન્ન.' કદાચ આ ખિન્નતાને જ મારી અત્યારની સાધનાની ઉપલબ્ધિ ગણાવી શકાય. અત્યાર સુધી આ મોહવર્તુળમાં લિજ્જતથી ફરતો હતો. હવે ખિન્ન થઈને ફરું છું.

■

## ૪૬

## આધાર સૂત્ર

*દેખે સો ચેતન નહિ,*
*ચેતન નાંહિ દેખાય;*
*રોષ તોષ કિનસું કરે,*
*આપ હિ આપ બુઝાય...(૪૬)*

તું જેને દેખે છે તે તો જડ શરીર કે જડ પદાર્થ છે; ચેતન આત્મા તને દેખાતો નથી; તો તું આ ગુસ્સો કોની જોડે કરે છે ? અને પ્રીત પણ કોની જોડે કરે છે ? તું જ તારી જાતને આ વાત સમજાવ.

[સો = તે]

# ૪૯

## 'આપ હિ આપ બુઝાય'

જિનિંગ ફેક્ટરીના વિશાળ કમ્પાઉન્ડમાં રૂનો મોટો ઢગલો પડેલો હતો. એક માણસ બાજુમાં બેસી બીડી પીવાની શરૂઆત કરે છે. ચોકિયાત એને અટકાવે છે : બાજુમાં જ રૂનો ઢગલો છે, એકાદ નાનકડો તણખો પણ એ બાજુ ઊડી જાય તો...

પેલા ભાઈ કહે : હું તો ચેઈન-સ્મોકર છું. રાત્રે પથારીમાં સૂતાં સૂતાંય બીડી પીતો હોઉં. ક્યારેય કશું થયું નથી. તમે ચિંતા ન રાખો. હું આ બાબતનો અનુભવી છું.

પરંતુ બનનારું બનીને જ રહ્યું. અચાનક હવાના ઝકોરે એક તણખો રૂના ઢગલામાં પડ્યો. રૂ ભડભડ સળગવા લાગ્યું. અપરાધી રંગેલા હાથે પકડાયો હતો. પોલીસે એને કોર્ટમાં હાજર કર્યો. મૅજિસ્ટ્રેટે જ્યારે તેને પૂછ્યું કે તારે તારા બચાવમાં કંઈ કહેવું છે ? ત્યારે એણે કહ્યું : નામદાર ! મારી ભૂલ છે એની ના નથી, પણ શું સંપૂર્ણતયા મારી જ ભૂલ છે ?

ન્યાયમૂર્તિએ કહ્યું : તું શું કહેવા માગે છે ? પેલો ભાઈ કહે : સાહેબ, સામે રૂ હતું માટે સળગ્યું, પણ જો પાણીનો હોજ હોત તો મારી દીવાસળી એને શું કરત ?

• • •

વાત વિચારપ્રેરક છે. ગુસ્સો પ્રબળ થઈ ઊઠે ત્યારે આપણને નિમિત્ત રૂપે સામાની દીવાસળી જેવી પ્રવૃત્તિ દેખાય છે. આપણો રૂનો ઢગલો દેખાય ખરો -?

એક ભાઈ મને કહે : સાહેબ, નિમિત્ત મળે તો જ મને ગુસ્સો આવે.. મેં પૂછ્યું : દરેક નિમિત્તોમાં ગુસ્સો આવે જ ? એમણે હા કહી ઉમેર્યું : એ મારી નિર્બળતા છે.

મેં એમને કહ્યું : ધારો કે તમારા દીકરાને નાનકડું ઑપરેશન કરાવવાનું હોય. તમે હૉસ્પિટલમાં ગયા. નિયત સમયે દીકરાને ઑપરેશન થિયેટરમાં લઈ જવાયો. એનેસ્થેસિયા અપાયો. ઑપરેશન થઈ ગયું. દીકરાને સ્પેશિયલ

રૂમમાં કર્મચારીઓ લઈ આવ્યા. દીકરાએ આંખો ખોલી. કહે : પપ્પા, તરસ લાગી છે. પાણી આપો.... તમને ખ્યાલ નથી કે અત્યારે એને પાણી આપી શકાય કે કેમ. તમે ડૉક્ટરની ચેમ્બરમાં જાવ છો. પૂછો છો : સાહેબ, દીકરાને હમણાં ઑપરેશન થિયેટરમાંથી રૂમમાં લવાયો છે. તેને પાણી પીવડાવાય કે નહિ. ડૉક્ટર તાડુકીને કહી દે : મને શું પૂછો છો ? પૂછો કોઈ નર્સને. પૂછો કોઈ જૂનિયર ડૉક્ટરને. હું તો મારા જૂનિયરો પેટ ચીરે પછી ઑપરેશન થિયેટરમાં જનારો. તમે મને પૂછવા આવ્યા છો ?

મેં પેલા ભાઈને પૂછ્યું : કદાચ આવું બને તો ડૉક્ટર સામે તમે કેટલા ગુસ્સે થાવ ?

એ કહે : મનમાં તો ગુસ્સો આવે. પણ બહાર થોડો કઢાય ? કારણ કે મારા દીકરાનું ભવિષ્ય એના હાથમાં છે ને !

મેં કહ્યું : એનો અર્થ એ થયો કે સ્વાર્થ આપણો દેખાતો હોય તો ક્રોધને અંકુશમાં રાખી શકાય.

તેઓ મારી વાત જોડે સંમત થયા.

મેં વાતના તંતુને આગળ વિસ્તાર્યો. મેં કહ્યું : અહીંના થોડાક સ્વાર્થ માટે જો ક્રોધને નિયંત્રિત કરી શકાય તો પરલોકમાં દુર્ગતિ ન થાય એ માટે ક્રોધ પર કાબૂ મેળવી શકાય કે નહિ ?

તેમણે કહ્યું : આપની વાત વિચારવા જેવી છે.

• • •

યાદ આવે પરમપાવન શ્રી આચારાંગજીનું એક સૂત્ર : एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु णिरए... આ ક્રોધ વગેરે જ ગાંઠ છે, એ જ અજ્ઞાન છે, એ જ મૃત્યુ છે અને એ જ નરક છે.

આ સૂત્રને વાંચતાં પ્રભુની કરુણા મને કઈ રીતે સ્પર્શેલી તેની વાત કરું. હું ભાવવિભોર બનેલો આ સૂત્ર વાંચતાં. એ ભાવવિભોર દશામાં એક રૂપક સ્મરી આવ્યું : ગામડું ગામ. માતાને પાણી ભરવા કૂવે જવું છે. ઘરમાં નાનું બાળ છે, ભાંખોડિયાં ભરતું. એને રમકડાં વગેરે આપી મા પાણી ભરવા ગઈ. જ્યારે ડેલી ખોલીને ઘરમાં પગ મૂકે છે ત્યાં જ એ ચોંકી ઊઠે છે. રસોડામાં ચૂલો સળગી રહ્યો છે. એના પ્રકાશથી બાળકની ભોળી આંખોમાં કુતૂહલ પ્રગટ્યું. એ ચૂલા તરફ ભાંખોડિયાં ભરતું સરકી રહ્યું છે...

મા પાણીના ઘડાને ફેંકીને સીધી બાળક પાસે આવે છે, ચૂલાની બિલકુલ નજીક પહોંચી ગયેલ બાળકના હાથને પકડી એને પોતાની બાજુ ખેંચી લે છે. એના મુખમાંથી શબ્દો નીકળે છે : નહિ, મારા લાલ ! તારે ત્યાં જવાનું નથી...

આ જ લયમાં પ્રભુના આ પ્યારા શબ્દો મને સંભળાયેલા. વિભાવમાં જવાની ક્ષણ આવી હોય અને આ સૂત્ર યાદ આવી જાય તો... ! એ પ્યારી શબ્દમાતા, પ્રભુમાતા આ બાળકને દુર્ગતિની આગમાં પડતી બચાવી લે.

• • •

તિબેટની એક લોકકથા છે.

એક સૈનિક જંગલમાં થઈને આગળ વધી રહ્યો છે. જંગલમાં જ ધર્મગુરુનો આશ્રમ આવતો'તો. સૈનિકને થયું : ચાલો, ગુરુજીને પ્રણામ કરતો જાઉં...

ગયો. એના સદ્‌ભાગ્યે ગુરુ એકલા જ બેઠેલા હતા. સૈનિકને થયું કે પોતાને એક પ્રશ્ન મૂંઝવી રહ્યો છે એ ગુરુજીને અત્યારે પૂછી લે.

તેણે પૂછ્યું : ગુરુજી, નરક એટલે શું ? સ્વર્ગ એટલે શું ?

ગુરુ પ્રૅક્ટિકલ ઍપ્રોચવાળા હતા. બહુ જ ઓછા શબ્દો. પ્રાયોગિક આયામ વડે ઉત્તર આપી દેવાનો. તેમણે સૈનિકને પૂછ્યું : ભાઈ, તું કોણ છે ? 'હું સૈનિક છું.' ગુરુ કહે : તું અને સૈનિક ? શસ્ત્ર ચલાવતાં તો આવડતું નથી... તું સૈનિક ? તારો સેનાધિપતિ પણ કેવો કહેવાય કે તારા જેવા માણસને સૈનિક તરીકે રાખેલ છે ?

સૈનિકે તલવારને મ્યાનમાંથી બહાર કાઢી અને કહ્યું : પેલો લાકડાનો જાડો થાંભલો છે એને એક જ ઘાએ કાપી નાખું ? ચહેરા પર ગુસ્સો હતો. શરીર ધ્રૂજતું હતું. ગુરુ કહે : બસ, આ જ તો નરક !

સૈનિક સમજ્યો કે ગુરુ તો પોતાને સમજાવી રહ્યા છે. એ શાંત બન્યો. તલવારને મ્યાન કરી ગુરુનાં ચરણોમાં પડ્યો. એના ચહેરા પરની શાંતિ, એની વિનમ્રતા જોઈ ગુરુએ કહ્યું : આ જ તો સ્વર્ગ !

કારણને ગુરુએ કાર્ય તરીકે કહ્યું. ક્રોધ એ નરકનું કારણ. શાંતિ, વિનમ્રતા એ સ્વર્ગનું કારણ.

• • •

ક્રોધ...

એનું કારણ શું ?

આપણા ઉપાદાનની અશુદ્ધિ કે સામેથી આવેલું કોઈ નિમિત્ત ? આપણો પેટ્રોલપંપ ત્યાં ભડકા માટે જવાબદાર છે કે સામાવાળાની દીવાસળી ?

આપણે આપણા પેટ્રોલપંપની વાત ક્યારેય વિચારતા નથી હોતા. આપણને સામાવાળાનું નિમિત્ત જ મુખ્ય લાગશે.

સવાલ એ છે કે અહીં સામાને બદલવો સહેલું કે પોતાની જાતને બદલવી તે સહેલું ?

• • •

એથી પણ ઊંડો સવાલ એ છે કે અહીં સામી વ્યક્તિ કોણ છે ? જેને તમે તમારા શત્રુ તરીકે કલ્પો છો, તે છે કોણ ? ને એને સામી બાજુ મૂકનાર કોણ છે ? આ પૃષ્ઠભૂ પર કડી શરૂ થાય છે : 'દેખે સો ચેતન નહિ, ચેતન નાંહિ દેખાય; રોષ તોષ કિનસું કરે, આપ હિ આપ બુઝાય...'

સામી વ્યક્તિમાં શત્રુતાનો ભાવ નક્કી કરનાર કોણ છે ? 'દેખે સો ચેતન નહિ...' જે દેખે છે સામી વ્યક્તિને, શત્રુ તરીકે, એ કોણ છે ? એ ચેતન નથી. આત્મભાવમાં પ્રતિષ્ઠિત સાધક તે નથી જ. તે તો છે એક યંત્ર. એક માન્યતાનું વર્તુળ. પોતાની સામે આમ કરે, તેનો પ્રતિભાવ આ રીતે આપવો એવી એક વિભાવના પ્રમાણે કામ થઈ રહ્યું છે. સાધકની જાગૃતિ ખરેખર ત્યાં દેખાય છે ?

કો'કે તમને કડવા શબ્દો કહ્યા, તો એ કહેનાર પેલી વ્યક્તિ કે એના એ કૃત્યની પાછળ રહેલ તમારું કર્મ ? કર્મને જો ગુનેગાર ગણી શકાય તો પેલી વ્યક્તિ પર શત્રુતાનો ભાવ કઈ રીતે જન્મશે ? તમારા કર્મને કારણે પેલી સજ્જન વ્યક્તિને ગુસ્સો આવ્યો, એ અર્ધો કલાક બોલે; તમે એને ઠંડા પાણીનું ન પૂછી શકો ? તમારા કર્મના કારણે એના ગળાને શોષ પડ્યો હોય ને !

• • •

'દેખે સો ચેતન નહિ...' જે જુએ છે તે કોણ છે ? સાધકનું તો દેખવાનું પણ કેવું મઝાનું હશે ? એ વ્યક્તિને વ્યક્તિ રૂપે જોશે. પદાર્થને પદાર્થ રૂપે જોશે... અથવા તો દરેક વ્યક્તિમાં તે સિદ્ધત્વને જોશે.

અ-સાધક વ્યક્તિ જ મિત્રતા અને શત્રુતાના ખ્યાલો જન્માવશે, પદાર્થોમાં સારાપણા ને નરસાપણાના ખ્યાલો પેદા કરશે.

ક્યારેક મઝાની સ્થિતિ થતી હોય છે. એક વ્યક્તિ... તમને લાગે કે એના વિના તમે જીવી નહિ શકો. થોડાં વર્ષો પછી તમે એના માટે જ કદાચ કહો છો કે એનું નામ તમે મારી સામે ન લેતા !

વ્યક્તિ બદલાઈ કે દેખનાર બદલાયો ?

દેખનાર સાધક હોય તો જ દશ્ય વાસ્તવિક પૃષ્ઠભૂમાં જોઈ શકાશે. 'દેખે સો ચેતન નહિ, ચેતન નાંહિ દેખાય...' તમે જેને જુઓ છો - ક્રોધથી ધમધમી ઊઠેલ વ્યક્તિત્વને - તે કોણ છે ? જેને સામી વ્યક્તિ તરીકે તમે કલ્પો છો, એ તો કર્મના ઉદયથી ચાલતું એક પૂતળું છે. એ પણ ચેતન ક્યાં છે ?

જોનાર અચેતન. જોવાનો અચેતનને. હવે આ પૃષ્ઠભૂમિ પર રોષનો પણ શો અર્થ ? મિત્રતા પણ કેટલી ટકાઉ ?

તો શું કરવું ? બહુ જ મજાનું સૂત્ર છે : 'આપ હિ આપ બુઝાય...' પરમાં જવાનો જો કશો જ અર્થ નથી, તો પોતાની ભીતર પોતે ઊતરવું જોઈએ. પ્રસિદ્ધ બૌદ્ધ સૂત્ર 'અપ્પ દીપો ભવ...'નો કેટલો માર્મિક આ અનુવાદ !

'આપ હિ આપ બુઝાય...' ભીતર ઊતરશો ત્યારે નહિ રહેશે ક્યાંય શત્રુતાનો ભાવ. નહિ રહેશે ક્યાંય સ્વાર્થીય દષ્ટિકોણથી સર્જાયેલી રાગદશા. બધા ભેદો તો ઉપરની સપાટી પર છે.

■

## ૪૭
## આધાર સૂત્ર

*ત્યાગ-ગ્રહણ બાહિર કરે*
*મૂઢ, કુશલ અંતરંગ;*
*બાહિર-અંતર સિદ્ધકું,*
*નહિ ત્યાગ અરુ સંગ...(૪૭)*

મૂઢ પુરુષ બહારનું કંઈક છોડે છે, બહારનું કંઈક ગ્રહણ કરે છે. કુશલ સાધક આંતર સંપત્તિનું ગ્રહણ કરે છે. સિદ્ધને બાહ્ય કે આંતર પદાર્થનો ત્યાગ કે સંગ નથી હોતો.

[અરુ = અને]

# ૪૭

## સિદ્ધિ ભણી ઝૂકતી સાધના

એક સંન્યાસી એક ગામની બહાર ઊતરેલા. લોકો એમની પાસે ખાદ્યસામગ્રીઓનો થાળ લઈને આવતા. લોકોના આ આગમનથી કંટાળી એમણે કહ્યું : જેને મારા પર

પ્રીતિ હોય તે એક એક કાંકરો રોજ લઈને આવે. કાંકરાનો થઈ ગયો ઢગલો. સંન્યાસી તે ઢગ પર જઈને બેઠા. લોકોથી દૂરી થઈ ગઈ.

હવે લોકો ઉપદેશ માટે કહી રહ્યા છે. થોડી થોડી વારે લોકોનું આવવું અને ઉપદેશ માટે વિનવ્યા કરવું. તેનોય રસ્તો કાઢ્યો. કાંકરિયા બાબા કહેવા લાગ્યા : 'કર, કર, કર...' શો અર્થ આનો ? લોકોનું આવવાનું ઓછું થઈ ગયું.

સિદ્ધને અને સાધકને જનસંગથી દૂર રહેવું ગમે છે કારણ કે તેઓ હોય છે પરમચેતનાના સંપર્કમાં.

• • •

પરમચેતનાના સાંનિધ્યમાં રહેલા સદ્ગુરુ. તો, ગુરુના સાંનિધ્યમાં રહેવાનો અર્થ આપણા માટે દ્વિવિધ સાંનિધ્યમાં હોવાનો છે.

ગુરુના પવિત્ર શરીરમાંથી પણ ઝળકે છે તો 'એ' જ. એટલે, 'उवचिट्ठे गुरुं सया'ના ઉત્તરાધ્યયન સૂત્રનો અર્થ થાય ગુરુ દ્વારા પરમચેતનાનો સંપર્ક. ઝરૂખામાં ઊભા રહીને થયેલ અસીમ આકાશનો સ્પર્શ.

• • •

સિદ્ધ, સાધક અને અસાધક. ત્રણ સ્તર છે. આપણે ક્યાં આમાં ? સિદ્ધ તો નથી આપણે. સાધક છીએ આપણે ? તો, પરમસ્પર્શની ઘટનાની નજીક આપણે હોઈ શકીએ.

એક બહુ મઝાનો પેટાપ્રશ્ન થઈ શકે : સાધક હોઈએ આપણે, તો થોડા સમય માટેના સાધક છીએ કે પૂર્ણ સમયના ?

જેમ કે, મૈત્રીભાવની સાધનાની વાત કરીએ તો, દિવસમાં એવી કેટલી મિનિટો જતી હશે કે જેમાં એક વ્યક્તિ પર પણ આપણને તિરસ્કાર ન હોય.

સમભાવની સાધનાના સંદર્ભમાં, જડ પ્રત્યેની રાગદશા વિનાની ને ચેતના પ્રત્યે મૈત્રીભાવવાળી ક્ષણો કેટલી ?

આ એક પ્રાયોગિક સાધના છે. શરૂમાં તો ક્ષણક્ષણ માટે મથવું પડશે. નવકારવાળી ગણતી વખતે નિર્વિકલ્પ ભાવના અભ્યાસ વેળા થાય તેવું આમાં થશે. ત્યાં દસેક મણકા વિચાર વિનાના પસાર થયેલા લાગે. ને અગિયારમે મણકે કો'ક વિચાર આવીને વાત બગાડી નાખે. જોકે, વિચાર આવી ગયો છે એનો ખ્યાલ તો પંદર-વીસ મણકા પછી આવે ! હવે ? હવે ફરીથી એકડે એકથી કરો શરૂઆત. બને કે એકાદ કલાકે પણ આવી એકાદ માળા મળે કે ન મળે. પણ અભ્યાસ ચાલુ ને ચાલુ રહે તો સાધના સિદ્ધિમાં પલટાય.

• • •

એક મિનિટ, થોભો તો ! સાધનાની વાત પછી. આપણે અસાધક તો નથી ને ? અસાધકની વ્યાખ્યા આ છે : 'ત્યાગ-ગ્રહણ બાહિર કરે મૂઢ...' અસાધકના છોડવામાં ને પકડવામાં પદાર્થો જ હશે. એવું નહિ હોય કે સાધનાને અનુપયોગી હોય તેને એ છોડી દે અને સાધનાને ઉપયોગી હોય તેને એ પકડે. સાધક જુદી રીતે આ વાતને જોશે : માત્ર સાધનાના જ સંદર્ભમાં. આહારની જ વાત લ્યો તો સાધક એ જોશે કે શું ખાવાથી પોતાની સાધના સારી રીતે ચાલે. શરીરને પોષણ મળે પણ નિદ્રા વગેરે વધુ ન આવે તેવો ખોરાક તે લેશે.

વિપશ્યનાના સાધકને સવારે દૂધ, પૌંઆ અપાતા હોય છે નાસ્તામાં. બપોરે ઓછી ચોપડેલી રોટલી, દાળ, શાક અપાતા હોય છે. સાયંભોજન

સામાન્ય. કારણ કે સાંજે ખાધેલું હોય તે મળસ્કે ઊઠો ત્યારે એના અંશો પચ્યા ન હોય, તેથી ધ્યાન બરોબર ન થઈ શકે.

• • •

શિક્ષકે પૂછ્યું : હિમાલયની ઊંચાઈ કેટલી ?

વિદ્યાર્થી : ત્રણ ઇંચ.

શિક્ષક નવાઈમાં ડૂબ્યા. 'હિમાલયની ઊંચાઈની તું વાત કરે છે ?' 'હા, જી.' 'મેં પોતે માપેલ છે.'

હવે તો ઓર આશ્ચર્યની વાત થઈ. 'શી રીતે ?' 'મારે ત્યાં પુસ્તક છે. મેં ફૂટપટ્ટીથી તેમાં આપેલ હિમાલયના ચિત્રને માપેલ છે.'

સાધનાની વાત ચાલશે ત્યારે આપણે કઈ સાધનાને સમજીશું ? આખરે, આપણા દ્વારા આચરાતી સાધનાને પૂજ્યપાદ હરિભદ્રાચાર્ય જેવા સાધનામનીષીની વિભાવનાથી જ જોઈશું ને ?

'યોગવિંશિકા'માં પ્રણિધાનાદિ પાંચ તત્ત્વોને ભાવ સ્વરૂપ કહેવાયા છે. ને એ પ્રણિધાનાદિ વિનાની ક્રિયાને દ્રવ્યક્રિયા કહેવાઈ છે.

પ્રણિધાનની બહુ સરસ વ્યાખ્યા યોગવિંશિકા ટીકામાં (ષોડશક ગ્રંથને આધારે) અપાઈ : 'हीनगुणद्वेषाभाव-परोपकारवासनाविशिष्टः अधिकृत-धर्मस्थानस्य कर्तव्यतोपयोगः....'

હારિભદ્ર વ્યાખ્યાઓની વેધકતા સાધનાના હાર્દને સ્પર્શવામાં રહેલી છે. અધિકૃત ધર્મસ્થાન/ગુણસ્થાનને પામવામાં ઉપયોગ રાખવો એ પ્રણિધાન આટલી વ્યાખ્યા, એક સંદર્ભમાં, બરોબર જ કહેવાતે. પણ હીનગુણદ્વેષાભાવ

અને પરોપકારવાસના વિશિષ્ટતાને આ વ્યાખ્યામાં ઉમેરીએ નહિ ત્યાં સુધી તેમાં ઊંડાણ શી રીતે મળત ?

કોઈપણ સાધનામાં ઊંડાણ લાવતાં સાધકને બે તત્ત્વો અવરોધી શકે છે : પોતાનાથી નિમ્નકોટિના કહેવાતા સાધકો પર તિરસ્કાર અને સ્વાર્થવૃત્તિ. આ બે દૂર થતાં જ સાધકની સાધના ગન્તવ્ય સ્થાન ભણી દોટ મૂકે છે.

• • •

ક્ષમા આદિ કોઈ ચોક્કસ ગુણની પ્રાપ્તિ માટે સાધક મથી રહેલ હોય ત્યારે તે ક્ષમા આદિ ગુણની પ્રાપ્તિ અંગેના વિવિધ આયામો પ્રતિ સભાન હોય છે.

દર્દી જેમ નિષ્ણાત ડૉક્ટર મળે ત્યારે પોતાના રોગની મુક્તિ માટેના ઉપાયો વિશે પૂછ્યા જ કરે, તેમ સાધક તજ્જ્ઞોને પોતાના ગુણો વિશે પૂછ્યા જ કરે. ને એમાં કોઈ ક્ષમાશ્રેષ્ઠ મુનિપ્રવર મળી જાય ત્યારે તો સાધક તેમનાં ચરણોમાં બેસી જ જાય. અને આપે આ ગુણને શી રીતે પુષ્ટ કર્યો તે પૂછ્યા જ કરે.

સમરાદિત્ય મહાકથા વાંચતાં તો અશ્રુપ્રવાહ ખાળ્યો ન ખળાય. ક્રોધ ઊઠે તેવાં નિમિત્તોની વચ્ચે એ મહાકથાના નાયકે પોતાના ક્ષમાદીપને કઈ રીતે પ્રોજ્જ્વલ રાખેલો !

એક રોમહર્ષક પ્રસંગ એ મહાકથાનો. મુનિરાજ કાયોત્સર્ગ ધ્યાને ઊભા છે. એક સ્ત્રી ત્યાં આવે છે. મુનિરાજને જોતાં જ જન્માન્તરીય વૈરની ધારા ઊભરી આવે છે. જંગલમાંથી એ બાઈ લાકડાં લાવી મુનિરાજની આસપાસ મૂકે છે. સળગાવે છે. આગમાં ઝૂલસી રહી છે મુનિરાજની કાયા. એ વખતે

વિચારે છે મુનિરાજ : મારી આ કાયા અત્યારે અગ્નિકાયના જીવોની અને અન્ય ઊડતા, પડી રહેલા જીવોની વિરાધનાનું કેન્દ્ર બની રહી છે.

આગ શરીરને સળગાવી રહી હોય ત્યારે આ વિચાર...

ક્ષમાભાવની કેટલી તીવ્રતા !

• • •

અસાધક પદાર્થોને છોડશે અને પકડશે. તેની યાત્રા બહાર જ બહાર છે.

સાધકની યાત્રા કેવી છે ? 'કુશલ અન્તરંગ.' સાધક સાધનાને પુષ્ટ કરવા મથે છે અને વિભાવને / અસાધનાને દૂર કરવા મથતો હોય છે. એની યાત્રા સૂક્ષ્મ યાત્રા છે. વિભાવ જેનાથી પણ પુષ્ટ થતો હોય, તેવા કારણને તે ટાળી દેશે. રાગ પીડતો હોય તો રાગને અને દ્વેષ પીડતો હોય તો દ્વેષને દૂર કરવા તે કોશિશ કરશે.

• • •

યોગસિદ્ધને તો ના કશું છોડવાનું છે. ન કંઈ ગ્રહણ કરવાનું છે. છોડવાનું છૂટી ગયું. જેમ કે, નિર્મોહની સાધનાના સંદર્ભે વિચારીએ તો, બારમે ગુણસ્થાનકે કે તેરમે ગુણસ્થાનકે રહેલ મહાત્માને શું છોડવાનું રહ્યું ? પરમ ઉદાસીનભાવની સ્થિતિ રહ્યા કરવાની છે. એટલે છટ્ઠે કે સાતમે ગુણસ્થાનકે જે ઉદાસીનભાવ છે, એ એમને પકડવાનો નથી... મોહ એમને છોડવાનો નથી.

પરમ મુનિત્વની દશામાં સંગ કોનો, ત્યાગ કોનો ? 'બાહિર-અંતર સિદ્ધ-કું, નહિ ત્યાગ અરુ સંગ...'

■

## સમાધિ શતક

ભાગ-૧ : કડી ૧ થી ૨૦

ભાગ-૨ : કડી ૨૧ થી ૪૭

ભાગ-૩ : કડી ૪૮ થી ૭૬

ભાગ-૪ : કડી ૭૭ થી ૧૦૪

# આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાન મંદિર ગ્રંથાવલી

## પ્રભુવાણી પ્રસાર સ્થંભ (યોજના-૧,૧૧,૧૧૧)

૧. શ્રી સમસ્ત વાવ પથક શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ-ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા-સ્મૃતિ
૨. શેઠશ્રી ચંદુલાલ કકલચંદ પરીખ પરિવાર, વાવ
૩. શ્રી સિદ્ધગિરિ ચાતુર્માસ આરાધના (સં. ૨૦૫૭) દરમ્યાન થયેલ જ્ઞાનખાતાની આવકમાંથી.
હસ્તે : શેઠશ્રી ધુડાલાલ પુનમચંદભાઈ હેક્કડ પરિવાર, ડીસા, બનાસકાંઠા
૪. શ્રી ધર્મોત્તેજક પાઠશાળા, શ્રી ઝીંઝુવાડા જૈન સંઘ, ઝીંઝુવાડા
૫. શ્રી સુઈગામ જૈન સંઘ, સુઈગામ
૬. શ્રી વાંકડિયા વડગામ જૈન સંઘ, વાંકડિયા વડગામ
૭. શ્રી ગરાંબડી જૈન સંઘ, ગરાંબડી
૮. શ્રી રાંદેરરોડ જૈન સંઘ-અડાજણ પાટીયા, રાંદેરરોડ, સુરત
૯. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ પાર્લા (ઈસ્ટ), મુંબઈ
૧૦. શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ, કતારગામ, સુરત
૧૧. શ્રી કૈલાસનગર જૈન સંઘ, કૈલાસનગર, સુરત
૧૨. શ્રી ઉચોસણ જૈન સંઘ,
સમુબા શ્રાવિકા આરાધના ભવન, સુરત જ્ઞાનખાતેથી
૧૩. શ્રી વાવ પથક જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, અમદાવાદ
૧૪. શ્રી વાવ જૈન સંઘ, વાવ, બનાસકાંઠા
૧૫. કુ. નેહલબેન કુમુદભાઈ (કટોસણ રોડ)ની દીક્ષા પ્રસંગે થયેલ આવકમાંથી
૧૬. શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી
૧૭. શ્રી ભીલડીયાજી પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી, ભીલડીયાજી
૧૮. શ્રી નવજીવન જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, મુંબઈ

## પ્રભુવાણી પ્રસારક (યોજના-૬૧,૧૧૧)

૧. શ્રી દિપા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, રાંદેરરોડ, સુરત
૨. શ્રી સીમંધરસ્વામી મહિલા મંડળ, પ્રતિષ્ઠા કોમ્પલેક્ષ, સુરત
૩. શ્રી શ્રેણીકપાર્ક જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ન્યૂ રાંદેરરોડ, સુરત
૪. શ્રી પુણ્યપાવન જૈન સંઘ, ઈશિતા પાર્ક, સુરત
૫. શ્રી શ્રેયસ્કર આદિનાથ જૈન સંઘ, નીઝામપુરા, વડોદરા

## પ્રભુવાણી પ્રસાર અનુમોદક (યોજના - ૩૧,૧૧૧)

૧. શ્રી મોરવાડા જૈન સંઘ, મોરવાડા
૨. શ્રી ઉમરા જૈન સંઘ, સુરત

૩. શ્રી શત્રુંજય ટાવર જૈન સંઘ, સુરત
૪. શ્રી ચૌમુખજી પાર્શ્વનાથ જૈન મંદિર ટ્રસ્ટ
શ્રી જૈન શ્વેતાંબર તપાગચ્છ સંઘ ગઢસિવાના (રાજ.)
૫. શ્રીમતી તારાબેન ગગલદાસ વડેચા-ઉચોસણ
૬. શ્રી સુખસાગર અને મલ્હાર એપાર્ટમેન્ટ સુરતની શ્રાવિકાઓ તરફથી
૭. રવિજ્યોત એપાર્ટમેન્ટ, સુરતની શ્રાવિકાઓ તરફથી
૮. અઠવાલાઈન્સ જૈન સંઘ, પાંડવબંગલો, સુરત શ્રાવિકાઓ તરફથી
૯. શ્રી આદિનાથ તપાગચ્છ શ્વે.મૂર્તિપૂજક જૈન સંઘ, કતારગામ, સુરત
૧૦. શ્રીમતી વર્ષાબેન કર્ણાવત, પાલનપુર
૧૧. શ્રી શાંતિનિકેતન સરદારનગર જૈન સંઘ, સુરત
૧૨. શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, ન્યુ રામારોડ, વડોદરા

## પ્રભુવાણી પ્રસાર ભક્ત (યોજના - ૧૫,૧૧૧)

૧. શ્રી દેસલપુર (કંઠી) શ્રી પાર્શ્વચંદ્રગચ્છ
૨. શ્રી ધ્રાંગધ્રા શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરગચ્છ
૩. શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ, સુરત શ્રાવિકા ઉપાશ્રય

## વાવ નગરે પૂજ્ય આચાર્ય ભગવંત ૐકારસૂરિ મહારાજાની ગુરૂ મૂર્તિ પ્રતિષ્ઠા સ્મૃતિ

| | | | |
|---|---|---|---|
| ૧. | રૂા. | ૨,૧૧,૧૧૧ | શ્રી વાવ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ |
| ૨. | રૂા. | ૧,૧૧,૧૧૧ | શ્રી વાવ પથક શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ |
| ૩. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી સુઈગામ જૈન સંઘ |
| ૪. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી બેણપ જૈન સંઘ |
| ૫. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી ઉચોસણ જૈન સંઘ |
| ૬. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી ભરડવા જૈન સંઘ |
| ૭. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી અસારા જૈન સંઘ |
| ૮. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી ગરાંબડી જૈન સંઘ |
| ૯. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી માડકા જૈન સંઘ |
| ૧૦. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી તીર્થગામ જૈન સંઘ |
| ૧૧. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી કોરડા જૈન સંઘ |
| ૧૨. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી ઢીમા જૈન સંઘ |
| ૧૩. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી માલસણ જૈન સંઘ |
| ૧૪. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી મોરવાડા જૈન સંઘ |
| ૧૫. | રૂા. | ૩૧,૦૦૦ | શ્રી વર્ધમાન શ્વે.મૂ.પૂ.જૈન સંઘ, કતારગામ દરવાજા, સુરત |
| ૧૬. | રૂા. | ૧૧,૧૧૧ | શ્રી વાસરડા જૈન સંઘ, સેવંતીલાલ મ. સંઘવી |

# પ.પૂ. આચાર્ય યશોવિજયસૂરિ મહારાજ દ્વારા લખાયેલ પુસ્તકો

- **દરિસન તરસીએ ..... ભા. ૧-૨ (દ્વિતીય આવૃત્તિ)**
  (ભાગવતી સાધનાની સસૂત્ર વ્યાખ્યા)
- **'બિછુરત જાયે પ્રાણ .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ સિદ્ધર્ષિ મહારાજ કૃત જિનસ્તવના પર સંવેદના)
- **'આતમજ્ઞાની શ્રમણ કહાવે .....'**
  (ઉત્તરાધ્યયન સૂત્રના ૧૫મા સભિક્ખુ અધ્યયન ઉપર સંવેદના)
- **'મેરે અવગુન ચિત્ત ન ધરો .....' (દ્વિતીય આવૃત્તિ)**
  (કુમારપાળ ભૂપાળ કૃત 'આત્મનિન્દા દ્વાત્રિંશિકા' પર સંવેદના)
- **ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે .....**
  (શ્રી આનંદઘનજી મહારાજની સ્તવનાઓ પર સંવેદના) (સ્તવન-૧ થી ૫)
- **પ્રભુનો પ્યારો સ્પર્શ**
  (પરમ પાવન શ્રી દશવૈકાલિક સૂત્ર (૧ થી ૪) પરની વાચનાઓ)
- **આત્માનુભૂતિ**
  (યોગપ્રદીપ, જ્ઞાનસાર આદિ ગ્રન્થો તથા પૂ. ચિદાનંદજી મહારાજનાં પદોમાં મળતાં સાધના-સૂત્રો પર વિશ્લેષણ)
- **અસ્તિત્વનું પરોઢ**
  (હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા પર સ્વાધ્યાય)
- **અનુભૂતિનું આકાશ**
  (પૂ. દેવચન્દ્રજી મહારાજની અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય પર અનુપ્રેક્ષા)
- **રોમે રોમે પરમસ્પર્શ**
  (દેવાધિદેવ પ્રભુ મહાવીરની સાડાબાર વરસની લોકોત્તર સાધનાની આંતર કથા)
- **પ્રભુના હસ્તાક્ષર**
  (પરમ પાવન ઉત્તરાધ્યયન સૂત્રનાં કેટલાંક સાધનાસૂત્રો પર સ્વાધ્યાય)
- **ધ્યાન અને કાયોત્સર્ગ (દ્વિતીય આવૃત્તિ)**
  (ધ્યાન અને કાયોત્સર્ગ વિશેનો શાસ્ત્રીય સન્દર્ભો સાથેનો સ્વાધ્યાય)
- **પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે**
  (નવપદ સાધના)
- **એકાન્તનો વૈભવ (તૃતીય આવૃત્તિ)**
  (સ્મરણ યાત્રા)
- **રસો વૈ સઃ (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત શ્રી અભિનન્દન જિનસ્તવના પર સ્વાધ્યાય)
- **સાધનાપથ (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત શ્રી સુવિધિનાથ જિનસ્તવના પર સ્વાધ્યાય)
- **પરમ ! તારા માર્ગે (દ્વિતીય આવૃત્તિ)**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત પ્રભુ મહાવીર સ્તવના પર સ્વાધ્યાય)
- **પ્રગટ્યો પૂરન રાગ**
  (પૂજ્યપાદ દેવચન્દ્રજી મહારાજ કૃત પ્રભુ નેમિનાથ સ્તવના પર સ્વાધ્યાય)

: નોંધ :






Kirit Graphics-09898490091